
અમદાવાદ

# એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-08
રાઘવ જુયાલે કારમાં શહેનાઝને ખોળામાં બેસાડી



પેજ-09
શ્રેયસ અય્યરની ભૂલ ટીમ ઈન્ડિયાને ભારે પડી

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 38.00 | 29.00 |
| વડોદરા | 36.00 | 29.00 |
| સુરત | 32.00 | 28.00 |

પેજ 5




ભારત બન્યું વિશ્વનું ૧૧મું સૌથી મોટું વિદેશી સીધા રોકાણ

11 JULY-2026 SATURDAY

ભારત-ઓસ્ટ્રેલિયા સંબંધથી વધશે ક્લિન એનર્જી



પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 77569.39 ▲ | 827.57 |
| નિફ્ટી | 24206.90 ▲ | 244.10 |
| સોનું | 143923.00 ▼ | 1377.00 |
| ચાંદી | 223102.00 ▼ | 3275.0 |


વર્ષ-15 । અંક-238 । વિક્રમ સંવત-2082 । જેઠ વદ - 12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### ચીફ જસ્ટિસની અધ્યક્ષતામાં ત્રણ જજોની બેંચ કરશે સુનાવણી

## રામ મંદિર દાન મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાશે

(એજન્સી) અયોધ્યા | તા.10

અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને મળેલા દાન અને ચઢાવામાં કથિત હેરાફેરી તથા ચોરીના ગંભીર આરોપો હવે દેશની સર્વોચ્ચ અદાલતમાં પહોંચ્યા છે. આ મામલે દાખલ કરવામાં આવેલી જનહિત અરજીઓ પર સુપ્રીમ કોર્ટે સુનાવણી માટે સંમતિ આપી દીધી છે. મામલાની સંવેદનશીલતા અને ગંભીરતાને જોતાં સુપ્રીમ કોર્ટે એક વિશેષ ત્રણ જજોની બેંચની રચના કરી છે.ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતામાં રચાયેલી આ વિશેષ પીઠમાં જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી.એસ. મોહનનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બેંચ આગામી સોમવાર, ૧૩ જુલાઈના રોજ આ મામલે સુનાવણી હાથ ધરશે. વકીલ અજય કુમાર રાય અને દિનેશ કુમાર યાદવ ઉપરાંત આરજેડી સાંસદ સુધાકર સિંહ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર આ બેંચ એકસાથે વિચારણા કરશે.અરજદારોએ સુપ્રીમ



કોર્ટમાં રજૂઆત કરી છે કે રામ મંદિરમાં મળતા દાન અને ઉચાપતના આરોપોની તપાસ પોલીસની સીધી દેખરેખ હેઠળ ન રહેતા, કોર્ટની નિરીક્ષણ હેઠળ થવી જોઈએ. જોકે ઉત્તર પ્રદેશ પોલીસ દ્વારા આ મામલે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે અને એસઆઈટી તપાસ પણ કરી રહી છે, છતાં અરજદારોનું માનવું છે કે કેસની પારદર્શિતા જાળવવા માટે સીબીઆઈના નેતૃત્વમાં એક સ્વતંત્ર એસઆઈટીની જરૂર છે. આ સાથે જ મંદિરના ટ્રસ્ટની નાણાકીય બાબતોનું ઓડિટ કરવા માટે કડક સિસ્ટમ બનાવવા પણ નિર્દેશ આપવાની માગ કરવામાં આવી છે.

સુનાવણી દરમિયાન અરજદારોએ એવી ખાસ વિનંતી કરી છે કે તપાસ પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી દાન સાથે જોડાયેલા તમામ પુરાવા સુરક્ષિત રાખવામાં આવે. જેમાં બેંક ખાતાની વિગતો, ઓડિટ રિપોર્ટ્સ, ડોનેશન રજિસ્ટર અને સીસીટીવી ફૂટેજ જેવી મહત્વની સામગ્રીનો સમાવેશ થાય છે. આ પ્રકારના પુરાવા નષ્ટ ન થાય અથવા તેની સાથે છેડછાડ ન થાય તે માટે સુપ્રીમ કોર્ટ વચગાળાના આદેશ આપે તેવી અરજદારોની અપેક્ષા છે.રામ મંદિર દેશની આસ્થાનું કેન્દ્ર છે, ત્યારે તેની આર્થિક પારદર્શિતા જાળવવી ટ્રસ્ટ અને સરકાર માટે અત્યંત મહત્વની જવાબદારી બની ગઈ છે. સુપ્રીમ કોર્ટની આ સુનાવણીથી આ આક્ષેપોમાં કેટલું તથ્ય છે અને ભવિષ્યમાં દાનની રકમને સુરક્ષિત રાખવા માટે કયા પ્રકારના સુધારા કરવામાં આવશે, તે સ્પષ્ટ થઈ શકશે. આ સમગ્ર મામલો અત્યારે કાયદાકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### વિજયે કહ્યું- કરુર ભગદોડ મારા જીવનનું સૌથી મોટું દર્દ:ભીડને સંભાળવામાં પોલીસ નિષ્ફળ રહી

(એજન્સી) ચેન્નઈ | તા.10

કરુરના એટલાસ ગ્રાઉન્ડમાં CM વિજયે ભાગદોડમાં જીવ ગુમાવનારા 41 લોકોના પરિવારજનોને સરકારી નોકરીના નિમણૂક પત્રો સોંપ્યા હતા.

તમિલનાડુના મુખ્યમંત્રી અને તમિલગા વેત્રી કડગમ (TVK) ના અધ્યક્ષ સી. જોસેફ વિજય ભાગદોડની ઘટના પછી પહેલીવાર કરૂર પહોંચ્યા. તેમણે કરૂરના એટલાસ ગ્રાઉન્ડમાં ભાગદોડમાં જીવ ગુમાવનારા 41 લોકોના પરિવારજનોને સરકારી નોકરીના નિમણૂક પત્રો સોંપ્યા હતા.

વિજયે જનસભામાં કહ્યું- 2025ની કરૂરની ઘટના મારા જીવનનું સૌથી મોટું દર્દ છે. તેમણે કહ્યું- પોલીસ ભીડને સંભાળવામાં નિષ્ફળ રહી પરંતુ તત્કાલીન DMK સરકારે લોકોના મૃત્યુ માટે મને જવાબદાર ઠેરવવાનો પ્રયાસ કર્યો.

કરુરમાં 27 સપ્ટેમ્બર 2025ના રોજ TVKની પ્રથમ ચૂંટણી રેલીમાં ભાગદોડ મચી ગઈ હતી. જેમાં 41 લોકોના મોત થયા હતા અને 100થી વધુ લોકો ઘાયલ થયા હતા.

### ઈથેનોલ મિશ્રણથી દેશને લાખો કરોડની વિદેશી હૂંડિયામણ બચત

## E85 ફ્યુઅલ બનશે સસ્તું, પેટ્રોલ કરતા ૨૦ રૂપિયા ઓછો ભાવ

(એજન્સી) નવી દિલ્હી | તા.10

દેશમાં ઈંધણ ક્ષેત્રે ક્રાંતિકારી ફેરફારો લાવવાની દિશામાં કેન્દ્ર સરકારે મહત્વનું પગલું ભર્યું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ આગામી સમયમાં રજૂ થનારા E85 ફ્યુઅલ (૮૫% ઈથેનોલ મિશ્રિત ઈંધણ) અંગે મહત્વના સંકેત આપ્યા છે. મંત્રીના જણાવ્યા અનુસાર, E85 ફ્યુઅલની કિંમત હાલના E20 પેટ્રોલ કરતા આશરે ૨૦ રૂપિયા પ્રતિ લીટર સસ્તી રહેશે, જે ગ્રાહકો માટે આર્થિક રાહત સમાન હશે.હાલમાં E20 ઈંધણના ઉપયોગને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે સરકારે E85 માટે નવી બ્લૂપ્રિન્ટ તૈયાર કરી છે. અંદાજિત કિંમત ૮૦ થી ૮૫ રૂપિયા પ્રતિ લીટરની આસપાસ રહેવાની શક્યતા છે. જોકે, સરકારનો આ લાંબા ગાળાનો



લક્ષ્યાંક છે. આ ઈંધણનો સૌથી મોટો પડકાર એ છે કે તે દરેક વાહન માટે ઉપલબ્ધ નહીં હોય. માત્ર ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિન (Flex-Fuel Compatible) ધરાવતા વાહનોમાં જ આ ઈંધણનો ઉપયોગ શક્ય બનશે. વાહન નિર્માતા કંપનીઓએ હવે નવા પ્રકારના એન્જિન બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.ઈથેનોલ મિશ્રણ કાર્યક્રમ ભારત માટે અત્યાર સુધી ઘણો સફળ રહ્યો છે. મંત્રાલય દ્વારા આપવામાં આવેલા આંકડા મુજબ, આ વ્યૂહનીતિના લીધે દેશે ૩૦૯.૯૮ લાખ મેટ્રિક ટન ક્રૂડ ઓઈલની આયાત ઘટાડી છે. આનાથી વિદેશી હૂંડિયામણ (ફોરેક્સ રિઝર્વ) ની કરોડો રૂપિયાની બચત થઈ છે. પર્યાવરણની દ્રષ્ટિએ પણ આ એક મોટી સિદ્ધિ છે; ઈથેનોલના ઉપયોગથી વાતાવરણમાં ૯૩૧.૫૦૨ લાખ મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઈડ (CO) નું ઉત્સર્જન ઓછું થયું છે, જે પ્રદૂષણ ઘટાડવામાં ખૂબ જ મદદરૂપ સાબિત થયું છે. સોશિયલ મીડિયા પર ઈથેનોલના કારણે એન્જિન બગડવાની અને માઈલેજ ઘટવાની વ્યાપક ચર્ચાઓ અને આક્ષેપો ચાલી રહ્યા છે. આ અંગે મંત્રી હરદીપ સિંહ પુરીએ સ્પષ્ટતા કરી છે કે આ માત્ર અફવાઓ છે.

### રામ મંદિર દાન ગણતરીમાં ૨૩ કર્મચારીઓના સામૂહિક રાજીનામા

(એજન્સી) અયોધ્યા | તા.10

અયોધ્યાના રામ મંદિરમાં દાન ચોરીના કથિત વિવાદ વચ્ચે હવે એક નવું વહીવટી સંકટ સર્જાયું છે. મંદિરમાં આવતા ચઢાવા અને દાનની ગણતરી કરતા ૨૩ કર્મચારીઓએ એકસાથે સામૂહિક રાજીનામાં આપી દીધા છે. આ ઘટનાને પગલે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) અને મંદિર સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ છે. ગુરુવારે સવારે માત્ર ૧૩ કર્મચારીઓ જ કામ પર હાજર રહેતા દાનની ગણતરીનું કામ ખોરવાઈ ગયું હતું.

કર્મચારીઓના સામૂહિક રાજીનામા પાછળ મુખ્ય બે કારણો જવાબદાર હોવાનું જણાય છે. પ્રથમ, કામના કલાકોમાં વધારો. અગાઉ ૬ કલાકની શિફ્ટ હતી, જે વધારીને ૯ કલાક (સવારે ૯ થી સાંજે ૬ વાગ્યા સુધી) કરી દેવામાં આવી હતી. બીજું, પગારમાં કરાયેલો ઘટાડો. પહેલા કર્મચારીઓને માસિક ૧૪,૭૫૫ રૂપિયા ફિક્સ પગાર મળતો હતો, જે ઘટાડીને કોઈને ૮,૦૦૦ તો કોઈને ૧૧,૦૦૦ રૂપિયા સુધી કરી દેવામાં આવ્યો હતો. આ ઉપરાંત, મળતી રજાઓમાં પણ કાપ મૂકવામાં આવતા કર્મચારીઓમાં ભારે રોષ હતો.

બુધવારે સાંજે તમામ કર્મચારીઓએ એકઠા થઈને એસબીઆઈની તુલસી ઉદ્યાન શાખાના અધિકારીઓ અને સૈનિક સિક્યોરિટીના સુપરવાઈઝર સમક્ષ પોતાની રજૂઆત કરી હતી. તેઓએ માંગ કરી હતી કે તેમના કામના કલાકો અને પગાર અગાઉ મુજબ રાખવામાં આવે. જોકે, અધિકારીઓ દ્વારા તેમની માંગણીઓ સ્વીકારવાનો ઈનકાર કરવામાં આવતા ૨૩ કર્મચારીઓએ હસ્તાક્ષર સાથેના પોતાના રાજીનામા સુપરત કરી દીધા હતા.આ પરિસ્થિતિમાં હવે નવી ભરતી પ્રક્રિયા શરૂ કરવાની જરૂરિયાત ઉભી થઈ છે. પરંતુ મંદિર ટ્રસ્ટ દ્વારા દાન ચોરીના તાજેતરના કેસને ધ્યાનમાં લેતા હવે કોઈ પણ કર્મચારીને પૂરતા પોલીસ વેરિફિકેશન વગર રાખવામાં આવશે નહીં. આ પ્રક્રિયામાં સમય લાગી શકે તેમ હોવાથી દાનની ગણતરીના કામમાં હજુ વધુ વિલંબ થવાની શક્યતા છે. બીજી તરફ, બેંકના અધિકારીઓનો દાવો છે કે કામના ભારણને જોતા આટલા સ્ટાફની હવે જરૂર નહોતી, તેથી જ તેમના પગાર કે વ્યવસ્થામાં ફેરફાર કરાયા હતા.આ સમગ્ર વિવાદની વચ્ચે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના કાર્યવાહક મહામંત્રી કૃષ્ણ મોહને ટ્રસ્ટના અધ્યક્ષ મહંત નૃત્ય ગોપાલ દાસ સાથે મણિરામ છાવણી ખાતે મુલાકાત કરી હતી.

## સરકારનો આદેશ- પહેલા વંદે માતરમ્ પછી જન-ગણ-મન થશે:બધા રાજ્યોને 5 મહિનામાં બીજી વાર નિર્દેશ

(એજન્સી) નવી દિલ્હી | તા.10

કેન્દ્ર સરકારે રાષ્ટ્રગાન જન-ગણ-મન અને રાષ્ટ્રગીત વંદે માતરમ્ અંગે તમામ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્રીય મંત્રાલયોને નવી સૂચનાઓ જારી કરી છે. મંત્રાલયે જણાવ્યું છે કે નિયમોમાં પહેલેથી જ નક્કી છે કે કયા કાર્યક્રમોમાં બંનેને ગાવા કે વગાડવા જરૂરી છે.

મંત્રાલયે જણાવ્યું કે જો બંનેની એકસાથે રજૂઆત થાય તો પહેલા વંદે અને પછી જન-ગણ-મન હશે. જે રાજ્યોમાં રાજ્ય ગીત પણ હોય છે, ત્યાં પણ નિર્ધારિત ક્રમનું પાલન કરવું પડશે. 9 જુલાઈએ તમામ રાજ્યો અને મંત્રાલયોને પત્ર મોકલવામાં આવ્યો હતો, જેની માહિતી શુક્રવારે સામે આવી છે.



તમામ રાજ્યોને નિર્દેશ આપવામાં આવ્યો છે કે રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીતના મૂળ શબ્દો, સાચા ઉચ્ચારણ અને નિર્ધારિત રજૂઆતનું સંપૂર્ણ પાલન થાય. બંનેનો અધિકૃત પાઠ અને સાચો ઉચ્ચારણ મંત્રાલયની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે, જેથી કોઈ ભૂલ ન થાય.આ ઝાંખીને મંત્રાલયો અને વિભાગોની કેટેગરીમાં શ્રેષ્ઠ ઝાંખીનો એવોર્ડ મળ્યો.

**28 જાન્યુઆરીના રોજ પહેલી વાર આદેશ આવ્યો :** આ પહેલા 28 જાન્યુઆરીએ પણ સરકારે તમામ રાજ્યોને આ જ આદેશ આપ્યો હતો. તે મુજબ, તમામ શાળાઓમાં દિવસની શરૂઆતમાં રાષ્ટ્રગીત વગાડવામાં આવશેવંદે માતરમના સમયે દરેક વ્યક્તિએ ઊભા રહેવું પડશે. રાષ્ટ્રગીતના તમામ 6 અંતરા ગવાશે. તેમનો કુલ સમયગાળો 3.10 મિનિટ છે. પહેલા બે અંતરા ગાવામાં આવતા હતાસિનેમા હોલને નવા નિયમોથી દૂર રાખવામાં આવ્યા છે. એટલે કે, સિનેમાઘરોમાં ફિલ્મ શરૂ થતા પહેલા વંદે માતરમ વગાડવું અને ઊભા રહેવું ફરજિયાત રહેશે નહીં.

**બંકિમચંદ્રએ 1875માં લખ્યું હતું, આનંદમઠમાં છપાયું હતું :** ભારતના રાષ્ટ્રગીત વંદે માતરમ્ ને બંકિમચંદ્ર ચેટર્જીએ 7 નવેમ્બર 1875ના રોજ અક્ષય નવમી પર લખ્યું હતું. તે 1882માં પ્રથમ વખત તેમની પત્રિકા બંગદર્શનમાં તેમની નવલકથા આનંદમઠના ભાગ રૂપે છપાયું હતું.1896માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશનમાં રવીન્દ્રનાથ ટાગોરે મંચ પર વંદે માતરમ્ ગાયું. આ પહેલો પ્રસંગ હતો જ્યારે આ ગીત સાર્વજનિક રૂપે રાષ્ટ્રીય સ્તરે ગવાયું હતું. સભામાં હાજર હજારો લોકોની આંખો ભીની થઈ ગઈ હતી.

### નવા નિયમો | દવાઓ શેડ્યૂલ H1 કેટેગરીમાં મુકાતા હવે કડક નિયમો

## પ્રિસ્ક્રિપ્શન વગર નહીં મળે ૧૨ ટકાથી વધુ આલ્કોહોલવાળી દવા

નવી દિલ્હી: દેશમાં કફ સિરપ અને હેલ્થ ટોનિકના નશાના રૂપમાં થઈ રહેલા ગેરઉપયોગ પર લગામ લગાવવા માટે કેન્દ્ર સરકારે એક ઐતિહાસિક અને અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સરકારે ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫માં સુધારો કરીને ૧૨ ટકાથી વધુ આલ્કોહોલ ધરાવતી અને ૩૦ mlથી વધુ પેકિંગમાં આવતી તમામ પ્રવાહી (ઓરલ લિક્વિડ) દવાઓને 'શેડ્યૂલ H1' કેટેગરી હેઠળ મૂકી દીધી છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાધનને નશાના દૂષણથી બચાવવાનો અને દવાઓની સપ્લાય ચેઈન પર દેખરેખ રાખવાનો છે.અત્યાર સુધી મેડિકલ સ્ટોર્સ પર કફ સિરપ કે હેલ્થ ટોનિક કોઈ પણ પૂછપરછ વગર સરળતાથી મળી જતા હતા, પરંતુ હવે સ્થિતિ બદલાશે. 'શેડ્યૂલ H1' કેટેગરીમાં સામેલ થવાથી આ દવાઓ હવે ઊંઘની ગોળીઓ અને ભારે



પેઈનકિલર્સની જેમ જ સંવેદનશીલ ગણાશે. હવેથી કોઈપણ ગ્રાહકે આ દવા ખરીદવા માટે ફરજિયાતપણે ડૉક્ટરનું પ્રિસ્ક્રિપ્શન બતાવવું પડશે. આ ઉપરાંત, મેડિકલ સ્ટોરના સંચાલકોએ આ દવા કોને વેચી, કેટલા પ્રમાણમાં વેચી અને ડૉક્ટરની વિગતો શું હતી, તેનો સંપૂર્ણ રેકોર્ડ રાખવો અનિવાર્ય બનશે.સરકારે આ નિર્ણય સાથે 'શેડ્યૂલ K' હેઠળ અગાઉ મળતી કેટલીક વિશેષ છૂટછાટોને પણ રદ કરી છે. જે દવાઓ ૧૨ ટકાથી વધુ આલ્કોહોલ ધરાવે છે અને ૩૦ ml કરતા વધુના પેકિંગમાં આવે છે, તેને હવે કોઈ પણ પ્રકારની વેચાણ કે નિયમનકારી છૂટ મળશે નહીં. કંપનીઓએ હવે તેમની બોટલ પર કડક ચેતવણીનું લેબલ લગાવવું પડશે, જેથી ગ્રાહકોને પણ આ દવાની સંવેદનશીલતા વિશે જાણકારી રહે.

આ નિયમોનો ડ્રાફ્ટ ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં જ જાહેર કરવામાં આવ્યો હતો અને જનતા પાસેથી સૂચનો માંગવામાં આવ્યા હતા. ડ્રગ ટેકનિકલ એડવાઈઝરી બોર્ડ સાથે વિચાર-વિમર્શ કર્યા બાદ તેને હવે કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. ગેઝેટમાં પ્રકાશિત થયાના ૬ મહિના પછી, એટલે કે જાન્યુઆરી ૨૦૨૭ થી આ નિયમો દેશભરમાં સંપૂર્ણપણે અમલી બનશે. આ સમયગાળા દરમિયાન દવા બનાવતી કંપનીઓ અને વેપારીઓએ પોતાની પેકિંગ અને વિતરણની પદ્ધતિઓમાં જરૂરી ફેરફાર કરવાના રહેશે.

સરકારના આ પગલાને સ્વાસ્થ્ય ક્ષેત્રના નિષ્ણાતો આવકારી રહ્યા છે. ઘણી વખત કફ સિરપનો નશાના સાધન તરીકે દુરુપયોગ થવાની ઘટનાઓ પ્રકાશમાં આવતી હતી, જેના પર હવે કડક અંકુશ આવશે. આ કાયદો લાગુ થવાથી ડૉક્ટરોની સલાહ વિના દવા લેવાની પ્રવૃત્તિ ઘટશે અને દવાઓના ગેરકાયદે વેચાણ પર રોક લાગશે.

### દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદ: જનજીવન ઠપ, યુપીમાં 5નાં મોત

નવી દિલ્હી: દેશના મોટાભાગના રાજ્યોમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ખૂબ જ સક્રિય બન્યું છે, જેના કારણે અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડી રહ્યો છે. આ અતિવૃષ્ટિને કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદ અને તેના કારણે થયેલી દુર્ઘટનાઓમાં 5 લોકોના મોત થયા હોવાના દુઃખદ સમાચાર મળી રહ્યા છે. હવામાન વિભાગે આગામી 18 કલાકમાં દેશના 18 રાજ્યોમાં વરસાદની આગાહી કરી છે.દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદને પગલે સ્થિતિ વણસી છે. દિલ્હીમાં ઠેર-ઠેર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહારને ભારે અસર થઈ છે અને ટ્રાફિક જામની વિકટ સમસ્યા સર્જાઈ છે. ઉત્તરાખંડમાં તો નેશનલ હાઈવે સહિત કુલ 107 માર્ગો બંધ થઈ ગયા છે. રાજસ્થાનના કોટા અને ભરતપુર જેવા જિલ્લાઓમાં પણ ભારે વરસાદને કારણે ગ્રામીણ વિસ્તારોનો શહેરો સાથેનો સંપર્ક કપાઈ ગયો છે. અરુણાચલ પ્રદેશમાં પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓએ લોકોની મુશ્કેલી વધારી દીધી છે. ભૂસ્ખલનને કારણે અનેક મકાનો ધરાશાયી થયા છે, જ્યારે ખેડૂતોના ઉભા પાકને પણ વ્યાપક નુકસાન પહોંચ્યું છે.

### સોફ્ટવેર ડેવલપમેન્ટ અને કોડિંગ જેવા કામોમાં AIનો દબદબો

## વર્ષ ૨૦૨૬માં ટેક સેક્ટરમાં ૧,૨૦,૦૦૦થી વધુ કર્મચારીઓની છટણી

બેંગલુરુ: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના ઝડપી વિકાસ અને તેના વ્યાપક ઉપયોગની અસરો હવે વૈશ્વિક ટેક સેક્ટરમાં સ્પષ્ટપણે દેખાઈ રહી છે. વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં જ સમગ્ર વિશ્વમાં ૧.૨૦ લાખથી વધુ ટેક કર્મચારીઓએ પોતાની નોકરી ગુમાવી છે. હવે આ આર્થિક અને તકનીકી પરિવર્તનનો મોટો ફટકો ભારતીય IT સેક્ટરને પણ લાગી રહ્યો છે. એક અંદાજ મુજબ, ભારતમાં આ વર્ષે લગભગ ૩૫,૦૦૦ કર્મચારીઓ 'સાયલન્ટ લેઓફ્સ'નો ભોગ બની શકે છે.અગાઉની છટણીઓ મોટાભાગે ખર્ચ ઘટાડવા (Cost-cutting) માટે કરવામાં આવતી હતી, પરંતુ આ વખતે સ્થિતિ અલગ છે. હવે કંપનીઓ AI ટૂલ્સનો ઉપયોગ કરીને પોતાની કામગીરીને વધુ કાર્યક્ષમ બનાવી રહી છે. સોફ્ટવેર ડેવલપમેન્ટ, ક્વોલિટી ટેસ્ટિંગ, ટેક સપોર્ટ અને રૂટિન કોડિંગ જેવા કાર્યો હવે માનવીય હસ્તક્ષેપ વગર AI દ્વારા ઝડપથી થઈ રહ્યા છે. પરિણામે, કંપનીઓને મોટી સંખ્યામાં કર્મચારીઓની જરૂરિયાત ઓછી જણાઈ રહી છે.




ભારતમાં ઘણી IT કંપનીઓએ છટણીની કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. છતાં, 'સાયલન્ટ લેઓફ્સ'નો ટ્રેન્ડ વધ્યો છે. આમાં કંપનીઓ મોટી ઘોષણા કરવાને બદલે પર્ફોર્મન્સ રિવ્યુના બહાને કર્મચારીઓને શાંતિથી છૂટા કરી રહી છે અથવા નવી ભરતીઓ પર સંપૂર્ણ રોક લગાવી રહી છે. આ રીતે કંપનીઓ કોઈપણ જાતના વિવાદ કે મીડિયાની ચર્ચા વિના કર્મચારીઓની સંખ્યા ઘટાડી રહી છે.

### આસામ બજેટ ૨૦૨૬માં રાજ્યના વિકાસની નવી અને તેજસ્વી દિશા

ગુવાહાટી: આસામના નાણામંત્રીએ વિધાનસભામાં રાજ્યનું આગામી વર્ષનું બજેટ રજૂ કરતા વિકાસની નવી રૂપરેખા તૈયાર કરી છે. આ બજેટમાં આસામને અસ્થિરતામાંથી બહાર લાવીને શાંતિ અને સમૃદ્ધિના પંથે લઈ જવાનો મુખ્ય સંકલ્પ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારનું લક્ષ્ય આસામને એક જ્ઞાન-આધારિત અર્થતંત્ર બનાવવાનું છે, જે પહાડોથી લઈને ચાના બગીચાઓ સુધીના દરેક પ્રદેશને વિકાસમાં સમાન ભાગીદાર બનાવે.ગયા એક દાયકામાં આસામનું ચિત્ર સંપૂર્ણપણે બદલાયું છે. રાજ્ય હવે પૂરની નબળાઈમાંથી બહાર આવીને આબોહવા પરિવર્તન સામે ટકી રહેવા માટે સજ્જ થઈ રહ્યું છે. નાણામંત્રીએ સ્પષ્ટ કર્યું કે રાજ્ય સરકાર પરંપરાગત આજીવિકામાંથી બહાર નીકળીને ઉદ્યોગ, સાહસિકતા અને ડિજિટલ અર્થતંત્રમાં નવા અવસર ઊભા કરવા માટે કટિબદ્ધ છે. બ્રહ્મપુત્રા ખીણથી લઈને બરાક ખીણ સુધીના તમામ વિસ્તારોને એકસમાન રીતે આગળ વધારવા માટે આ બજેટમાં વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે.





Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 12 July, 2026 | 11:00 AM | Ahmedabad |

Venue : Hotel G Express, Nr. Siddhivinayak Circle, beside Kankaria Road, Maninagar, Ahmedabad, Gujarat - 380008
Name : Tejas Parmar | Mobile : 9327016541

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 12 July, 2026 | 6:00 PM | Ahmedabad |

Venue : Hotel Rio Restaurant And Banquet, 1st Floor, Devansh, 75, Brahmkshtriya Society, Gujarat College Rd, Ellisbridge, Ahmedabad, Gujarat 380006
Name : Ankitsingh Rajput | Mobile : 7700915495

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# અમદાવાદના લોકો માટે અવાજ ઉઠાવનાર રામોલ હાથીજણ વોર્ડના પ્રમુખ નિશાંત ઠક્કર પર FIR થઈ: ડૉ. કરન બારોટ AAP



અમદાવાદ \ આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ.કરન બારોટે એક વિડીયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના વટવા વિધાનસભાના રામોલ હાથીજણ વોર્ડના પ્રમુખ નિશાંત ઠક્કર પર FIR કરવામાં આવી છે. નિશાંત ઠક્કર એક એવા યુવા છે જેમણે પોતાના વિસ્તાર સહિત અમદાવાદના અન્ય વિસ્તારોના રોડ રસ્તાના મુદ્દે, પ્રદૂષણના મુદ્દે સહિત અનેક મુદ્દે અમદાવાદની જનતાનો અવાજ બનવાની કોશિશ કરી છે. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ આદિવાસી સમાજ સહિત ગુજરાતના તમામ લોકો માટે અવાજ ઉઠાવ્યો તો એ પણ સરકારને ગમ્યું નહીં, બીજી બાજુ અમદાવાદમાં નિશાંત ઠક્કર પણ લોકોનો અવાજ ઉઠાવી રહ્યા હતા, એ પણ સરકારને ન ગમ્યું. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ અને ઉમેદવારો મજબૂતીથી સરકારની સામે લડ્યા એ પણ સરકારને ન ગમ્યું જેના કારણે ડઝનો કેસ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ અને નેતાઓ પર કરવામાં આવ્યા. આજની તારીખમાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તા કંઈ બોલે છે તો પહેલા તેમના પર FIR કરવામાં આવે છે પછી વાત કરવામાં આવે છે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ડૉ. કરન બારોટે જણાવ્યું કે, સરકારને અમે કહેવા માંગીએ છીએ કે FIRએ ન્યાય માટેનું સાધન છે, બદલો લેવા માટે FIR કરવાની ન હોય. જ્યારે કાયદાનો દુરુપયોગ થાય છે ત્યારે લોકોને તેના પરથી વિશ્વાસ ઉઠી જાય છે, ન્યાયતંત્રમાં નિષ્પક્ષતા હોવી જોઈએ, પારદર્શિતા હોવી જોઈએ અને કાયદાનો ઉપયોગ લોકોની ભલાઈ માટે થવો જોઈએ. આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ સામાન્ય પરિવારોમાંથી આવે છે, એટલા માટે તમને એવું લાગે છે કે એમને જેલમાં નાખીશું તો તેઓ ડરી જશે પરંતુ તેઓ ડરવાના નથી કારણ કે અમે બદલાવ માટે આવ્યા છીએ, લોકો માટે લડવા માટે આવ્યા છીએ, પછી ભલે અમારી પાછલી પેઢીઓમાંથી કોઈ રાજનીતિમાં ન હોય, ભલે અમારી જેલમાં જવું પડે પરંતુ ગુજરાતની જનતા માટે આમ આદમી પાર્ટીનો એક એક કાર્યકર્તા લડતો આવ્યો છે અને લડતો રહેશે. નિશાંત ઠક્કર હોય કે ચૈતર વસાવા હોય કે કોઈપણ કાર્યકર્તા હોય તેમને જેલમાં બંધ કરવાથી તેમનો અવાજ નહીં દબાય, ઉપરથી તેમનો અવાજ વધારે મજબૂતાઈથી ઉઠશે. આગામી સમય પ્રદૂષણના મુદ્દે, મહિલાઓના મુદ્દે, યુવાનોના મુદ્દે સહિત તમામ મુદ્દા આમ આદમી પાર્ટી સતત ગુજરાતની જનતાનો અવાજ બનશે.

# AMCમાં ભાડે લેવાતા પ્લોટમાં પોલમ પોલ

## કરોડો રૂપિયાની કિંમતના પ્લોટને નજીવા દરે ભાડે લઈને ગેરરીતિ થતી હોવાની શંકા, ભાજપના ચેરમેને નવી નીતિ બનાવવા સૂચના આપી

અમદાવાદ | શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના ભાડે આપવામાં આવતા પ્લોટની નીતિમાં નિયમોનું પાલન થતું નથી અને કેટલાક પ્લોટમાં એસ્ટેટ વિભાગ અને પ્લોટ ભાડે રાખનાર માટે વ્હાલા દવલાની નીતિ અપનાવવામાં આવતી હોવાનું ધ્યાને આવતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા કોર્પોરેશનની માલિકીના પ્લોટો ભાડે આપવા અંગેની ચોક્કસ નીતિ બનાવવા માટેની સૂચના આપવામાં આવી છે. કેટલીક જગ્યાએ પ્લોટ બિલ્ડરોને લેબર કોલોની, બે બ્રિજ અને ઓફિસ બનાવવા, ઈન્ડસ્ટ્રીયલ શેડ અને કેટલીક જગ્યાએ ફૂડ કોર્ટ પણ ધમધમતા થઈ ગયા હોવાથી નિયમોનું પાલન થતું નથી. સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રીન્યુ માટે મૂકવામાં આવતા નથી અને છ મહિને નીતિ બદલી નાખવામાં આવે છે જેના પગલે તાત્કાલિક ધોરણે ચોક્કસથી નવી નીતિ બનાવીને સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવા જણાવ્યું છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના પ્લોટ ભાડે આપવાની નીતિ દર છ મહિને બદલાઈ જતી હોવાનું સામે આવ્યું હતું. જ્યારે પ્લોટ ભાડે આપવામાં આવે છે, ત્યારે છ મહિના અથવા એક વર્ષ માટે ભાડે આપવામાં આવે છે, ત્યારબાદ તેને રીન્યુ કરવામાં આવે છે, ત્યારે બદલાવ કરી દેવામાં આવતા હોય છે. ધાર્મિક સિવાય કોઈપણ પ્રકારના પ્લોટ ભાડે આપવા અંગેની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ લાવવામાં આવી નથી. એસ્ટેટ વિભાગ દ્વારા બારોબાર પ્લોટ ભાડે આપવામાં આવતા હોય છે અને તેની સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત લાવવામાં આવતી નથી જેથી હવેથી સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત લાવવા અને ચોક્કસ નીતિ બનાવવા માટે એસ્ટેટ વિભાગના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રિદ્ધેશ રાવલને સૂચના આપવામાં આવી છે. શહેરમાં AMC એસ્ટેટ વિભાગ દ્વારા મ્યુનિ. ની માલિકીના પ્લોટ ભાડે આપવામાં આવતા હોય છે, જેમાં 'નિયમોની ઐસી તૈસી' કરીન દેવામાં આવે છે. ગેરરીતિ આચરતા હોવાનું ધ્યાન પર આવ્યું છે. આ પ્રકારે અપાતા મ્યુનિ. પ્લોટોમાં કેટલીક જગ્યાએ ઈન્ડસ્ટ્રીયલ શેડ બનાવી દેવાયા છે અને કેટલીક જગ્યાએ ગેરકાયદે ફુડ કોર્ટ અને ખાણીપીણીનો ધંધો ધમધમતો હોવાનું જોવા મળ્યું છે.

# News Brief

## ૭૯મી સિનિયર નેશનલ એક્વેટિક ચેમ્પિયનશિપ ૨૦૨૬ - ચેન્નાઈ વેસ્ટર્ન રેલ્વે ડાઈવિંગ ટીમ - મેડલ વિજેતાઓ



વેસ્ટર્ન રેલ્વે ડાઈવર્સે ખૂબ જ સારું પ્રદર્શન કર્યું અને કુલ ૧૧ મેડલ જીત્યા.

### ગોલ્ડ - 3 મેડલ

1. મહિલા પ્લેટફોર્મ સિંક્રો - પલક શર્મા અને ઋતિકા શ્રીરામ
2. મહિલા 3 મીટર સ્પ્રિંગબોર્ડ સિંક્રો - પલક શર્મા અને ઋતિકા શ્રીરામ
3. મહિલા પ્લેટફોર્મ વ્યક્તિગત - પલક શર્મા

### સિલ્વર - 2 મેડલ

1. મહિલા 1 મીટર સ્પ્રિંગબોર્ડ - પલક શર્મા
2. પુરુષો 1 મીટર સ્પ્રિંગબોર્ડ - અભિષેક યુ

### કાંસ્ય - 6 મેડલ

1. મહિલા પ્લેટફોર્મ - ઋતિકા શ્રીરામ
2. મહિલા 3 મીટર સ્પ્રિંગબોર્ડ - ઋતિકા શ્રીરામ
3. મહિલા 1 મીટર સ્પ્રિંગબોર્ડ - ઋતિકા શ્રીરામ
4. પુરુષો 3 મીટર સ્પ્રિંગબોર્ડ - અભિષેક યુ
5. પુરુષો 3 મીટર સ્પ્રિંગબોર્ડ સિંક્રો - અભિષેક યુ
6. પુરુષો પ્લેટફોર્મ સિંક્રો - નિહાલ ગિરામ

# ઉનામાં વિદ્યાર્થી પાસે દારૂ મંગાવનાર શિક્ષક સસ્પેન્ડ કરવામાં આવ્યો...

ગીર સોમનાથ | ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાની ખાપટ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી પાસે વિદેશી દારૂ મંગાવવાના ગંભીર આક્ષેપમાં શિક્ષક હરેશગિરી ગોસ્વામીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના કડક આદેશ બાદ શાળાના આચાર્યની ફરિયાદના આધારે પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરાતા આરોપી શિક્ષક શાળામાંથી ફરાર થઈ ગયો છે, જેની શોધખોળ માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

રાજ્યના શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ આ શરમજનક ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈ સંબંધિત શિક્ષક સામે કાયદેસરની પોલીસ ફરિયાદ દાખલ કરવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (DPEO)ને આદેશ આપ્યા હતા. શિક્ષણ મંત્રીએ આ અંગે ગીર સોમનાથના પોલીસ અધિક્ષક (SP) સાથે પણ સીધી વાતચીત કરી તપાસ ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે, વિદ્યાર્થીઓના હિત અને શૈક્ષણિક સંસ્થાઓની શિસ્ત સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવાશે નહીં.

મળતી વિગતો મુજબ, ગત 20 જૂન, 2026ના રોજ ખાપટ પ્રાથમિક શાળામાં ફરજ દરમિયાન શિક્ષક હરેશગિરી ગુલાબગીરી ગોસ્વામીએ એક વિદ્યાર્થી મારફતે વિદેશી દારૂની બોટલ મંગાવી હતી. આ સમગ્ર મામલો ઉજાગર થતાં જ બદનામીના ડરે આરોપી શિક્ષક ચાલુ ફરજ પરથી નાસી છૂટ્યો હતો. આ ઘટના વાયુવેગે પ્રસરતા શિક્ષણ વિભાગે શિક્ષકને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ (સસ્પેન્ડ) કરવાનો હુકમ કર્યો છે.

# ઉત્તર ગુજરાતમાં ફરી એકવાર ચાંદીપુરા વાયરસનો કહેર, AAP નેતા જયદીપસિંહ ચૌહાણે તંત્રને તાત્કાલિક પગલા ભરવા કરી અપીલ

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી જયદીપસિંહ ચૌહાણે ચાંદીપુરા વાયરસ મુદ્દે પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે સાબરકાંઠાના અંતરિયાળ વિસ્તારોમાં ચાંદીપુરા વાયરસનો ફેલાવો થયો છે, જેના કારણે પાંચ નિર્દોષ બાળકોનો ભોગ લેવાયો છે. તંત્ર કહે છે કે તેઓ એલર્ટ છે. પણ આ તો આગ લાગે ત્યારે કુવો ખોદવા જેવી પરિસ્થિતિ છે, કારણ કે ગઈ સાલ પણ દાહોદ બનાસકાંઠાના આખા પટ્ટામાં આ વાયરસ ફેલાયો હતો અને અનેક નિર્દોષ બાળકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. તો તંત્રને અમે કહેવા માંગીએ છીએ કે તમે માત્ર દેખાડો કરી રહ્યા છો, કારણ કે ગત વર્ષથી કંઈ શીખ્યા હોત તો આ વખતે આવી પરિસ્થિતિ પેદા ન થાત. તમને ખ્યાલ છે કે જૂન, જુલાઈ, ઓગસ્ટ દરમિયાન આ વાયરસ ફેલાય છે તો બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીના અંતરિયાળ વિસ્તારના આરોગ્ય વિભાગને અમે તાકીદ કરવા માંગીએ છીએ કે કડક ગાઈડલાઈનને ફોલો કરવામાં આવે અને તાત્કાલિક પગલા ભરવામાં આવે, જેથી આ ચાંદીપુરા વાયરસને નાથી શકાય. જો હજુ પણ કડક પગલાં ભરવામાં નહીં આવે તો આ વાયરસ વધુ ફેલાઈ શકે છે. મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રી અને આરોગ્ય સચિવને અપીલ કરવા માંગીએ છીએ કે આ ચાંદીપુરા વાયરસ ખૂબ



જ મોટું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે, તો આ મુદ્દે તાત્કાલિક પગલા ભરવામાં આવે.આ મુદ્દે સાબરકાંઠા જિલ્લા પંચાયતના સભ્ય મુકેશ ડાભી સહિત આમ આદમી પાર્ટીના આગેવાનોએ હિંમતનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. ત્યાં આમ આદમી પાર્ટીના જિલ્લા પંચાયતના સભ્ય મુકેશ ડાભીએ જણાવ્યું હતું કે ચાંદીપુરા વાયરસના કારણે છેલ્લા 11 દિવસમાં અનેક દુ:ખદ ઘટના ઘટી છે. ગઈકાલે હિંમતનગર સિવિલ ખાતે ત્રણ બાળકોના મોત થયા હતા, જ્યારે આજે પોશીના તાલુકાના વધુ એક બાળકનું મોત થયું છે. આ વાયરસ મુદ્દે સાબરકાંઠાના આરોગ્ય વિભાગને મારી અપીલ છે કે આ વાયરસ મુદ્દે દરેક ગામડાઓમાં જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે, સાથે સાથે ગામડાઓમાં સર્વે પણ કરવામાં આવે. અધિકારીઓ પોતાનું કામ કરશે પરંતુ લોકોને પણ સાવચેતી રાખવાની જરૂરત છે. જિલ્લા કક્ષાના તબીબી અધિકારીને અપીલ છે કે આ મુદ્દે તાત્કાલિક પગલાં ભરવામાં આવે અને દરેક ગામડાઓમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં તથા તંત્રને જગાડવામાં આવે જેથી આ વાયરસથી બાળકોને બચાવી શકાય.

# CCTV : અમદાવાદમાં જીન્સ અને લેડીઝવેરની ચોરી કરતી ગેંગ ઝડપાઈ

અમદાવાદ | અમદાવાદમાં વેપારીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક કાપડની દુકાનમાં નોકરી કરતા કર્મચારીએ સાગરીતો સાથે મળીને લાખો રૂપિયાના લેડીસવેર અને જીન્સની ચોરીને અંજામ આપ્યો હતો. અમદાવાદ પોલીસે આ મામલે કાગડાપીઠ અને કાલુપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે ગુનાઓનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે ચોરીમાં મદદ કરનાર બે શખસો અને ચોરીનો માલ ખરીદનાર એક વેપારી સહિત કુલ ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. કોર્ટે આરોપીઓના રિમાન્ડ મંજૂર કર્યા બાદ થયેલી પૂછપરછમાં આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. પોલીસ તપાસ દરમિયાન પકડાયેલા આરોપીઓ પાસેથી ગુનામાં ચોરાયેલો લાખો રૂપિયાનો મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો છે. જેમાં કાગડાપીઠ પોલીસ સ્ટેશનની હદમાંથીથયેલી ચોરીમાં લેડીઝ કુર્તી, થ્રી-પીસ અને ટુ-પીસ ડ્રેસના કુલ 582 નંગ અને એક મોબાઈલ ફોન મળી આવ્યો છે.

# ગાંધીનગરમાં રિક્ષા ગેંગ ફરી સક્રિય : સિક્યુરિટી ગાર્ડનું ખિસ્સું કાપી ₹20 હજારની તફડંચી

ગાંધીનગર | અમદાવાદ-ચિલોડા હાઈવે પર મુસાફરોને સસ્તામાં બેસાડી નજર ચૂકવી નાણાં સેરવી લેતી રિક્ષા ગેંગ ફરી એકવાર સક્રિય થઈ છે. ચિલોડા પોલીસ સ્ટેશનની હદમાં ગઈકાલે સાંજે એક સિક્યુરીટી ગાર્ડને રિક્ષામાં બેસાડી, પેન્ટનું ખિસ્સું કાપી 20 હજારની રોકડ ચોરી જવાના મામલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જેલમાં બંધ દીકરાને છોડાવવા માટે ભેંસ વેચીને માંડ-માંડ ભેગા કરેલા રૂપિયા ચોરાઈ જતાં આધેડ લાચાર સ્થિતિમાં મુકાઈ ગયા છે.

ગાંધીનગરના સાદરા ગામના કલ્યાણપુરા ખાતે રહેતા 55 વર્ષીય વજેસિંહ ચૌહાણ ચિલોડા-અમદાવાદ રોડ પર માર્કેટ યાર્ડમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. ગઈકાલે સાંજે તેઓ નોકરી પૂરી કરી ઘરે જવા નીકળ્યા ત્યારે ક્રિષ્ણા હોસ્પિટલ પાસે પીળા હુડવાળી એક સીએનજી રિક્ષા (GJ-01-TG-6310) આવી હતી. રિક્ષામાં ચાલક સિવાય એક મહિલા અને ત્રણ પુરુષો સવાર હતા. વજેસિંહે બેસવાની ના પાડી હોવા છતાં, પેસેન્જરોએ આગ્રહ કરીને તેમને વચ્ચેની સીટ પર બેસાડી દીધા હતા.

રિક્ષા ચિલોડા સર્કલ તરફ આગળ વધી ત્યારે ગળનાળા પાસે ચાલકે અચાનક બ્રેક મારી હતી અને 'અમારે આગળ નથી જવાનું' તેમ કહી વજેસિંહને ઉતારી દીધા હતા. રિક્ષા ઉપડી ગયા બાદ વજેસિંહે પેન્ટના ખિસ્સામાં હાથ નાખતાં જ ચોંકી ઉઠ્યા હતા. તેમનું ખિસ્સું કોઈ તીક્ષ્ણ સાધન વડે કપાયેલું હતું અને અંદર રાખેલા 20,000 ગાયબ હતા. તેમણે બૂમાબૂમ કરી પરંતુ ગેંગ નાસી છૂટી હતી, જોકે વજેસિંહે ભાગતી રિક્ષાનો નંબર નોંધી લીધો હતો.

# અમદાવાદમાં ચોર થયા સ્માર્ટ, ઓનલાઈન રાઈડ બુક કરી મણિનગરમાં 6 લાખનો હાથ ફેરો

અમદાવાદ | અમદાવાદના મણિનગર વિસ્તારમાં આવેલા કાંકરિયા લેક પાસેની એક એજન્સીના ગોડાઉનમાં ચોથી એપ્રિલના રોજ બારીનો કાચ તોડીને 6 લાખની ચોરી થઈ હતી. આ કેસમાં મણિનગર પોલીસે ટેકનિકલ સોર્સ અને સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરી આરોપી દીપક પરમારને ઝડપી પાડી, તેની પાસેથી ચોરીના પૂરા 6 લાખ રૂપિયા રિકવર કર્યા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપી અગાઉ આ જ ગોડાઉનમાં નોકરી કરતો હતો અને તેને થોડા સમય પહેલાં જ નોકરીમાંથી છૂટો કરવામાં આવ્યો હોવાથી તેણે આ ચોરીને અંજામ આપ્યો હતો.

આરોપી દીપક એટલો ચાલાક હતો કે પોતે પોલીસની પકડમાં ન આવે તે માટે તેણે ઓનલાઈન રાઈડનો સહારો લીધો હતો. બનાવની જગ્યાથી ઘણે દૂર ઉતરીને ચાલીને ગોડાઉન સુધી પહોંચ્યો હતો. જોકે, પોલીસે ઘટનાસ્થળ અને આસપાસના અનેક સીસીટીવી ફૂટેજ ચેક કરતાં કેટલાક શંકાસ્પદ બાઈક જોવા મળ્યા હતા. જેને વેરિફાઈ કરતાં ઓનલાઈન રાઈડમાં આવેલા આ મુસાફર પર પોલીસને શંકા હતી. ઝડપાયેલો આરોપી દીપક એક શેઠને ત્યાં નોકરી કરતો હતો. ત્યાં તેને છૂટો કરવામાં આવ્યો હતો.

# અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાઓનું આયોજન

## ઈસ્કોન હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા 16 થી 24 જુલાઈ દરમિયાન આધ્યાત્મિક ઉત્સવોની શ્રેણી

અમદાવાદ:અષાઢી બીજના પાવન અવસરે ઈસ્કોન હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા તા.16 જુલાઈથી 24 જુલાઈ, 2026દરમિયાન અમદાવાદ તથા આસપાસના વિવિધ વિસ્તારોમાં ભગવાન શ્રી જગન્નાથ, બલદેવજી અને સુભદ્રાજીની ભવ્ય રથયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું છે.વિશ્વમાં ચાલી રહેલા યુદ્ધો, તણાવ અને અશાંતિના સમયમાં આ વર્ષની રથયાત્રાવિશ્વશાંતિ, સૌહાર્દ, માનવ એકતા અને આધ્યાત્મિક જાગૃતિનો સંદેશલઈને આવી રહી છે. હરિનામ સંકીર્તન દ્વારા સમગ્ર વિશ્વમાં શાંતિ, કરુણા અને સર્વજીવ કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવશે. આ ઉત્સવની સૌથી વિશિષ્ટ બાબત એ છે કે ભગવાન શ્રી જગન્નાથ, બલદેવજી અને સુભદ્રાજી સ્વયં મંદિરની બહાર આવીને દરેક વ્યક્તિને પોતાના દર્શન આપે છે. આ રીતે ભગવાન પોતાના ભક્તોનાઘરઆંગણે અને વિસ્તાર સુધી પધારીને સૌને દિવ્ય દર્શનનો દુર્લભ અવસર પ્રદાન કરે છે, જેને વૈષ્ણવ શાસ્ત્રોમાં ભગવાનની વિશેષ કૃપા તરીકે વર્ણવવામાં આવ્યું છે.



**હરિનામ સંકીર્તન, ભક્તિમય નૃત્ય અને મહાપ્રસાદ વિતરણ સાથે ભવ્ય રીતે શોભાયાત્રા યોજાશે જેમાં હજારો ભાવિકો ભગવાનના પવિત્ર નામોના સંકીર્તન સાથે રથ ખેંચવાનો દિવ્ય લાભ પ્રાપ્ત કરશે.**

### કાર્યક્રમનું સમયપત્રક

- 16 જુલાઈ (ગુરુવાર) - સવારે9:00 - વડસર
- 16 જુલાઈ - સાંજે5:00 - સુપરસિટી
- 16 જુલાઈ - સાંજે5:30 - બેસિલ વુડ્સ
- 17 જુલાઈ (શુક્રવાર) - સાંજે5:00 - માધવ ઇકો વિલેજ
- 17 જુલાઈ - સાંજે5:30 - કડી
- 18 જુલાઈ (શનિવાર) - સવારે9:00 - ડિંગુચા
- 18 જુલાઈ - સાંજે5:30 - કલોલ
- 18 જુલાઈ - સાંજે5:30 - નારણપુરા-ઘાટલોડિયા
- 18 જુલાઈ - સાંજે5:00 - માધવ ઇકો વિલેજ
- 19 જુલાઈ (રવિવાર) - સાંજે5:00 - માધવ ઇકો વિલેજ
- 19 જુલાઈ - સાંજે5:30 - મણિનગર
- 19 જુલાઈ - સાંજે5:30 - ગાંધીનગર
- 19 જુલાઈ - સાંજે6:00 - નવરંગપુરા
- 24 જુલાઈ (શુક્રવાર) - સાંજે5:30 - સાણંદ

# બહુચરાજીને મળશે નવી રેલ કનેક્ટિવિટી, ભારતની પ્રથમ ઇન-પ્લાન્ટ રેલવે સાઈડિંગ ૧૧ જુલાઈએ કટોસણ-રણુજ રેલખંડ પર ૧૨૦ કિમીની ઝડપે સ્પીડ ટ્રાયલ

(એજન્સી) અમદાવાદ । તા. 10

પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ રેલવે અવસંરચના વિકાસની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરફ આગળ વધી રહ્યું છે. મંડળ હેઠળના 63 કિમી લાંબા કટોસણ રોડ-રણુજ રેલખંડ પર રેલવે સંરક્ષા આયુક્ત (CRS) દ્વારા સંરક્ષા નિરીક્ષણની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. આ નિરીક્ષણ આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓ શરૂ કરવાની દિશામાં એક નિર્ણાયક પગલું છે. CRS નિરીક્ષણ અંતર્ગત તા. 11 જુલાઈ, 2026ના રોજ આ રેલખંડ પર 120 કિમી પ્રતિ કલાકની ઝડપે એન્જિનની સ્પીડ ટ્રાયલ હાથ ધરવામાં આવશે. આ દરમિયાન રેલવે પ્રશાસન સ્થાનિક નાગરિકોને ખાસ અપીલ કરે છે કે તેઓ રેલવે ટ્રેકની નજીક ન જાય, કોઈપણ સંજોગોમાં રેલવે લાઈન પાર કરવાનો પ્રયાસ ન કરે તેમજ બાળકો અને પશુઓને રેલવે પાટા પરથી સુરક્ષિત અંતરે રાખે. સ્પીડ ટ્રાયલ દરમિયાન થતી કોઈપણ બેદરકારી જીવલેણ સાબિત થઈ શકે છે.

### પરિયોજનાની મુખ્ય વિશેષતાઓ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ વિકસાવવામાં આવેલ કટોસણ રોડ-બેચરાજી-રણુજ (63 કિમી) રેલ પ્રોજેક્ટ દેશના રેલવે અવસંરચના વિકાસ, ઔદ્યોગિક પ્રગતિ અને પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થયો છે. આ યોજના રેલ મંત્રાલય અને બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડ (BRCL)ના સંયુક્ત સાહસ (PPP મોડલ) હેઠળ વિકસાવવામાં આવી છે, જેમાં G-RIDE, GIDC અને MSILનો પણ સહભાગ રહ્યો છે. આ પરિયોજનાની સૌથી વિશેષ બાબત એ છે કે તેના દ્વારા ભારતની પ્રથમ ઓટોમોબાઈલ ઉત્પાદન એકમ માટે ઈન-પ્લાન્ટ રેલવે સાઈડિંગ વિકસાવવામાં આવી છે, જેના કારણે ફર્સ્ટ અને લાસ્ટ માઈલ સુધી અવિરત રેલ કનેક્ટિવિટી સુનિશ્ચિત થઈ છે. પરિણામે ઓટોમોબાઈલ પરિવહન વધુ ઝડપી, સુરક્ષિત અને ખર્ચ અસરકારક બન્યું છે.કટોસણ રોડ-બેચરાજી-રણુજ (63 કિમી) ગેજ પરિવર્તન યોજનાને વર્ષ 2017માં મંજૂરી આપવામાં આવી હતી. અંદાજે 1000 કરોડના ખર્ચે રેલવે અને G-RIDEના સંયુક્ત સાહસ હેઠળ આ પ્રોજેક્ટ વિકસાવવામાં આવ્યો છે. આ રેલખંડ પર કુલ 14 રેલવે સ્ટેશનો વિકસાવવામાં આવ્યા છે. ઉપરાંત 9 મોટા પુલ, 100 નાના પુલ, 47 રોડ અન્ડર બ્રિજ (RUB/LHS) તથા 16 વળાંકો (કર્વ)નો સમાવેશ થાય છે.

**બેચરાજી સ્ટેશનનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્ત્વ :** કટોસણ રોડ-રાણુજ રેલખંડનું મુખ્ય સ્ટેશન બેચરાજી ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલું છે, જેને વિશ્વવિખ્યાત શ્રી બહુચર માતાજી મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર તરીકે વિકસાવવામાં આવ્યું છે. બહુચર માતાજીનું મંદિર ગુજરાતના અગ્રણી શક્તિપીઠોમાંનું એક છે, જ્યાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. શ્રદ્ધાળુઓની સુવિધા અને મંદિરના મહત્ત્વને ધ્યાનમાં રાખીને તત્કાલીન મહારાજા સયાજીરાવ ગાયકવાડે ગાયકવાડ બરોડા રેલવે (GBR)નું વિસ્તરણ બેચરાજી સુધી કરાવ્યું હતું.

**વિસ્તારને મળશે નવી રેલ કનેક્ટિવિટી :** લાંબા સમય સુધી બેચરાજી વિસ્તાર રેલ સંપર્કથી વંચિત રહ્યો હતો, જેના કારણે શ્રદ્ધાળુઓ, સ્થાનિક નાગરિકો અને ઔદ્યોગિક એકમોને મુખ્યત્વે માર્ગ પરિવહન પર નિર્ભર રહેવું પડતું હતું. ધાર્મિક પર્યટન, ઔદ્યોગિક વિકાસ અને વધુ સારી પરિવહન સુવિધાની વધતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ભારતીય રેલવેએ આ વિસ્તારને આધુનિક રેલ નેટવર્ક સાથે જોડવાની યોજના સાકાર થશે.

### ત્રણ દિવસીય CRS નિરીક્ષણ

ત્રણ દિવસીય CRS નિરીક્ષણ દરમિયાન પ્રથમ દિવસે કટોસણ રોડથી બેચરાજી, બીજા દિવસે બેચરાજીથી ચાણસ્મા અને ત્રીજા દિવસે ચાણસ્માથી રણુજ સુધીના રેલખંડનું વિસ્તૃત નિરીક્ષણ કરવામાં આવશે. નિરીક્ષણ પૂર્ણ થયા બાદ રેલવે સંરક્ષા આયુક્ત દ્વારા જરૂરી સુધારા અને ખામીઓ અંગે સૂચનો આપવામાં આવશે. તમામ જરૂરી કામગીરી પૂર્ણ થયા બાદ તથા સંરક્ષા મંજૂરી પ્રાપ્ત થતાં આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓ શરૂ કરવાની પ્રક્રિયા આગળ વધારવામાં આવશે. રેલવેનો પ્રયાસ છે કે તમામ ઔપચારિકતાઓ વહેલી તકે પૂર્ણ કરીને આ રેલખંડ પર મુસાફર ટ્રેનોનું સંચાલન શક્ય તેટલું વહેલું શરૂ કરવામાં આવે.



OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## કરજણ પોલીસની મોટી સફળતા, ઓઈલ ચોરીનું નેટવર્ક થયું બેનકાબ

# કરજણમાં ફર્નેસ ઓઈલ ચોરીનું મોટું નેટવર્ક ઝડપાયું

(એજન્સી) કરજણ । તા. 10

કરજણ તાલુકાના બામણગામ નજીક આવેલા હોરીઝોન ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં પોલીસ દ્વારા કરવામાં આવેલી એક સઘન કાર્યવાહીમાં ફર્નેસ ઓઈલની ચોરી કરતું એક આંતરરાજ્ય નેટવર્ક ઝડપાઈ ગયું છે. પોલીસે સ્થળ પરથી ૬ શખ્સોની ધરપકડ કરી છે અને રૂપિયા ૪૦.૫૪ લાખથી વધુ કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. કરજણ તાલુકાના બામણગામ નજીક હોરીઝોન પાર્કમાંથી પોલીસે ફર્નેસ ઓઈલ ચોરીનું મોટું નેટવર્ક ઝડપી પાડ્યું છે. પોલીસે 6 શખ્સોની ધરપકડ કરી રૂપિયા 40 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ટેન્કરમાંથી 7505 કિલોગ્રામ ઓઈલની ચોરી કરીને વેચાણ કરાયું હતું. જંબુસરની સ્કોટ ગ્લાસ કંપનીમાંથી આવતા ઓઈલને વચ્ચેથી જ ચોરી કરાતું હતું. પકડાયેલા આરોપીઓ યુપી અને મુંબઈના છે.

નેશનલ હાઈવે-૪૮ પર આવેલા હોરીઝોન ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં શંકાસ્પદ હિલચાલ થતી હોવાની બાતમી કરજણ પોલીસને મળી હતી. પોલીસની ટીમે તાત્કાલિક સ્થળ પર દરોડા પાડીને તપાસ કરતા ત્યાં એક ટેન્કરમાંથી ઓઈલની ચોરી થતી હોવાનું જણાયું હતું. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો કે જંબુસરની



'સ્કોટ ગ્લાસ ઈન્ડિયા કંપની' દ્વારા ફર્નેસ ઓઈલ પહોંચાડવા માટે 'સ્ટાર એન્ટરપ્રાઈઝ ટ્રાન્સપોર્ટ'ને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. જોકે, ટ્રાન્સપોર્ટના ડ્રાઈવરો કંપનીમાં ઓઈલ પહોંચાડવાને બદલે તેને હોરીઝોન ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં લઈ જતા હતા અને ત્યાંથી ઓઈલ ચોરીને અન્યત્ર વેચી દેતા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓએ ટેન્કરમાંથી રૂ. ૫.૨૯ લાખની કિંમતનું અંદાજે ૭૫૦૫ કિલોગ્રામ જેટલું ફર્નેસ ઓઈલ ચોરી કર્યું હતું. પોલીસ દ્વારા સ્થળ પરથી લોખંડના બેરલ, જનરેટર, ઈલેક્ટ્રિક મોટર, રબરની પાઈપ, ટાંકા, બે ટેન્કર અને એક બાઈક સહિત કુલ ૪૦.૫૪ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

### આરોપીઓની ધરપકડ

પકડાયેલા તમામ ૬ આરોપીઓ યુપી અને મુંબઈના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. કંપનીના નામની બિલ્ટી હોવા છતાં ટેન્કરનો રૂટ બદલીને ઓઈલની ચોરી કરવાનું આ ષડયંત્ર ઘણા સમયથી ચાલતું હોવાની આશંકા સેવાઈ રહી છે. કરજણ પોલીસે ગુનો નોંધીને પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછ શરૂ કરી છે. આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય સૂત્રધારાઓ અને આ ચોરીનું ઓઈલ કયા કયા વિસ્તારોમાં સપ્લાય કરવામાં આવતું હતું તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. આ સફળ કામગીરીથી ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## ભાયલીમાં બિસ્માર રસ્તા સામે રહીશોનો વિરોધ, વોર્ડ ઓફિસે ઉગ્ર દેખાવો



વડોદરા | વડોદરા શહેરના પશ્ચિમ ઝોનમાં આવેલા ભાયલી, બિલ, કલાલી અને અટલાદરા જેવા વિસ્તારોમાં વરસાદ બાદ રસ્તાઓની હાલત અત્યંત બિસ્માર બની ગઈ છે. ઠેરઠેર પડેલા મોટા ખાડા અને કાદવ-કીચડના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકો પર અકસ્માતનું જોખમ તોળાઈ રહ્યું છે. આ સમસ્યાથી કંટાળીને આજે વોર્ડ-૧૦ ના ભાયલી વિસ્તારમાં આવેલી આકાર રેસિડેન્સીના રહીશોએ વોર્ડ ઓફિસ ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિરોધ પ્રદર્શન દરમિયાન સ્થાનિકોએ 'ખાડાથી મુક્તિ આપો, અમારા હકનો રસ્તો આપો' અને 'વર્ષોથી સારા રસ્તાની જોવાતી રાહ' જેવા લખાણો ધરાવતા પ્લેકાર્ડ સાથે જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. રહીશોએ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશો સામે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેઓ નિયમિતપણે મિલકત વેરો સહિતના તમામ વેરા ભરે છે, તેમ છતાં વર્ષોથી પાયાની સુવિધા એવી સારા રસ્તાની સુવિધાથી વંચિત છે.

## રાજકોટમાં યુવાનની ગોળી મારી હત્યા કરનાર ઝડપાયા, ક્રાઈમ બ્રાંચને મોટી સફળતા

(એજન્સી) રાજકોટ । તા. 10

રાજકોટના નાનામવા ગામે રહેતા હેડ કોન્સ્ટેબલના ભત્રીજા કૃષ્ણસિંહ હરદેવસિંહ જાડેજા (ઉ.વ. ૩૦) ની ગોળી મારીને કરવામાં આવેલી હત્યાના કેસમાં ક્રાઈમ બ્રાંચને મોટી સફળતા મળી છે. પોલીસે આ હત્યાકાંડમાં સંડોવાયેલા નવલનગરના રણજીત નાજભાઈ વાળા (ઉ.વ. ૪૫), તેના પુત્ર રાજવીર (ઉ.વ. ૧૯) અને એક સગીર પુત્ર સહિત ત્રણ આરોપીઓને સરધાર પાસેથી ઝડપી લીધા છે.

આ સમગ્ર વિવાદની શરૂઆત બુલેટ બાઈકને પૂરઝડપે ચલાવવા બાબતે થઈ હતી. કૃષ્ણસિંહે આરોપીઓને અવાર-નવાર બુલેટ ધીમું ચલાવવા સમજાવ્યા હતા, પરંતુ તેઓ માનતા ન હતા. ગઈકાલે રાત્રે ફરીથી બોલાચાલી થતા કૃષ્ણસિંહે આરોપીઓને ઝાપટ મારી હતી, જેના પગલે રણજીત વાળા તેના પુત્ર રાજવીર અને અન્ય સાથે હથિયાર લઈને ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

ફરિયાદ મુજબ, આરોપી રણજીત વાળાએ બંદૂકથી હવામાં ફાયરિંગ કર્યું હતું અને ત્યારબાદ કૃષ્ણસિંહ પર બે રાઉન્ડ ગોળીબાર કરી તેમની હત્યા નિપજાવી હતી. આ ઘટનામાં કૃષ્ણસિંહના માસા રહેન્દ્રસિંહ (ઉ.વ. ૬૫) ને પણ આરોપીએ બંદૂકનો પાછળનો ભાગ માથામાં મારીને ગંભીર ઈજા પહોંચાડી હતી. આરોપીઓ ઘટના બાદ નાસી છૂટ્યા હતા. ઘટનાની ગંભીરતાને જોતા ક્રાઈમ બ્રાંચના એસીપી બી. બી. બસીયાના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. તપાસનીશ પીઆઈ મનોજ ડામોર અને તેમની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે ત્રણેય આરોપીઓને સરધાર પાસેથી પકડી પાડ્યા હતા. હાલ પોલીસ આરોપીઓ સામે સજ્જડ પુરાવા એકત્રિત કરી રહી છે જેથી તેમને કડક સજા કરાવી શકાય.

આ ઘટનાથી નાનામવા વિસ્તારમાં ભારે શોકની લાગણી ફેલાઈ ગઈ છે અને સ્થાનિક લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. હવે પોલીસ તપાસમાં આગળ કઈ વિગતો સામે આવે છે તે જોવું રહ્યું.

## ઓમાન દરિયામાં સલાયાનું જહાજ ડૂબ્યું, 2ના મોત, 12 ખલાસીઓનો થયો બચાવ



(એજન્સી) રાજકોટ । તા. 10

ખંભાળિયા તાલુકાના સલાયાનું 'મહેબૂબ એ બુખારી' નામનું માલવાહક જહાજ ઓમાનના દરિયામાં ડૂબી જવાની કરૂણ દુર્ઘટના બની છે. આ દુર્ઘટનામાં જહાજ પર સવાર બે ખલાસીઓના મોત નિપજ્યા છે, જ્યારે અન્ય ૧૨ ખલાસીઓને ઓમાન નેવી અને ભારતીય જહાજોની મદદથી હેમખેમ બચાવી લેવામાં આવ્યા છે.

આ જહાજ ૩ જુલાઈએ દુબઈથી જીબુટી જવા માટે કાર્ગો ભરીને નીકળ્યું હતું. ઓમાનના દરિયામાં પહોંચતા જ ખરાબ હવામાન અને દરિયાના તોફાની મોજાઓને કારણે જહાજના બંને મુખ્ય એન્જિન ફેઈલ થઈ ગયા હતા. પરિસ્થિતિ ગંભીર બનતા ટંડેલે તમામ ખલાસીઓને જીવ બચાવવા માટે દરિયામાં કૂદવાનો આદેશ આપ્યો હતો.

ઓમાન નેવી અને નજીકમાંથી પસાર થઈ રહેલા ભારતીય જહાજો 'અલ હાજી હસન' તથા 'સફિના અલ નૂરે ઈલાહી' દ્વારા સંયુક્ત રીતે હાથ ધરાયેલી બચાવ કામગીરીમાં ૧૨ ખલાસીઓને જીવિત બહાર કાઢવામાં સફળતા મળી હતી. કમનસીબે, અતિશય ખરાબ હવામાનના કારણે સલાયાના બે ખલાસીઓ યાસીન નુરમામદ ગંઢાર અને ઈમરાન ઈશાક ભાયાનું મૃત્યુ થયું હતું. મૃતદેહો અને બચાવવામાં આવેલા ખલાસીઓને ઓમાનના દુકમ નજીક ફિશિંગ જેટી પર ખસેડવામાં આવ્યા છે. આ દુર્ઘટના બાદ સલાયા ગામ અને માછીમાર પરિવારોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

## જામનગર પાલિકા દ્વારા રૂ. 125.87 કરોડના ખર્ચને મંજૂરી, સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં લેવાયા મહત્વના નિર્ણય

(એજન્સી) જામનગર । તા. 10

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની મહત્વપૂર્ણ બેઠક ધીરેનકુમાર મોનાણીના અધ્યક્ષસ્થાને મળી હતી. આ બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસ માટે કુલ રૂ. ૧૨૫.૮૭ કરોડના વિવિધ ખર્ચને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. બેઠકમાં મેયર, ડેપ્યુટી મેયર અને કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મંજૂર થયેલા મુખ્ય કામો

બેઠકમાં ૧૫મા નાણાપંચની ટાઈડ અને અનટાઈડ ગ્રાન્ટ હેઠળ રૂ. ૧૨૨.૭૯ કરોડના કામોને મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં ભૂગર્ભ ગટર નેટવર્કના મજબૂતીકરણ અને વિસ્તૃતિકરણ માટે ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું:

ઈસ્ટ ઝોન (વોર્ડ ૯, ૧૦, ૧૧, ૧૨): રૂ. ૭૯.૧૮ લાખનું ખર્ચ મંજૂર.

સાઉથ ઝોન (વોર્ડ ૧૩, ૧૪, ૧૫, ૧૬): રૂ. ૮૧.૪૨ લાખનું ખર્ચ મંજૂર.

વેસ્ટ ઝોન (વોર્ડ ૬, ૭, ૮): રૂ. ૬૧.૩૬ લાખનું ખર્ચ મંજૂર.

આ ઉપરાંત, મુખ્ય બિલ્ડિંગમાં વાયરિંગ અને પેનલ અપગ્રેડેશન માટે રૂ. ૮૬.૮૯ લાખ ફાળવવાનો નિર્ણય લેવાયો હતો. સાથે જ, સોલિડ વેસ્ટ શાખાના કર્મચારી જીતેશભાઈ ભુરાભાઈને તેમની કેન્સરની સારવાર માટે રૂ. ૭૫,૦૦૦ ની મર્યાદામાં આર્થિક સહાય મંજૂર કરવામાં આવી હતી.

વહીવટી અને ટેકનિકલ કામગીરી માટે કોન્ટ્રાક્ટ બેઝ પર જરૂરી નવી નિમણૂકો કરવાની દરખાસ્તોને પણ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા બહાલી આપવામાં આવી છે.

અધ્યક્ષ સ્થાનેથી ટેન્ડર કમિટીના સભ્યોની નિમણૂક કરવાની પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી હતી. આ તમામ નિર્ણયો દ્વારા જામનગર શહેરની પાયાની સુવિધાઓને વધુ સક્ષમ બનાવવાનો પ્રયાસ મનપા દ્વારા કરવામાં આવ્યો છે.

## તાલાલાની હોસ્ટેલમાં વિદ્યાર્થી પર દીપડાનો હુમલો, વન વિભાગે દીપડાને પાંજરે પૂર્યો



તાલાલા ગીર | તાલાલા ગીરના ગુંદરણ રોડ પર આવેલી પ્લાઝમા ઈન્ટરનેશનલ સ્કૂલની હોસ્ટેલમાં ગત રાત્રે એક હિંસક દીપડાએ પ્રવેશ કરીને ધોરણ-૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઉત્સવ માનસિંહભાઈ ચાવડા (ઉ.વ. ૧૮) પર જીવલેણ હુમલો કર્યો હતો. દીપડાના આ આક્રમણથી વિદ્યાર્થી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે, જેણે સમગ્ર વિસ્તારમાં ભય અને વાલીઓમાં ભારે રોષની લાગણી જન્માવી છે. મળતી વિગત મુજબ, રાત્રે એક વાગ્યાના સુમારે વિદ્યાર્થી બાથરૂમ પાસેની તૂટેલી ગ્રીલ વાટે પટાંગણમાં આવ્યો હતો, ત્યારે દીવાલ પર છુપાઈને બેઠેલા દીપડાએ તેના પર અચાનક હુમલો કર્યો હતો. દીપડાએ વિદ્યાર્થીના માથા, ગળા અને હાથના ભાગે દાંત અને નહોર વડે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. વિદ્યાર્થીની ચીસાચીસ સાંભળીને સ્ટાફ દોડી આવ્યો હતો અને તાત્કાલિક ૧૦૮ મારફતે તેને તાલાલા હોસ્પિટલ અને ત્યારબાદ વેરાવળ રીફર કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ તાલાલાના ઈન્ચાર્જ આર.એફ.ઓ. બી.એમ. આંબલીયાની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી.

## જનજીવન પૂર્વવત કરવા યુદ્ધ ગતિ

# સુરત પૂર રાહત માટે હર્ષ સંઘવીની કવાયત



(એજન્સી) સુરત । તા. 10

ભારે વરસાદ અને પૂરની ગંભીર આપત્તિ બાદ સુરત શહેરને ફરી બેઠું કરવા અને જનજીવનને સામાન્ય બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ મોડી રાત્રે સુરત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને સુરત મહાનગરપાલિકાના પદાધિકારીઓ સાથે એક હાઈ-લેવલ સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં પૂર બાદની સ્થિતિ અને રાહત કામગીરીનો ઝીણવટભરી રીતે તાગ મેળવવામાં આવ્યો હતો.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ પ્રશાસનને સ્પષ્ટ શબ્દોમાં સૂચના આપી છે કે પૂરના પાણીનો ત્વરિત નિકાલ, વિસ્તારોની સફાઈ અને નાગરિકોના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવું એ સરકારની પ્રાથમિકતા છે. પૂરને કારણે ઠપ થયેલા વેપાર-રોજગાર અને સામાન્ય જનજીવન આગામી ૪૮ થી ૭૨ કલાકમાં ફરી ધમધમતું થાય તે માટે તંત્રને કડક આદેશ આપવામાં આવ્યા છે. રોગચાળો ન ફેલાય તે માટે સ્વચ્છતા અભિયાનને પણ સર્વોચ્ચ મહત્વ આપવામાં આવી રહ્યું છે.

સુરત શહેરમાં તંત્ર દ્વારા અત્યાર સુધીમાં અંદાજે ૯,૧૦૦ જેટલા પરિવારોનો ડોર-ટુ-ડોર સર્વે પૂર્ણ કરી લેવામાં આવ્યો છે. આ અસરગ્રસ્ત પરિવારોને ઘરવખરી અને કેશડોલ પેટે રૂ. ૬,૮૦૦ લેખે સહાય સીધી તેમના ઘર સુધી પહોંચાડી દેવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બાકી રહેલા તમામ અસરગ્રસ્ત પરિવારોને પણ મોડી રાત સુધીમાં સહાય ચૂકવી દેવા માટે અલગ-અલગ ટીમો કાર્યરત કરી દેવાઈ છે. ૫૮ જેટલા નાના-મોટા વિસ્તારોમાં બજારો અને દુકાનોને થયેલા નુકસાનનો પણ સર્વે હાથ ધરવામાં આવ્યો છે.

સરકાર દ્વારા વેપારીઓને તાત્કાલિક આર્થિક મદદ મળી રહે તે માટે અગાઉથી ડેટા તૈયાર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે, જેથી મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં આ અંગેના મહત્વના નિર્ણયો ઝડપથી લઈ શકાય. જો કોઈ સોસાયટી કે વિસ્તાર સર્વેક્ષણમાંથી બાકી રહી ગયો હોય, તો તેના માટે કલેક્ટર કચેરી ખાતે ખાસ ઈન્ચાર્જ અધિકારીની નિમણૂક કરવામાં આવી છે. નાગરિકો હેલ્પલાઈન નંબર દ્વારા સંપર્ક કરીને પોતાના વિસ્તારનો સર્વે ત્વરિત કરાવી શકે છે.

સુરત ફરી એકવાર અણનમ ઊભું થઈને દેશના વિકાસમાં મહત્વનું યોગદાન આપતું રહેશે તેવો વિશ્વાસ નાયબ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો છે. સમગ્ર સરકારી તંત્ર અને મહાનગરપાલિકા રાત-દિવસ એક કરીને નાગરિકોની સુવિધા માટે કાર્યરત છે.

## રેલવે અપગ્રેડેશનને કારણે વડોદરા-અમદાવાદ વચ્ચેની ઈન્ટરસિટી અને મેમુ ટ્રેનો પ્રભાવિત

## વડોદરા સ્ટેશન પર યાર્ડ રિમોડેલિંગનું કામ: ૧૧ થી ૧૩ જુલાઈ સુધી બાજવા સ્ટેશનથી ટ્રેનોનું સંચાલન

(એજન્સી) વડોદરા । તા. 10

રેલ કામગીરીને આધુનિક બનાવવા તરફ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કરતા પશ્ચિમ રેલ્વેએ તાજેતરમાં વડોદરા સ્ટેશન પર વ્યાપક સિગ્નલિંગ અપગ્રેડ અને યાર્ડ રિમોડેલિંગ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. નોન-ઈન્ટરલોકિંગ પછીના કાર્યના ભાગ રૂપે વડોદરા સ્ટેશન યાર્ડ પર બ્લોક લાદવામાં આવ્યો છે, જેના પરિણામે કેટલીક ટ્રેનો પ્રભાવિત થઈ છે. અસરગ્રસ્ત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે: ટૂંકા ટર્મિનેશન/ઓરિજિનેટિંગ ટ્રેનો: ૧. ટ્રેન નંબર ૧૯૦૩૬ અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ ૧૧ થી ૧૩ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન બાજવા સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ કરવામાં આવશે અને બાજવા અને વડોદરા વચ્ચે રદ કરવામાં આવશે. ૨. ટ્રેન નંબર ૧૯૦૩૫ વડોદરા-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ ૧૧ થી ૧૩ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન બાજવા સ્ટેશનથી ટૂંકા ગાળા માટે ઉપડશે અને વડોદરા અને બાજવા વચ્ચે રદ કરવામાં આવશે. ૩. ટ્રેન નં. ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેન ૧૧ થી ૧૩ જુલાઈ ૨૦૨૬ દરમિયાન બાજવા સ્ટેશનથી ટૂંકી મુસાફરી માટે ઉપડશે અને વડોદરા-બાજવા વચ્ચે રદ રહેશે. ૪. ટ્રેન નં. ૨૨૯૬૦ જામનગર-વડોદરા પેસેન્જર ટ્રેન ૧૧ થી ૧૩ જુલાઈ ૨૦૨૬ દરમિયાન બાજવા સ્ટેશન પર ટૂંકા ગાળા માટે ઉપડશે અને બાજવા-વડોદરા વચ્ચે રદ રહેશે. ૫. ટ્રેન નં. ૬૯૧૦૧ વડોદરા-વટવા મેમુ ૧૧ થી ૧૩ જુલાઈ ૨૦૨૬ દરમિયાન બાજવા સ્ટેશનથી ટૂંકા ગાળા માટે ઉપડશે અને વડોદરા-બાજવા વચ્ચે રદ રહેશે. ૬. ટ્રેન નં. ૬૯૧૧૫ વડોદરા-વટવા મેમુ ૧૧ થી ૧૩ જુલાઈ ૨૦૨૬ દરમિયાન બાજવા સ્ટેશન પર ટૂંકા ગાળા માટે ઉપડશે અને વડોદરા-બાજવા વચ્ચે રદ રહેશે. ૭. ટ્રેન નં. ૬૯૧૧૩ વડોદરા-વટવા મેમુ ૧૧ થી ૧૩ જુલાઈ ૨૦૨૬ દરમિયાન બાજવા સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ રહેશે અને વડોદરા-બાજવા વચ્ચે રદ રહેશે. ૮. ટ્રેન નં. ૬૯૧૦૭ વડોદરા-વટવા મેમુ ૧૧ થી ૧૩ જુલાઈ ૨૦૨૬ દરમિયાન બાજવા સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ રહેશે અને વડોદરા-બાજવા વચ્ચે રદ રહેશે. ૯. ટ્રેન નં. ૬૯૧૧૪ વડોદરા-વટવા મેમુ ૧૧ થી ૧૩ જુલાઈ ૨૦૨૬ દરમિયાન બાજવા સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ રહેશે અને બાજવા-વડોદરા વચ્ચે રદ રહેશે. ૧૦. ટ્રેન નં. ૬૯૧૦૮ વટવા-વડોદરા મેમુ ૧૧ થી ૧૩ જુલાઈ ૨૦૨૬ દરમિયાન બાજવા સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ રહેશે અને બાજવા-વડોદરા વચ્ચે રદ રહેશે. ૧૧. ટ્રેન નં. ૬૯૧૦૨ વટવા-વડોદરા મેમુ ૧૧ થી ૧૩ જુલાઈ ૨૦૨૬ દરમિયાન બાજવા સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ રહેશે અને બાજવા-વડોદરા વચ્ચે રદ રહેશે. ૧૨. ટ્રેન નં. ૫૯૫૪૯ વડોદરા-વટવા પેસેન્જર ટ્રેન ૧૧ થી ૧૩ જુલાઈ ૨૦૨૬ દરમિયાન સવારે ૫:૪૦ વાગ્યે પ્રતાપનગર સ્ટેશનથી ઉપડશે અને ૦૬:૨૫/૦૬:૩૦ સુધી વડોદરા સ્ટેશન પર ૫ મિનિટનો સ્ટોપ રહેશે. મુસાફરોને વિનંતી છે કે તેઓ મુસાફરી કરતા પહેલા ટ્રેનના સમય, સ્ટોપેજ અને અન્ય અપડેટ માહિતી માટે રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે.

**રીક્ષાચાલક પર જીવલેણ હુમલો, આરોપી ઘટનાસ્થળેથી ફરાર**

# માંડવીમાં મુસાફર બેસાડવા બાબતે રીક્ષાવાળાઓ બાખડ્યા

(એજન્સી) વડોદરા । તા. 10

વડોદરા શહેરના માંડવી નજીક મુસાફર બેસાડવાની બાબતે બે રીક્ષાચાલકો વચ્ચે થયેલો સામાન્ય ઝઘડો ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા એક રીક્ષાચાલક પર લોખંડની ધારદાર વસ્તુ વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ મામલે સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### શું હતી ઘટના?

ફતેપુરાના ભંડવાડા વિસ્તારમાં રહેતા અને રીક્ષા ચલાવી ગુજરાન ચલાવતા યુનિસે ચાંદભાઈ શેખે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ ગઈકાલે બપોરે માંડવી નજીક પેસેન્જરની રાહ જોતા ઉભા હતા. તે સમયે એક મુસાફર ભૂલથી અગાઉની રીક્ષામાં બેસી ગયો હતો અને ત્યારબાદ તે મુસાફર યુનિસેની રીક્ષામાં આવીને બેઠો હતો. આ બાબતને લઈને આગળની રીક્ષાના ચાલક અરબાજ રફીકભાઈ લકીવાલાએ યુનિસે સાથે ઝઘડો શરૂ કર્યો હતો.

### હુમલો અને ભાગદોડ

વાતચીત દરમિયાન અરબાજ ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે લોખંડની ધારદાર વસ્તુ વડે યુનિસેના માથાના ભાગે જીવલેણ હુમલો કર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા યુનિસેને લોહીલુહાણ હાલતમાં છોડીને આરોપી અરબાજ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. હુમલાને પગલે માંડવી વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી.

### પોલીસ તપાસ

યુનિસેએ નોંધાવેલી ફરિયાદના આધારે સીટી પોલીસે હુમલાખોર અરબાજ રફીકભાઈ લકીવાલા વિરુદ્ધ ગુનો નોંધીને તેની શોધખોળ હાથ ધરી છે. શહેરના જાહેર માર્ગો પર પેસેન્જર બેસાડવા બાબતે રીક્ષાચાલકો વચ્ચે થતી ખેંચતાણ અને અવાર-નવાર બનતી આવી હિંસક ઘટનાઓ મુસાફરો અને સ્થાનિકોમાં પણ ચિંતાનો વિષય બની છે.

**વોકિંગ ટ્રેક થયો જમીનદોસ્ત, ગુણવત્તા સામે ગંભીર સવાલો**

# વડોદરાના ગોત્રી ગાર્ડનમાં વોકિંગ ટ્રેક ધસી પડ્યો

(એજન્સી) વડોદરા । તા. 10

વડોદરા શહેરમાં ચોમાસા દરમિયાન રસ્તાઓ બેસી જવાના અને ભૂવા પડવાના બનાવો જાણે નિયમ બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. તાંદળજા અને સમા-છાણી વિસ્તાર બાદ હવે શહેરના ગોત્રી ગાર્ડનમાં વોકિંગ ટ્રેક ધસી જવાની ઘટના સામે આવતા સહેલાણીઓમાં ભારે ચિંતા અને ફફડાટ વ્યાપી ગયો છે. સદનસીબે આ સમયે ત્યાં કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

ગઈકાલે વોકિંગ ટ્રેકનો એક મોટો ભાગ અચાનક બેસી જતાં મોટો ભૂવો પડી ગયો હતો. ગાર્ડન જેવા સુરક્ષિત ગણાતા સ્થળે આવી ઘટના બનતા સુરક્ષા સામે પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થયા છે. સ્થાનિકોનું માનવું છે કે જો આ સમયે કોઈ વૃદ્ધ કે બાળક ત્યાંથી પસાર થતું હોત તો ગંભીર અકસ્માત સર્જાઈ શક્યો હોત. વડોદરામાં સતત પડી રહેલા ભૂવાઓને કારણે કોર્પોરેશન દ્વારા કરવામાં આવતા વિકાસકામોની ગુણવત્તા સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે. તાંદળજામાં વિશાળ




ભૂવો પડ્યો, ત્યારબાદ સમા-છાણી સાયકલ ટ્રેક અને હવે ગોત્રી ગાર્ડનનો વોકિંગ ટ્રેક ધસી પડતા લોકોમાં ભારે રોષ છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે ટેન્ડર પ્રક્રિયા અને બાંધકામની કામગીરીમાં ભ્રષ્ટાચારને કારણે આવી ઘટનાઓ વારંવાર બની રહી છે. શહેરના માર્ગો બાદ હવે જાહેર બગીચાઓ પણ અસુરક્ષિત બની રહ્યા છે. લોકોએ માગણી કરી છે કે કોર્પોરેશનના સત્તાધીશો માત્ર સમારકામ કરવાને બદલે સમગ્ર વિસ્તારમાં થયેલા બાંધકામની તપાસ કરે અને જવાબદાર કોન્ટ્રાક્ટરો સામે કડક કાર્યવાહી કરે.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ
અમદાવાદ એક્સપ્રેસ
SATURDAY • 11-07-2026

# નીતિન ગડકરી અને ભૂપેન્દ્ર પટલે હાઈવેના કામોની સર્વગ્રાહી સમીક્ષા માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી

(એજન્સી) ધોલેરા | તા.10



અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વે ને ભાવનગર સુધી લંબાવવાની કામગીરી આગામી ત્રણ મહિનામાં શરૂ કરાશે. સેન્ટ્રલ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાંથી રાજ્યના નેશનલ હાઈવેના કામો માટે ફંડ મેળવવા દરખાસ્ત મોકલવાનો રાજ્ય સરકારને કેન્દ્રીય મંત્રીશ્રી નીતિન ગડકરીનો અનુરોધDPR તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં હોય તેવા તબક્કે રોડ અલાઈનમેન્ટમાં આવતી જમીનના સંપાદનની સરળતા માટે બિનખેતી મંજૂરી અંગેની કાર્યવાહી 60 દિવસ માટે સ્થગિત કરવાનું ગુજરાત મોડલ દેશ માટે ઉદાહરણરૂપરોડ વિસ્તરણ અલાઈનમેન્ટમાં આવતા વૃક્ષોનું તે જ રોડ પર અન્યત્ર ટ્રાન્સપ્લાન્ટ કરીને રોડ વિસ્તરણ થાય તે સુનિશ્ચિત કરીએભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરીએ ગુજરાતના નેશનલ હાઈવેના કામોની સર્વગ્રાહી સમીક્ષા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો સાથે ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. તેમણે નવેમ્બર-2025માં રાજ્ય સરકાર સાથે યોજેલી બેઠકના સંદર્ભે થયેલી જે કામગીરીમાં પ્રગતિ થઈ છે તેની વિગતો આ બેઠકમાં મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ અને મુખ્યમંત્રીશ્રીના સલાહકાર શ્રી એસ. એસ. રાઠૌરે આપી હતી, તે અંગે કેન્દ્રીય મંત્રીશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો હતો.આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના સલાહકારશ્રીએ કરેલા પ્રેઝન્ટેશનમાં મુખ્યત્વે વડોદરા-મુંબઈ નેશનલ હાઈવે-48ના સિક્સ લેન, મોરબી-સામખિયાળી માર્ગ પરના સામખિયાળી-માળિયા સેક્શન પરના કામો, રાજકોટ-ગોંડલ-જેતપુર રોડ, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વે, અમદાવાદ-ગોધરા-ઈન્દોર રોડ તેમજ જામનગર-અમૃતસર એક્સપ્રેસ-વે, પાલનપુર-સામખિયાળી કોરિડોર અને અમદાવાદ-શામળાજી સિક્સ લેન પ્રોજેક્ટ્સની વિગતો આપી હતી. સેન્ટ્રલ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાંથી રાજ્યના નેશનલ હાઈવેના કામો માટે ફંડ મેળવવા અંગેની દરખાસ્તો ત્વરાએ કેન્દ્રીય મંત્રાલયને મોકલી આપવા તેમણે અનુરોધ કર્યો હતો. કેન્દ્રીય મંત્રી શ્રી ગડકરીજીએ માર્ગોના DPR તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં હોય તેવા તબક્કે રોડ અલાઈનમેન્ટમાં આવતી જમીનના સંપાદનની સરળતા માટે બિનખેતી મંજૂરી અંગેની કાર્યવાહી 60 દિવસ માટે સ્થગિત કરવાનું જે મોડલ ગુજરાતે અપનાવ્યું છે તે માટે મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપતા જણાવ્યું કે, ગુજરાતનું મોડલ સમગ્ર દેશ માટે ઉદાહરણરૂપ બની શકે તેમ છે.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અપનાવેલો પર્યાવરણપ્રિય વિકાસનો અભિગમ આગળ ધપાવતા શ્રી ગડકરીજીએ વિવિધ માર્ગોના રોડ વિસ્તરણ અલાઈનમેન્ટમાં આવતા વૃક્ષોનું તે જ રોડ પર અન્યત્ર ટ્રાન્સપ્લાન્ટ કરીને રોડ વિસ્તરણ થાય તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.રાજ્ય સરકારના વિવિધ વિભાગો વચ્ચેના સુચારું સંકલનના પરિણામે રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જમીન સંપાદન સહિતના કામોમાં ગતિ આવી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પાલનપુર-સામખિયાળી કોરિડોરના કામોમાં ઝડપ લાવવા માટે કેન્દ્રીય મંત્રીશ્રીને અનુરોધ કર્યો હતો.આ બેઠકમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી ડૉ. જયંતિ રવિ, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી ડૉ. અંજુ શર્મા, NHAIના ટેકનિકલ મેમ્બર શ્રી આલોક દીપાંકર, રાજમાર્ગ મંત્રાલયના ચીફ એન્જિનીયર શ્રી મનોજ કુમાર, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, વન પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ શ્રી ડૉ. વિનોદ રાવ અને મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી ડૉ. વિક્રાંત પાંડે તેમજ માર્ગ-મકાન સચિવ શ્રી પ્રભાત પટેલિયા તથા NHAIના અને રાજ્ય સરકારના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**
આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આ ત્મ વિ શ્વા સ સ ભ ર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**
તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય.

**મિથુન : ક. છ. ઘ.**
તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે.

**કર્ક : ડ. હ.**
તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે.

**સિંહ : મ. ટ.**
તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**કન્યા : પ. ઠ. ણ.**
આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમારા માતા-પિતાને ખુશ કરવામાં તમને મુશ્કેલી પડશે. હકારાત્મક પરિણામ આપવા માટે સમજવાનો પ્રયાસ કરો.

**તુલા : ર. ત.**
ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. પરિવારના સભ્યો સાથે સમય વિતાવવો આનંદદાયક સાબિત થશે.

**વૃશ્ચિક : ન. ય.**
તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**
જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે.

**મકર : ખ. જ.**
મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**
શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો.

**મીન : દ. ચ. ઝ. થ.**
ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. સંબંધીઓ તમારી તરફ મદદનો હાથ લંબાવવા ઈચ્છુક હશે.

### કેબલ ચોરી થતાં ખેડૂતો ફરીયાદ કરવા પોલિશ મથકે દોડ્યા

# ચાણસ્મા તાલુકા જિતોડા ગામની સીમમાં આવેલી બોર પરથી ૨૨ મીટર કેબલ ચોરાયો

| નિતીન ઠાકર | ચાણસ્મા





ચાણસ્મા પંથક માં છેલ્લા બે માસથી મંદિર કેબલ ચોરોનો તરખાટ વધતાં તસ્કરો ને જાણે પોલિસનો કે કાયદાનો ડર રહ્યો ન હોય તેમ પંથકમાં વધી રહેતી તસ્કરીની ઘટનાઓ જોવા મળી રહ્યું છે. ત્યારે ચાણસ્મા તાલુકાના જીતોડા ગામે ગંગા ધારા સીમ વિસ્તારમાં આવેલ કિશાન પિયત મંડળીના બોર પરથી કેબલ ચોરી થયાની ઘટના સામે આવી છે શુકવારે જિતોડા ગામના કિશાન પિયત મંડળીના 8 થી 10 ખેડુતો બોર પર થયેલ કેબલ ચોરીની ઘટનાની ફરિયાદ દાખલ કરાવવા ચાણસ્મા પોલિશ મથકે આવી ચાણસ્મા પોલિસને બોર પર થયેલી કેબલ ચોરીની ઘટનાની જાણકારી આપતાં ચાણસ્મા પોલિશ દ્વારા ખેડૂતોની કેબલ ચોરીની ઘટનાની વિગતો મળતાં ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે કેબલ ચોરી નો ભોગ બનનાર કિશાન મંડળીના ચોરીની ફરીયાદ કરવા આવેલ ખેડૂતો પૈકી.અમરતભાઈ હીરાભાઈ પટેલે જણાવ્યું હતું કે ગંગાધાર સીમ વિસ્તારમાં અમારી ખેડૂતોની કિશાનપિયત મંડળીનો બોર આવેલ છે શુક્રવારે સવારે તેઓ બોર ચાલુ કરવા જતાં બોરની ઓરડીનું તાળું તૂટેલી હાલતમાં હતું જેથી ચોરી થયાની શંકા જતાં મંડળીના અન્ય ખેડૂતોને સ્થળ પર બોલાવી તપાસ કરતાં 22 કેબલ વાયરની અંદાજે કિંમત 1 લાખની તસ્કરી થવાથી ચાણસ્મા પોલિશ મથકે ફરીયાદ દાખલ કરવા આવ્યા હોવાનું જણાવ્યું હતું આ અગાઉ આ બોર પર ચાર વખત કેબલ ચોરી થયેલ છે .તેમ જણાવ્યું હતું

### ટ્રકચાલક સામે ફરિયાદ

## હાઈવે પર બંધ પડેલી ટ્રક પાછળ સલામતીના સાધનો ન રાખતાં યુવાનને ગંભીર ઈજા

(એજન્સી) જામનગર | તા.10

જામનગર-રાજકોટ હાઈવે પર સોયલ નજીક બંધ ટ્રકની પાછળ કોઈ સલામતીના સાધનો ન મૂકાતા અકસ્માત સર્જાયો હતો. વાવડીના મનવીરભાઈ ડાંગર 24 જૂન, 2026ના રોજ મોટરસાયકલ પર પરત ફરતી વખતે ટ્રક સાથે અથડાતા ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં જડબા અને પાંસળીમાં ફ્રેક્ચર જણાયું હતું. પોલીસે ટ્રકચાલક સામે બેદરકારી બદલ ફરિયાદ નોંધી છે. જામનગર-રાજકોટ હાઈવે પર સોયલ નજીક બંધ હાલતમાં ઉભી રાખવામાં આવેલી ટ્રકની પાછળ પાર્કિંગ લાઈટ કે અન્ય કોઈ સલામતીના સાધનો ન મૂકાતા થયેલા અકસ્માત અંગે ટ્રકચાલક સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.ફરિયાદ મુજબ, વાવડી ગામના મનવીરભાઈ પ્રવિણભાઈ ડાંગર તા. 24 જૂન, 2026ના રોજ રાત્રે ટંકારા ખાતે 108 એમ્બ્યુલન્સમાં ફરજ પૂર્ણ કરી પોતાના મોટરસાયકલ નં. જીજે-36-કે-8564 પર વાવડી પરત ફરી રહ્યા હતા. રાત્રે આશરે સાડા નવ વાગ્યે સોયલ પાસે ઉંડ નદીના પુલથી થોડે આગળ પહોંચતાં હાઈવે પર ટ્રક નં. જીજે-36-ટી-5701 બંધ હાલતમાં ઉભી હતી. ટ્રકની પાછળ પાર્કિંગ લાઈટ ચાલુ નહોતી તેમજ કોઈ રિફ્લેક્ટર, સાઈનિંગ કે અન્ય સલામતીના સાધનો મૂકવામાં આવ્યા ન હોવાથી ટ્રક દેખાઈ ન હતી અને મનવીરભાઈનું મોટરસાયકલ ટ્રકના પાછળના ભાગે અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો.

### શંકાસ્પદ દર્દીના રિપોર્ટ આવવાના બાકી

## સાબરકાંઠામાં ચાંદીપુરા વાઈરસનો ભરડો, પાંચ બાળકના મોત, એક પોઝિટિવ, ક્વૉરન્ટાઈન વ્યવસ્થા ઊભી કરાઈ

(એજન્સી) સાબરકાંઠા | તા.10

સાબરકાંઠાના હિંમતનગર સિવિલમાં છેલ્લા 14 દિવસમાં ચાંદીપુરા વાઈરસના 7 શંકાસ્પદ કેસ નોંધાયા છે. જેમાં 4 શંકાસ્પદ અને 1 પોઝિટિવ સહિત 5 બાળકોના મોત થયા છે. હિંમતનગર સિવિલમાં શંકાસ્પદ દર્દીઓ માટે અલગ વોર્ડ બનાવાયો છે. અન્ય શંકાસ્પદ દર્દીઓના રિપોર્ટ આવવાના બાકી છે. આરોગ્ય વિભાગે 4 ગામોમાં સર્વે હાથ ધર્યો છે.



સાબરકાંઠાના હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા 14 દિવસમાં ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ 7 કેસ નોંધાયા છે. જેમાં અત્યાર સુધીમાં ચાર શંકાસ્પદ અને એક પોઝિટિવ સહિત પાંચ બાળકોનાં મોત થયા છે. જ્યારે હિંમતનગરમાં ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ દર્દીઓ માટે અલગ વોર્ડ બનાવાયો છે.હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં 26મી જૂનથી નવમી જુલાઈ દરમિયાન ચાંદીપુરા વાઈરસના 7 શંકાસ્પદ કેસ નોંધાયા છે. સિવિલમાં મૃતકોમાં બનાસકાંઠાના બનોદરા ગામના 3 વર્ષીય બાળકનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના ખેરવાડા તાલુકાના બાબારી ગામના 6 વર્ષીય બાળકનું મોત થયા બાદ ત્રણ દિવસ પછી પોઝિટિવ આવ્યો હતો. ત્રીજા મૃતકમાં પંચમહાલ જિલ્લાના વેજલપુર વ્યાસડા ગામની 11 વર્ષીય બાળકીનું મોત થયું છે. જેના સેમ્પલનો રિપોર્ટ હજુ પેન્ડિંગ છે. અન્ય દર્દીઓ સારવાર હેઠળ છે. તેમ સાબરકાંઠાના આરઓઓએ જણાવ્યું હતું.વડાલીના રહેડાના બાળકનું શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના કારણે મોત નિપજ્યું. પોશીના તાલુકાના દેમતી ગામના બાળકને હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યું હતું. પરંતુ વાલી બાળકની યોગ્ય સારવાર કરાવવાના બદલે લઈને પલાયન થઈ જતાં શંકાસ્પદ બાળકનું પણ મોત નિપજ્યું હતું. તેમ આરોગ્ય વિભાગના એપિડેમિક અધિકારીએ જણાવ્યું હતું. જ્યારે પાછલા 48 કલાક દરમિયાન જિલ્લાના ફિચોડ, નાનાચેખલામાં શંકાસ્પદ કેસ જણાઈ આવતા આરોગ્ય વિભાગ દ્વારા તમામ 4 ગામોમાં આરોગ્યની ટીમો મોકલી સર્વે હાથ ધરાયો છે. તમામ શંકાસ્પદ કેસોની માહિતી જિલ્લા આરોગ્ય વિભાગને મોકલવામાં આવે છે.

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા તા. 10 થી 24 જુલાઈ, 2026 સુધી જાહેરનામું અમલમાં

# વાવ-થરાદ જિલ્લામાં સરકારી કચેરીઓની આસપાસ ધરણાં, ઉપવાસ અને ચારથી વધુ લોકોના એકત્ર થવા પર પ્રતિબંધ

| વાવ -થરાદ|

વાવ-થરાદ જિલ્લામાં જાહેર સુલેહ-શાંતિ, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સરકારી કચેરીઓની કામગીરી અને સામાન્ય જનતાની અવરજવરમાં કોઈ પ્રકારની અડચણ ઊભી ન થાય તે હેતુસર જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મયુર મહેતા (આઈ.એ.એસ.) દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-1951ની કલમ-37(1) હેઠળ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.જાહેરનામા મુજબ જિલ્લામાં આવેલી કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી, તમામ પ્રાંત કચેરીઓ, જિલ્લા પંચાયત, પોલીસ અધિક્ષક કચેરી, તાલુકા મામલતદાર કચેરીઓ, તાલુકા વિકાસ અધિકારી કચેરીઓ, નગરપાલિકાઓ, તમામ પોલીસ સ્ટેશનો તેમજ અન્ય સરકારી કચેરીઓ અને તેમની આસપાસના 200 મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ, ભૂખ હડતાલ, ધરણાં તેમજ ચારથી વધુ વ્યક્તિઓના એકત્ર થવા, સભા અથવા સરઘસ યોજવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.આ જાહેરનામું સમગ્ર વાવ-થરાદ જિલ્લામાં તા. 10 જુલાઈ, 2026થી તા. 24 જુલાઈ, 2026 સુધી અમલમાં રહેશે.

જાહેરનામામાં સરકારી ફરજ પર રહેલા અધિકારીઓ-કર્મચારીઓ, મરણોત્તર તેમજ લગ્ન પ્રસંગના સરઘસો અને સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી પ્રાપ્ત કાર્યક્રમોને મુક્તિ આપવામાં આવી છે.આ જાહેરનામાનો ભંગ કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-1951 તથા ભારતીય ન્યાય સંહિતા-2023ની સંબંધિત જોગવાઈઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ અંગે ફરિયાદ નોંધાવવા માટે વાવ-થરાદ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉચ્ચ કક્ષાના પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે.

## વાવ-થરાદમાં 3 વૈભવી કારમાંથી લાખો રૂપિયાનો વિદેશી દારૂ પકડાયો, 8 સામે ફરિયાદ

વાવ-થરાદ : ગુજરાત રાજ્યમાં દારૂબંધીના કાયદાની કડક અમલવારીના ભાગરૂપે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે વાવ-થરાદ જિલ્લામાં મોટી કાર્યવાહી કરી છે. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે એક ચોક્કસ બાતમીના આધારે વાવ-થરાદ વિસ્તારમાં સફળ દરોડા પાડીને વિદેશી દારૂનું મોટા પાયે થતી હેરાફેરી ઝડપી પાડી છે. આ દરોડા દરમિયાન પોલીસ ટીમે વૈભવી કાર, વિદેશી દારૂનો મોટો જથ્થો મળીને કુલ 64,59,842 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન એસએમસીની ટીમને એક ગુપ્ત અને ચોક્કસ માહિતી મળી હતી. જેના આધારે સુઈગામ પોલીસ સ્ટેશનની હદમાં આવતા ભારત માલા રોડના થરાદ-ભાભર સેક્શનની નજીક રામપુર-એટા રોડ પર જાહેર સ્થળે વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થતા શંકાસ્પદ વાહનોની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂનો મસમોટો જથ્થો મળી આવ્યો હતો.

## CCTV કેમેરાના ફૂટેજના આધારે ગણતરીના કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલાયો, ચોરાઉ રોકડ સાથે આરોપી ઝડપાયો

(એજન્સી) જામનગર | તા.10

જામનગર શહેરના ધણશેરીની ખાડ વિસ્તારમાં મીઠાની મીલ સામે આવેલી બાબજી સિરામિક એન્ડ સેનેટરી નામની દુકાનમાંથી થયેલી રોકડ રકમની ચોરીનો ભેદ જામનગર સીટી ‘બી’ ડિવિઝન પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ક્વોડે સી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજ અને બાતમીદારોની મદદથી ગણતરીના કલાકોમાં ઉકેલી આરોપીને ચોરીના રૂ. 9 હજાર સાથે ઝડપી પાડ્યો છે. આ બનાવ અંગે સીટી ‘બી’ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ 305(એ) અને 331(3) હેઠળ ગુનો નોંધાયો હતો. ફરિયાદ મુજબ અજાણ્યા શખ્સે દુકાનના વેન્ટિલેશન મારફતે અંદર પ્રવેશ કરી ટેબલના ખાનામાં રાખેલા રૂ.24 હજારની રોકડ ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની અને નાયબ પોલીસ અધિક્ષક જે.એન.ઝાલાના માર્ગદર્શન તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર એન.એમ.ગઢવી અને સર્વેલન્સ સ્ક્વોડના પી.એસ.આઈ. ડી.જી.રાજાના નેતૃત્વ હેઠળ તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન નજીકની દુકાનના સી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજમાં આરોપીની ઓળખ મળી આવતા તેનો ફોટો બાતમીદારોને મોકલી શોધખોળ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે સર્વેલન્સ સ્ક્વૉડે ગીતા લોજ પાછળના વિસ્તારમાં દરોડો પાડી રાજ લલ્લુભાઈ કોળી (ઉંમર 19 વર્ષ, રહે. બાવરીવાસ, દિગ્જામ સર્કલ પાસે, જામનગર)ને ઝડપી પાડ્યો હતો. તેની તલાશી દરમિયાન પેન્ટના ખિસ્સામાંથી રૂ.9 હજારની રોકડ મળી આવી હતી. પૂછપરછમાં આરોપીએ છ દિવસ અગાઉ બાબજી સિરામિક એન્ડ સેનેટરી દુકાનમાં વેન્ટિલેશન મારફતે પ્રવેશ કરી રૂ.24 હજારની ચોરી કર્યાની કબૂલાત આપી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી તેની પાસેથી ચોરીની રોકડ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા રૂ.125.87 કરોડના વિકાસ ખર્ચને મંજૂરી

(એજન્સી) જામનગર | તા.10

સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂ.125 કરોડ 87 લાખના ખર્ચને બહાલી આપવામાં આવી હતી.જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગ તા.09-07-2026 ના રોજ ધીરેનકુમાર પી.મોનાણીના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં કુલ 10 સભ્યો ઉપરાંત મેયર, ડે. મેયર, કમિશ્નર, સીટી એન્જીનીયર, આસી. કમિશ્નર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.15 માં નાણાપંચની મળેલ ટાઈડ અને અનટાઈડ ગ્રાન્ટ અન્વયે કામો હાથ ધરવા સૈધ્ધાંતિક મંજુરી આપવા અંગે કમિશ્નરની રજુ થયેલ દરખાસ્ત અન્વયે રૂા.122.79 કરોડના કામોને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી હતી.મુખ્ય બિલ્ડીંગ ખાતે નવું વાયરીંગ તથા પેનલ અપગ્રેડેશન વર્ક અંગે રૂા.86.89 લાખ, સોલીડ વેસ્ટ શાખાના કાયમી સફાઈ કામદાર જીતેશભાઈ ભુરાભાઈને કેન્સરની બીમારી સબબ આર્થિક સહાય મંજુર કરવાની દરખાસ્ત અન્વયે રૂા.75,000ની મર્યાદામાં આર્થિક સહાય ચુકવવા નિર્ણય લેવાયો હતો.જામનગર મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ ખાતે ટેકનીકલ અને વહિવટી કામગીરી માટે જુદી-જુદી જગ્યાઓ પર ફરજ બજાવતા કોન્ટ્રાકટ બેઈઝ કર્મચારીઓની નવી નિમણુંક આપવા અંગે દરખાસ્તની વિગતે 7 માસ માટે નવી નિમણુંક આપવા તથા અર્બન પ્લાનર તરીકે ફરજ બજાવતા કોન્ટ્રાકટ બેઈઝ કર્મચારીઓની નવી નિમણુંક અન્વયે દરખાસ્તની વિગતે નવી નિમણુંક આપવાનું મંજુર રાખવામાં આવ્યું હતું. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટ અંતર્ગત જામનગર શહેરના ઈસ્ટ ઝોન (વોર્ડ નં.9, 10, 11 અને 12) હેઠળ સમાવિષ્ટ થતા વિસ્તારોમાં શહેરની હૈયાત અને કાર્યરત ભુગર્ભગટરના નેટવર્કને મજબુતીકરણ તથા વિસ્તૃતિકરણ કરવાના કામ અંગે રૂા.79.18 લાખનું ખર્ચ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટ અંતર્ગત જામનગર શહેરના સાઉથ ઝોન (વોર્ડ નં. 13, 14, 15 અને 16) હેઠળ સમાવિષ્ટ થતા વિસ્તારોમાં રૂા.81.42 લાખનું ખર્ચ મંજુર કરવામાં આવ્યું હતું.

### પશુડા ગામે છેલ્લા 1 વર્ષથી પાણીની સમસ્યા

# એસટી સમાજ અને ભીમ આર્મી દ્વારા TDO ને આવેદનપત્ર પાઠવ્યું

| મહેશ એલ. સોની | નખત્રાણા





આજરોજ પશુડા ગામે અંદાજિત 50 જેટલા પરિવારો વસવાટ કરી રહ્યા છે. એસટી સમાજ એટલે કે ભીલ સમાજના આગેવાનો અને ગામના સરપંચ શ્રી સાથે છેલ્લા એક વર્ષથી ચાલી રહેલી પાણીની ગંભીર સમસ્યાને લઈને TDO સાહેબને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ રજૂઆતમાં ગામના સરપંચ શ્રી ભુરાભાઈ ભચુભાઈ ભીલ, બાબુ છગન ભીલ, દિલીપ પોપટ ભીલ, જેરામ લગધીર ભીલ, મોહન વાંધા ભીલ અને રસિક લગધીર ભીલ સહિત સમાજના તમામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ગામલોકોની સમસ્યા TDO સાહેબ સમક્ષ રજૂ કરી હતી.આ સાથે ભીમ આર્મી દ્વારા પણ આ મુદ્દાને સમર્થન આપી આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં ભીમ આર્મી કચ્છ જિલ્લા અધ્યક્ષ હરિભાઈ પરમાર, મહામંત્રી ભીમજીભાઈ બોચિયા, જિલ્લા ઉપાધ્યક્ષ અરવિંદભાઈ વાઘેલા, સંગઠન મંત્રી નવાબભાઈ ખલીફા તેમજ ભીમ આર્મીના તાલુકા અને જિલ્લાના કાર્યકર્તા મિત્રો જોડાયા હતા.

ગામલોકોએ જણાવ્યું કે છેલ્લા એક વર્ષથી પીવાના પાણીની ભારે તંગી છે. વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણ ન આવતા આજે સામૂહિક રીતે આવેદનપત્ર આપવામાં આવ્યું છે. જો તાત્કાલિક ધોરણે પાણીની સુવિધા ઉપલબ્ધ નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી પણ આપવામાં આવી છે.

## જામનગરમાં ડ્રીમ સિટી વિસ્તારમાં મહિલાઓ દ્વારા રમાતા તીનપત્તીના જુગાર પર પોલીસનો દરોડો, 6 મહિલાઓ ઝડપાઈ

(એજન્સી) જામનગર | તા.10

જામનગર શહેરના સ્વામીનારાયણનગર સ્થિત ડ્રીમ સિટી વિસ્તારમાં ચાલતા જુગારધામ પર જામનગર સીટી ‘બી’ ડિવિઝન પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ક્વોડે દરોડો પાડી ગંજીપત્તાના પાના વડે તીનપત્તી રોનપોલી નામનો જુગાર રમતી છ મહિલાઓને ઝડપી પાડી તેમની પાસેથી રૂ.30,800ની રોકડ તથા ગંજીપત્તાના પાનાં કબજે કર્યા છે.જામનગરના સીટી ‘બી’ ડિવિઝન પોલીસ ઈન્સ્પેક્ટર એન.એમ.ગઢવીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ક્વોડ પેટ્રોલિંગમાં હતું.

દરમિયાન પોલીસને ખાનગી બાતમી મળી હતી કે સ્વામીનારાયણનગર ડ્રીમ સિટી, શેરી નં. ‘સી’ ખાતે આવેલા એક મકાન પાસે મહિલાઓ ગંજીપત્તાના પાનાં વડે પૈસાની હારજીતનો જુગાર રમી રહી છે. જે બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડતાં રીનાબેન રમેશભાઈ પટેલ, હેમાબેન પરેશભાઈ ખુબચંદાણી, લતાબેન હરીશભાઈ હિંદુજા, સુનીતાબેન જીતુભાઈ નાગપાલ, મધુબેન જેરામભાઈ વાછાણી અને આશાબેન યોગેશભાઈ મેવાડાને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે મહિલાઓ પાસેથી કુલ રૂ.30,800ની રોકડ તેમજ ગંજીપત્તાના પાનાં કબજે કર્યા હતા. આ અંગે જુગારધારા કલમ-12 હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## રેન્કિંગ: દેશમાં સતત વધી રહ્યો છે વિદેશી રોકાણ પ્રવાહ

# ભારત બન્યું વિશ્વનું ૧૧મું સૌથી મોટું વિદેશી સીધા રોકાણ

અમદાવાદ: વૈશ્વિક અર્થતંત્રમાં ભારતનું કદ સતત વધી રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના અહેવાલે આ વાત પર મહોર મારી છે કે ભારત હવે રોકાણકારો માટે વિશ્વનું મનપસંદ સ્થળ બની રહ્યું છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન ભારતમાં વિદેશી સીધા રોકાણના પ્રવાહમાં ૪૪ ટકાનો ધરખમ વધારો નોંધાયો છે, જેના પરિણામે ભારત વૈશ્વિક રેન્કિંગમાં બે સ્થાનની છલાંગ લગાવીને ૧૧મા ક્રમે પહોંચી ગયું છે.

વર્લ્ડ ઈન્વેસ્ટમેન્ટ રિપોર્ટ મુજબ, ૨૦૨૫માં ભારતનો વિદેશી સીધા રોકાણનો પ્રવાહ ૩૮.૭૯ અબજ ડોલર સુધી પહોંચ્યો છે. જ્યારે વર્ષ ૨૦૨૪માં આ આંકડો ૨૭.૦૯ અબજ ડોલર હતો. એક તરફ જ્યાં વિકાસશીલ દેશોમાં રોકાણની ગતિ અત્યંત મંદ જોવા મળી રહી છે, ત્યાં ભારતે પોતાની આર્થિક સ્થિતિસ્થાપકતા સાબિત કરી છે. સેવા ક્ષેત્ર, ઉત્પાદન




અને સપ્લાય ચેઈનમાં થયેલા સતત રોકાણને કારણે દેશનું સ્થાન વધુ મજબૂત બન્યું છે.

એક સમયે રોકાણ માટે મોખરે રહેલા દેશોમાં હવે ઘટાડો જોવા મળી રહ્યો છે. અહેવાલ મુજબ, ચીનમાં વિદેશી રોકાણ પ્રવાહ ૧૧૯.૨૪ અબજ ડોલરથી ઘટીને ૧૦૪.૯૬ અબજ ડોલર થયો છે. તે જ રીતે, વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા ગણાતા અમેરિકામાં પણ રોકાણ પ્રવાહમાં ૨ ટકાનો ઘટાડો નોંધાયો છે.

આ વૈશ્વિક પ્રવાહો વચ્ચે ભારતનું સતત ઉપર તરફનું વલણ રોકાણકારોનો દેશની નીતિઓ પરનો વિશ્વાસ દર્શાવે છે.ભારતની આ સફળતા પાછળ અનેક પરિબળો જવાબદાર છે. દેશમાં ડિજિટલ માંગમાં થયેલો વિસ્ફોટક વધારો, તકનીકી નિપુણતા અને ક્લાઉડ સેવાઓ માટે વિસ્તરતું બજાર રોકાણકારોને આકર્ષી રહ્યા છે. ખાસ કરીને આલ્ફાબેટ જેવી વૈશ્વિક કંપનીઓ દ્વારા ભારતમાં ડેટા સેન્ટર્સ માટે કરાયેલા ૧૪.૫ અબજ ડોલરના રોકાણની જાહેરાતે આ ક્ષેત્રમાં નવી આશા જગાવી છે.

જોકે, નિષ્ણાતો સાવચેતી રાખવાની સલાહ પણ આપી રહ્યા છે. અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ટેરિફ બાબતની અનિશ્ચિતતા અને સપ્લાય ચેઈનમાં થતા ફેરફારોને કારણે નવા ઉત્પાદન પ્રોજેક્ટ્સની ગતિ થોડી ધીમી પડી છે. ૨૦૨૪માં જ્યાં નવા પ્રોજેક્ટ્સમાં રોકાણ ૧૧૧.૧૪ અબજ ડોલર હતું, તે ઘટીને ૨૦૨૫માં ૭૪.૧૨ અબજ ડોલર રહ્યું છે. આમ છતાં, ભારતની એકંદર રોકાણની ક્ષમતા વિશ્વના ઘણા વિકસિત દેશો કરતા વધુ સદ્ધર જણાય છે. માત્ર રોકાણ મેળવવામાં જ નહીં, પણ ભારત હવે અન્ય દેશોમાં રોકાણ કરવામાં પણ પાછળ નથી. વૈશ્વિક સ્તરે રોકાણ કરનારા ટોચના દેશોની યાદીમાં ભારત બે સ્થાન ઉપર ચઢીને ૧૯મા ક્રમે આવ્યું છે. પાછલા વર્ષના ૨૪.૨૬ અબજ ડોલરની સામે ૨૦૨૫માં ભારતીય કંપનીઓએ વિદેશમાં ૩૫.૯૬ અબજ ડોલરનું રોકાણ કર્યું છે, જે ૪૭ ટકાનો જંગી ઉછાળો સૂચવે છે. આ આંકડાઓ સાબિત કરે છે કે ભારત હવે માત્ર રોકાણ લેનાર નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે રોકાણ આપનાર દેશ તરીકે પણ પોતાની ઓળખ મજબૂત કરી રહ્યું છે. આગામી સમયમાં આર્થિક સુધારાઓના પરિણામે આ આંકડાઓમાં વધુ સકારાત્મક ફેરફારો જોવા મળી શકે છે.

## ઈથેનોલ મિશ્રિત પેટ્રોલથી ખેડૂતોની આવક અને ઉર્જા સુરક્ષા વધશે

નવી દિલ્હી: વર્તમાન વૈશ્વિક કાચા તેલના ભાવ મુજબ ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનું ઉત્પાદન શુદ્ધ પેટ્રોલ કરતા થોડું ખર્ચાળ હોઈ શકે છે, પરંતુ તેના લાંબા ગાળાના ફાયદા દેશ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે આ કાર્યક્રમ ભારતીય ગ્રાહકોને વૈશ્વિક તેલના ભાવમાં થતી વધઘટ સામે રક્ષણ આપે છે અને દેશની ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવે છે.



મંત્રાલયના અહેવાલ મુજબ, ઈથેનોલનું અર્થશાસ્ત્ર આંતરરાષ્ટ્રીય કાચા તેલના ભાવ પર નિર્ભર કરે છે. હાલમાં મકાઈ આધારિત ઈથેનોલની ખરીદી જીએસટી, પરિવહન અને સંગ્રહના ખર્ચ પહેલાં આશરે ૭૧.૮૬ રૂપિયા પ્રતિ લીટરના દરે થાય છે. જો આંતરરાષ્ટ્રીય બજારમાં કાચું તેલ ૭૦ ડોલર પ્રતિ બેરલની આસપાસ હોય, તો ૨૦ ટકા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ ઉત્પાદન ખર્ચની દ્રષ્ટિએ શુદ્ધ પેટ્રોલ કરતા મોંઘું પડે છે. જોકે, જો તેલના ભાવ વધીને ૧૨૦ થી ૧૩૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચે, તો આ ગણિત કુદરતી રીતે ઉલટાઈ જાય છે અને ઈથેનોલ વધુ સસ્તું સાબિત થાય છે.

મંત્રાલયે પ્રશ્ન કર્યો છે કે, "ભારતે વૈશ્વિક તેલના અસ્થિર ભાવની સંપૂર્ણ અસરથી ગ્રાહકોને કેવી રીતે બચાવ્યા છે?" તેનો જવાબ ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ કાર્યક્રમમાં છુપાયેલો છે. ભારતમાં હાલમાં વેચાતા દરેક લીટર પેટ્રોલમાં લગભગ ૨૦ ટકા ઘરેલું ઉત્પાદિત ઈથેનોલ હોય છે. આનાથી આયાતી કાચા તેલ પરની નિર્ભરતા ઘટી છે અને ઈંધણના ભાવને વૈશ્વિક વધઘટથી સુરક્ષિત રાખવામાં મદદ મળી છે.

આ ઈથેનોલ કાર્યક્રમે માત્ર અર્થતંત્રને જ નહીં, પણ દેશના અન્નદાતાઓને પણ મોટી રાહત આપી છે. મીડિયા અહેવાલ અનુસાર, આ કાર્યક્રમ હેઠળ અત્યાર સુધીમાં ૧.૯૭ લાખ કરોડ રૂપિયાથી વધુનું વિદેશી હૂંડિયામણ બચાવવામાં સફળતા મળી છે.

## News Brief

### ULIP રોકાણકારો માટે નવી તક: એજિયાસ ફેડરલ દ્વારા ૩-ઈન-૧ થીમેટિક ઈક્વિટી ફંડ રજૂ

મુંબઈ : એજિયાસ ફેડરલ લાઈફ ઈન્સ્યોરન્સે એના યુનિટ લિન્ક્ડ ઈન્સ્યોરન્સ પ્લાન્સ (ULIPs) મારફતે પોતાના પ્રકારનું થીમ પર આધારિત ઈન્વેસ્ટમેન્ટ સોલ્યુશન ઈન્ડિજીનિયસ ફંડ લૉંચ કરવાની જાહેરાત કરી હતી. ફંડ રોકાણના વિવિધતાસભર પોર્ટફોલિયો મારફતે લાંબા ગાળાની ત્રણ માળખાગત થીમો - ભારતની વિકાસગાથા, સ્વદેશીકરણ અને કૌશલ્ય સાથે સુસંગત વ્યવસાયોમાં રોકાણ કરે છે. ભારતના સૌથી મોટા માર્કેટ સૂચકાંકો પૈકીના એક BSE 500 ઈન્ડેક્સનો બેન્ચમાર્ક તરીકે ઉપયોગ કરીને ઈન્ડિજીનિયસ ફંડ રોકાણ કરવા વિવિધતાસભર મલ્ટિ-કેપ અભિગમને અનુસરે છે, જે લાર્જ કેપ, મિડ કેપ અને સ્મોલ કેપ કંપનીઓમાં રોકાણ કરવાની સુવિધા આપે છે. BSE 500 ઈન્ડેક્સને બેન્ચમાર્ક તરીકે પસંદ કરવામાં આવ્યો છે, કારણ કે તે અલગ-અલગ ક્ષેત્રો અને બજાર મૂડીકરણ ધરાવતી ભારતની લિસ્ટેડ કંપનીઓના એક મોટા વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે, જેથી આ ફંડ રોકાણની વ્યૂહરચના સાથે સુસંગત છે. એનાથી ફંડને પોતાની રોકાણની થીમ સાથે સંબંધિત વ્યવસાયોમાં તકો ઓળખવામાં મદદ મળે છે તેમજ ભારતની બદલાતી કૉર્પોરેટ પૃષ્ઠભૂમિની વ્યાપકતા અને વિવિધતાનો લાભ પણ મળે છે. ઈન્ડિજીનિયસ ફંડ ઓપન-એન્ડેડ ઈક્વિટી ફંડ છે, જે મુખ્યત્વે ઈક્વિટીલક્ષી રોકાણ વ્યૂહરચનાને અનુસરે છે. ફંડ એના પોર્ટફોલિયોમાંથી 80 ટકાથી 100 ટકા ફંડનું રોકાણ ઈક્વિટી અને ઈક્વિટી સાથે સંબંધિત માધ્યમોમાં કરે છે, તો બાકીનું રોકાણ કેશ અને મની માર્કેટ માધ્યમોમાં કરે છે, જેથી પર્યાપ્ત લિક્વિડિટી જળવાઈ રહે છે. પોર્ટફોલિયોનું સક્રિય મેનેજમેન્ટ ફંડના રોકાણના ઉદ્દેશો અને લાગુ નિયમનકારક માર્ગદર્શિકાઓ સાથે થશે.

## ફિટનેસ માર્કેટમાં કલ્ટ.ફિટનો દબદબો: IPO માટે DRHP ફાઈલ

# કલ્ટ.ફિટ લિમિટેડ લાવશે રૂ. ૯૫૦ કરોડનો આઈપીઓ

(એજન્સી) મુંબઈ | તા.10

ભારતની સૌથી મોટી ફિટનેસ સર્વિસીસ પ્રોવાઈડર કલ્ટ.ફિટ લિમિટેડે (જે અગાઉ ક્યોરફિટ હેલ્થકેર પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતી હતી) આઈપીઓ માટે સેબી સમક્ષ તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે. રેડસીર રિપોર્ટ અનુસાર, 31 માર્ચ, 2026ની સ્થિતિએ કંપની તેના નેટવર્કમાં આવેલા ફિટનેસ સેન્ટરોની સંખ્યાના આધારે ભારતનું સૌથી મોટું ફિટનેસ અને એક્ટિવ લાઈફસ્ટાઈલ પ્લેટફોર્મ છે. કંપની cult.Fit એપ, cult.Fit વેબસાઈટ તેમજ અન્ય ઓનલાઈન અને ઓફલાઈન માધ્યમો દ્વારા એકીકૃત પ્લેટફોર્મ દ્વારા ફિટનેસ સર્વિસીસ અને એક્ટિવ લાઈફસ્ટાઈલ સંબંધિત પ્રોડક્ટ્સ પ્રદાન કરે છે. રેડસીર રિપોર્ટ મુજબ, 31 માર્ચ, 2026 સુધી ભારતમાં ફિટનેસ સેવાઓ અને ફિટનેસ પ્રોડક્ટ્સ એમ બંને ક્ષેત્રોમાં હાજરી ધરાવતું આ એકમાત્ર ફિટનેસ અને એક્ટિવ લાઈફસ્ટાઈલ પ્લેટફોર્મ છે. કંપનીનો હેતુ સ્વસ્થ અને સક્રિય જીવનશૈલી અપનાવવા ઈચ્છતા લોકો માટે પ્રથમ પસંદગીનું પ્લેટફોર્મ બનવાનો છે. આ ઈશ્યૂમાં રૂ. 950 કરોડ સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ તેમજ વેચાણકર્તા શેરધારકો દ્વારા કુલ 17,86,09,200 ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યૂ રૂ. 1 છે. કંપની ઈશ્યૂમાંથી પ્રાપ્ત થનારી ચોખ્ખી રકમનો ઉપયોગ નીચે મુજબ કરવાની યોજના ધરાવે છે:કંપની દ્વારા લેવામાં આવેલી કેટલીક લોનની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી અથવા પૂર્વચુકવણી કરવા માટે. નવા Cult Elite અને Cult Neo સેન્ટર્સ (collectively, "Cult Centres") શરૂ કરવા




માટે મૂડી ખર્ચ કરવા.તેની સહાયક કંપની કલ્ટસ્પોર્ટ પ્રાઈવેટ લિમિટેડમાં નવા એક્સક્લૂઝિવ બ્રાન્ડ આઉટલેટ્સ (ઈબીઓ) શરૂ કરવા માટે જરૂરી મૂડી ખર્ચ માટે રોકાણ કરવા.કંપની દ્વારા સંચાલિત હાલના નિર્ધારિત કેન્દ્રો માટે લીઝ, ભાડા અથવા લાઈસન્સ કરાર સંબંધિત ચુકવણીઓ કરવા.બ્રાન્ડ અંગે લોકોમાં વધુ જાગૃતિ લાવવા માટે બ્રાન્ડ માર્કેટિંગ, જાહેરાત અને વ્યવસાય પ્રચાર પર ખર્ચ કરવા.સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે. રેડસીર રિપોર્ટ અનુસાર, 31 માર્ચ, 2026ની સ્થિતિએ કંપની ભારતનું સૌથી મોટું ફિટનેસ અને એક્ટિવ લાઈફસ્ટાઈલ પ્લેટફોર્મ છે.

કંપનીના 77 શહેરોમાં કુલ 708 ફિટનેસ સેન્ટરો કાર્યરત છે, જે તેના પછીના સૌથી મોટા પ્રતિસ્પર્ધીની સરખામણીએ ચાર ગણા મોટા નેટવર્ક સમાન છે. નાણાંકીય વર્ષ 2026 દરમિયાન કંપનીના ફિટનેસ સર્વિસીસ વ્યવસાયમાં ચુકવણી કરનારા 9,87,020 પેઈડ મેમ્બર્સ હતા, જ્યારે ફિટનેસ પ્રોડક્ટ્સ વ્યવસાય હેઠળ 42.3 લાખથી વધુ પ્રોડક્ટ્સની ડિલિવરી કરવામાં આવી હતી. કંપનીના વ્યવસાયની આવકના વિવિધ સ્ત્રોતો હોવાથી તેનું આવક માળખું સંતુલિત છે. કુલ આવકમાંથી અંદાજે 70 ટકા આવક ફિટનેસ સર્વિસીસમાંથી આવે છે, જ્યારે બાકીની 30 ટકા આવક ફિટનેસ પ્રોડક્ટ્સના વ્યવસાયમાંથી મળે છે. તેના કારણે કંપનીને નિયમિત તેમજ વ્યવહાર આધારિત એમ બંને પ્રકારની આવક પ્રાપ્ત થાય છે. કંપનીએ નફાકારકતામાં સતત સુધારા સાથે વિકાસનો મજબૂત માર્ગ દર્શાવ્યો છે. કામગીરીમાંથી કંપનીની આવક નાણાંકીય વર્ષ 2024માં રૂ. 9,266.62 મિલિયનથી વધીને નાણાંકીય વર્ષ 2026માં રૂ. 17,206.06 મિલિયન થઈ હતી. નાણાંકીય વર્ષ 2026માં કંપનીએ વાર્ષિક ધોરણે 36.26 ટકા વૃદ્ધિ નોંધાવી હતી, જ્યારે નાણાંકીય વર્ષ 2025માં આ વૃદ્ધિ 31.17 ટકા હતી. કંપનીનું એડજસ્ટેડ એબિટા માર્જિન નાણાંકીય વર્ષ 2025માં માઈનસ 2.76 ટકાથી સુધરીને નાણાંકીય વર્ષ 2026માં 8.41 ટકા થયું હતું.

## ડિક્સન ટેક્નોલોજીસના શેરમાં વિવો સાથે જોડાણ બાદ તેજી જોવા મળી

નવી દિલ્હી: ભારતીય સ્માર્ટફોન બજારમાં એક મોટા ગઠબંધનની જાહેરાત બાદ ડિક્સન ટેક્નોલોજીસના શેરમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. શુક્રવારે સવારે ટ્રેડિંગની શરૂઆતમાં જ ડિક્સન ટેક્નોલોજીસના શેર ૩.૫ ટકા વધીને ૧૩,૮૪૦ રૂપિયાની સપાટી પર પહોંચી ગયા હતા. કંપનીએ વિવો મોબાઈલ ઈન્ડિયા સાથે સ્માર્ટફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણોના ઉત્પાદન માટે સંયુક્ત સાહસ (JV) બનાવવાની સત્તાવાર જાહેરાત કરી છે, જેણે બજારમાં રોકાણકારોનો ઉત્સાહ વધાર્યો છે.કંપનીએ સ્ટોક એક્સચેન્જને આપેલી માહિતી મુજબ, આ સંયુક્ત સાહસમાં ડિક્સનનો ૫૧ ટકા હિસ્સો રહેશે, જ્યારે વિવો મોબાઈલ ઈન્ડિયા પાસે બાકીનો ૪૯ ટકા હિસ્સો રહેશે. બંને કંપનીઓએ સ્પષ્ટ કર્યું છે કે આ ભાગીદારીમાં એકબીજાની કંપનીમાં કોઈ પણ પ્રકારનો હિસ્સો લેવામાં આવશે નહીં. આ સંયુક્ત સાહસનું મુખ્ય કાર્ય ભારતમાં સ્માર્ટફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો માટે ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર (OEM) તરીકે વ્યવસાય કરવાનું રહેશે.આ ભાગીદારી પાછળનો મુખ્ય હેતુ ભારતમાં એન્ડ્રોઈડ સ્માર્ટફોન ઈકોસિસ્ટમમાં ડિક્સનની પકડ મજબૂત બનાવવાનો છે. ડિક્સન ટેક્નોલોજીસના મતે, આ જોડાણ કંપનીની ઉત્પાદન શ્રેષ્ઠતા અને કાર્યક્ષમતાને નવી ઊંચાઈઓ પર લઈ જશે. આ નવું સાહસ માત્ર વિવોના સ્માર્ટફોન ઓર્ડર્સ જ નહીં, પરંતુ અન્ય બ્રાન્ડ્સના ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોનું કામ પણ હાથ ધરી શકશે. આ પ્રોજેક્ટ માટે શરૂઆતી પેઈડ-અપ મૂડી ૫ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવી છે, જેમાં બંને કંપનીઓ તેમના હિસ્સાના પ્રમાણમાં રોકાણ કરશે.વિવો મોબાઈલ ઈન્ડિયાને આ સંયુક્ત સાહસની સ્થાપના માટે ભારત સરકાર તરફથી જરૂરી મંજૂરીઓ મળી ગઈ છે. જોકે, આ સોદાની સંપૂર્ણ પ્રક્રિયા હજુ કેટલીક કાયદાકીય અને વૈધાનિક મંજૂરીઓ પૂર્ણ થવાને આધીન છે. બજારના નિષ્ણાતો માને છે કે આ ભાગીદારીથી ભારતમાં 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને મોટો વેગ મળશે અને ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ભારતની ક્ષમતા વધશે.

## ઓટોમેશન એક્સ્પો 2026: તાઈવાનની અદ્યતન AI ટેક્નોલોજી ભારતીય ઉત્પાદન ક્ષેત્રમાં લાવશે ક્રાંતિ




મુંબઈ : ભારતનું ઉત્પાદન ક્ષેત્ર સ્માર્ટ ફેક્ટરી અને ટકાઉ ઉત્પાદન વ્યવસ્થા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે ત્યારે તાઈવાન એક્સીલન્સ ઓટોમેશન એક્સ્પો 2026માં તાઈવાનની કેટલીક સૌથી અદ્યતન ઈન્ડસ્ટ્રીયલ ટેક્નોલોજી રજૂ કરી રહ્યું છે. આ પ્રદર્શન ભારતીય ઉત્પાદકોને ઈન્ટેલિજન્ટ મેન્યુફેક્ચરિંગના ભવિષ્યની ઝાંખી કરાવશે. ઓટોમેશન એક્સ્પો 2026માં તાઈવાન એક્સીલન્સ પેવેલિયનમાં એઆઈ એજ કમ્પ્યુટિંગ, રોબોટિક્સ અને સ્માર્ટ ઓટોમેશન તેમજ ઈન્ડસ્ટ્રીયલ ઈક્વિપમેન્ટ્સ એન્ડ કમ્પોનેન્ટ્સ જેવા ક્ષેત્રોમાં 22 એવોર્ડ વિજેતા તાઈવાની બ્રાન્ડ્સની નવીનતાઓનું પ્રદર્શન કરવામાં આવશે. મુંબઈના બોમ્બે એક્ઝિબિશન સેન્ટરમાં 22થી 25 જુલાઈ દરમિયાન યોજાનારા આ પેવેલિયનમાં એવી ટેક્નોલોજી રજૂ કરવામાં આવશે, જે ઉત્પાદકોને ઉત્પાદકતા વધારવામાં, કામગીરીને વધુ મજબૂત અને સ્થિર બનાવવામાં તેમજ વધુ ટકાઉ ઉત્પાદન વ્યવસ્થા ઊભી કરવામાં મદદ કરશે. આ વર્ષની ભાગીદારીનું મુખ્ય આકર્ષણ 22 જુલાઈના રોજ યોજાનારું "Building Sustainable Manufacturing with Taiwan's Adaptive Solutions" વિષય પર આધારિત તાઈવાન એક્સીલન્સ પ્રોડક્ટ લોન્ચ રહેશે. HIWIN, IBASE, SINTRONES અને SYNTEC જેવી તાઈવાનની ચાર અગ્રણી બ્રાન્ડ્સ તેમના લેટેસ્ટ ઈન્ડસ્ટ્રીયલ ઈનોવેશન્સ રજૂ કરશે અને દર્શાવશે કે કેવી રીતે એઆઈ આધારિત તથા એડપ્ટિવ ટેક્નોલોજી વધુ સ્માર્ટ અને વધુ ટકાઉ ઉત્પાદનને શક્ય બનાવી રહી છે. વર્ષ 2025 દરમિયાન તાઈવાનના ઉત્પાદન ક્ષેત્રે ઐતિહાસિક સર્વોચ્ચ ઉત્પાદન નોંધાવ્યું હતું અને પ્રોડક્શન ઈન્ડેક્સમાં 17.9 ટકા વધારો નોંધાયો હતો. આ વૃદ્ધિ પાછળ એઆઈ, હાઈ-પરફોર્મન્સ કમ્પ્યુટિંગ અને એડવાન્સ્ડ ઈન્ડસ્ટ્રીયલ ટેક્નોલોજીની વૈશ્વિક માંગ મુખ્ય કારણ રહી હતી. આ વૃદ્ધિ ઈન્ટેલિજન્ટ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં તાઈવાનના સતત નેતૃત્વને પણ દર્શાવે છે.

## ગાંધીનગરમાં 'પ્રવાસ 5.0'નો પ્રારંભ: કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જાહેર પરિવહનના ભવિષ્યની કરી ચર્ચા

ગાંધીનગર : ભારતનો સૌથી મોટો જાહેર પરિવહન શો પ્રવાસ 5.0નું આજે ગાંધીનગરના હેલિપેડ પ્રદર્શન કેન્દ્ર ખાતે ભારત સરકારના માનનીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી શ્રી નીતિન ગડકરી દ્વારા સત્તાવાર રીતે ઉદઘાટન કરવામાં આવ્યું. 'સલામત, સ્માર્ટ અને સક્ષમ પેસેંજર મોબિલિટી તરફ' થીમ હેઠળ આયોજિત આ કાર્યક્રમ 'વિકસિત ભારત તરફ રાષ્ટ્રનું નેતૃત્વ'ના વિશાળ વિઝન સાથે અધોરેખિત છે, જેમાં ભારતના પ્રવાસી પરિવહન ક્ષેત્રના પરિવર્તનને ગતિ આપવા માટે નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ આગેવાનો અને પરિવહન હિસ્સેદારો એકત્ર આવ્યા છે. ઉદઘાટન સમારોહમાં પશ્ચિમ બંગાળ સરકારના માનનીય પરિવહન અને શ્રમ મંત્રી શ્રી અર્જુન સિંહ, પશ્ચિમ બંગાળ સરકારના માનનીય પર્યટન અને સંસદીય બાબતોના મંત્રી ડૉ. શંકર ઘોષ, ઉત્તરાખંડ સરકારના માનનીય પરિવહન મંત્રી શ્રી પ્રદીપ બત્રા, ગુજરાત સરકારના માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયા, ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે શ્રી આનંદ એસ, વાઈસ પ્રેસિડેન્ટ અને બિઝનેસ હેડ - સીવી પેસેન્જર, ટાટા મોટર્સ લિ., શ્રી એસ.એસ. ગિલ, ચીફ કમર્શિયલ ઓફિસર, VE કોમર્શિયલ વ્હીકલ્સ લિ. (VECV), શ્રી મનોજ અગરવાલા, ચીફ બિઝનેસ ઓફિસર, રેડબસ, શ્રી આલોક બાજપાઈ, ગ્રુપ સીઈઓ, ઈક્ઝિગો, શ્રી જગદેવ સિંહ ખાલસા, ચેરમેન, બીઓસીઆઈ, શ્રી પ્રસન્ના પટવર્ધન, પ્રમુખ, BOCI, શ્રી મેઘજીભાઈ ખેતાણી, અધ્યક્ષ, અખિલ ગુજરાત પ્રવાસી વાહન સંચાલક ટ્રસ્ટ, શ્રી લલિતકુમાર સુખવાણી, પ્રમુખ, અખિલ ગુજરાત પ્રવાસી વાહન સંચાલક ટ્રસ્ટ, સુશ્રી જલ્પા જૈન, પ્રવક્તા, અખિલ ગુજરાત પ્રવાસી વાહન સંચાલક ટ્રસ્ટ, શ્રી પ્રકાશભાઈ પટેલ, ગુજરાત પ્રવાસી વાહન સંચાલક ટ્રસ્ટના પ્રમુખ, શ્રી અમિત શાહ, પ્રમુખ, ગુજરાત લક્ઝરી કેબ ઓનર્સ એસોસિયેશન (GLCOA), શ્રી સિદ્દીક ગાંધી, જોઈન્ટ ટ્રેઝરર, BOCI, શ્રી અલ્લાહ બક્ષ અફઝલ, રાષ્ટ્રીય ઉપપ્રમુખ, BOCI, શ્રી ધર્મરાજ ડી આર, જનરલ સેક્રેટરી, BOCI, શ્રી હર્ષ કોટક, ખજાનચી, BOCI, શ્રી જગદીશ પાટણકર, ઈવેન્ટ ક્યુરેટર, પ્રવાસ 5.0ના એક્ઝિક્યુટિવ ચેરમેન, MM એક્ટિવ સાથે વરિષ્ઠ સરકારી અધિકારીઓ, ઉદ્યોગ આગેવાનો અને દેશભરના 10,000થી વધુ ટ્રાન્સપોર્ટ ઓપરેટરો રણ આ સમયે હાજર હતા.

# વોટ્સએપ યુઝરનેમ ફીચર પર મેટાએ સરકારને જવાબ આપ્યો

નવી દિલ્હી: લોકપ્રિય મેસેજિંગ એપ્લિકેશન વોટ્સએપ દ્વારા ભારતમાં લાવવામાં આવનારા નવા "યુઝરનેમ" ફીચર મામલે હવે વિવાદ વધ્યો છે. આ ફીચરના અમલીકરણને લઈને કેન્દ્ર સરકાર દ્વારા માંગવામાં આવેલી સ્પષ્ટતાના જવાબમાં મેટાએ પોતાનો પક્ષ રજૂ કર્યો છે. મીડિયા અહેવાલ મુજબ, મેટા તરફથી બુધવારે મોડી રાત્રે જવાબ પ્રાપ્ત થયો છે, જેની અત્યારે ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય દ્વારા ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે.સરકારે આ ફીચરના રોલ-આઉટ પર રોક લગાવીને મેટાને વિગતવાર સમજૂતી આપવા જણાવ્યું હતું. ગત સપ્તાહે મેટાના પ્રતિનિધિઓ અને મંત્રાલયના અધિકારીઓ વચ્ચે આ મુદ્દે બેઠક પણ યોજાઈ હતી. જેમાં મંત્રાલયે ખાસ કરીને પ્રાઈવસી, સુરક્ષા અને આ ફીચરના દુરુપયોગની શક્યતા અંગે પોતાની ગંભીર ચિંતાઓ વ્યક્ત કરી હતી. સરકારે મેટાને ત્રણ દિવસમાં આ ફીચર વિશે વિગતવાર ખુલાસો કરવા નિર્દેશ આપ્યો હતો. મેટાના જણાવ્યા અનુસાર, યુઝરનેમ એ એક વૈકલ્પિક અને અનન્ય ઓળખકર્તા છે જે વપરાશકર્તાઓ તેમના વોટ્સએપ એકાઉન્ટ માટે પસંદ કરી શકે છે. તે "@" ચિહ્નથી શરૂ થાય છે અને તેનો મુખ્ય ઉદ્દેશ્ય ફોન નંબર શેર કર્યા વગર સંદેશા કે કોલ પ્રાપ્ત કરવાનો છે.

# કૃષિ રસાયણ ક્ષેત્રમાં પ્રથમ ત્રિમાસિક ગાળામાં નબળા પરિણામની શક્યતા

નવી દિલ્હી: ભારતના કૃષિ રસાયણ ક્ષેત્ર માટે ચાલુ નાણાં વર્ષનો પ્રથમ ત્રિમાસિક ગાળો થોડો પડકારજનક રહેવાની સંભાવના છે. એક પ્રતિષ્ઠિત બ્રોકરેજ રિપોર્ટ અનુસાર, આ ક્ષેત્રની કંપનીઓના નાણાકીય પરિણામો નબળા રહી શકે છે. જોકે, આ દરમિયાન જે કંપનીઓ નિકાસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે, તેઓ સ્થાનિક બજાર આધારિત કંપનીઓ કરતા વધુ સારું પ્રદર્શન કરે તેવી અપેક્ષા છે.રિપોર્ટમાં જણાવ્યા મુજબ, નાણાં વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કૃષિ રસાયણ કંપનીઓની આવકમાં માત્ર ૩ ટકાનો વાર્ષિક વૃદ્ધિ દર જોવા મળી શકે છે, જ્યારે તેમના ઓપરેટિંગ નફા (EBITDA) માં ૩ ટકાનો ઘટાડો થવાની ધારણા છે. આ નબળા પ્રદર્શન પાછળનું મુખ્ય કારણ મોસમી વરસાદમાં થયેલો વિલંબ છે, જેના કારણે વાવણીની કામગીરી પાછળ ઠેલાઈ છે અને વેચાણ હવે બીજા ત્રિમાસિક ગાળામાં જવાની શક્યતા છે. વધુમાં, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને કારણે કાચા માલના ખર્ચમાં વધારો થયો હતો, જેને પહોંચી વળવા માર્ચ અને મે ૨૦૨૬ દરમિયાન ભાવમાં કરવામાં આવેલા વધારાને માંગની નબળાઈને કારણે પાછા ખેંચવા પડ્યા હતા. કપાસ, સોયાબીન અને કઠોળ તરફ પાકની પદ્ધતિમાં આવેલા ફેરફારોએ પણ કંપનીઓના પ્રદર્શન પર પ્રતિકૂળ અસર કરી છે.

## મારવાડી યુનિવર્સિટીનું શાનદાર પ્લેસમેન્ટ

## મારવાડી યુનિવર્સિટીના ૨૩ વિદ્યાર્થીઓને મળી TCSની ઓફર

રાજકોટ : મારવાડી યુનિવર્સિટીના એન્જિનિયરિંગ અને એમસીએના 23 વિદ્યાર્થીઓની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (ટીસીએસ) દ્વારા યોજાયેલી કેમ્પસ ભરતી પ્રક્રિયામાં પસંદગી થઈ છે. પ્લેસમેન્ટ સીઝનમાં યુનિવર્સિટીએ વધુ એક ઉલ્લેખનીય સિદ્ધિ હાંસલ કરી છે.આ પ્રસંગે ડૉ. સંજીત સિંહ, પ્રો વાઈસ ચાન્સેલર, મારવાડી યુનિવર્સિટીએ જણાવ્યું હતું કે, 'આ પ્લેસમેન્ટ પરિણામો વિદ્યાર્થીઓને અગ્રણી વૈશ્વિક સંસ્થાઓની અપેક્ષાઓ મુજબ ટેક્નિકલ કુશળતા, સમસ્યાના નિરાકરણની ક્ષમતા અને વ્યાવસાયિક કુશળતાથી સજ્જ બનાવવા માટેના અમારા સતત પ્રયાસોનું પ્રતિબિંબ છે. કેમ્પસ પ્લેસમેન્ટ માત્ર શૈક્ષણિક અભ્યાસનું પરિણામ નથી, પરંતુ ઉદ્યોગ સાથેના સતત જોડાણ, સુવ્યવસ્થિત તાલીમ અને વિદ્યાર્થીઓની શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પણ પ્રતિફળ છે. 'પસંદગી પામેલા વિદ્યાર્થીઓમાં એક વિદ્યાર્થીને પ્રતિષ્ઠિત ટીસીએસ પ્રાઈમ ઓફર, ચાર વિદ્યાર્થીઓને ટીસીએસ ડિજિટલ ઓફર તેમજ 18 વિદ્યાર્થીઓને ટીસીએસ નિંજા ઓફર પ્રાપ્ત થઈ છે. ભરતી પ્રક્રિયાની શરૂઆત પ્રિ-પ્લેસમેન્ટ ટોક (PPT)થી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉમેદવારોએ ટીસીએસ નેશનલ ક્વોલિફાયર ટેસ્ટ (NQT) આપ્યો હતો. આ પરીક્ષામાં એપ્ટિટ્યુડ, એડવાન્સ્ડ એપ્ટિટ્યુડ, વર્બલ એબિલિટી, ઈ-મેઈલ રાઈટિંગ, કોડિંગ અને પ્રોગ્રામિંગ સહિતના વિવિધ પાસાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. પરીક્ષામાં સફળ થયેલા ઉમેદવારોને ત્યારબાદ વ્યક્તિગત ઈન્ટરવ્યૂ માટે પસંદ કરવામાં આવ્યા હતા. મારવાડી યુનિવર્સિટી ટીસીએસના પ્રાયોરિટી કેમ્પસ પૈકીની એક હોવાથી કંપનીએ ઈન્ટરવ્યૂ પ્રક્રિયાનું આયોજન યુનિવર્સિટી કેમ્પસમાં જ કર્યું હતું. ભરતી પ્રક્રિયામાં દસ્તાવેજોની ચકાસણી બાદ ટીસીએસના પેનલ દ્વારા બે દિવસ સુધી વ્યક્તિગત ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા. ઉમેદવારોના એકંદર પ્રદર્શનના આધારે તેમને ટીસીએસ નિંજા, ટીસીએસ ડિજિટલ અને ટીસીએસ પ્રાઈમ કેટેગરી હેઠળ ઓફર આપવામાં આવી હતી.

## ભારતના જીડીપી અંદાજમાં એડીબી અને આઈએમએફનો કાપ, મુશ્કેલીઓ વચ્ચે પણ ભારત ઝડપથી વિકસતું અર્થતંત્ર બન્યું

# અમેરિકા-ઈરાન તણાવે ભારતનો આર્થિક વિકાસ દર ઘટાડ્યો

(એજન્સી) મુંબઈ | તા.10

આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકા અને ઈરાન વચ્ચે ફરીથી ભભૂકી ઉઠેલા તણાવની સીધી અસર હવે ભારતીય અર્થતંત્ર પર જોવા મળી રહી છે. ક્રુડ તેલના ભાવમાં આવેલા અચાનક ઉછાળાને કારણે પ્રતિષ્ઠિત આર્થિક સંસ્થાઓએ ભારતના આર્થિક વિકાસ દરના અંદાજમાં ઘટાડો જાહેર કર્યો છે. આ સ્થિતિ ભારત જેવા ઉભરતા અર્થતંત્ર માટે ટૂંકા ગાળાનો પડકાર બની શકે છે.એશિયન ડેવલપમેન્ટ બેન્ક (એડીબી) એ જુલાઈ મહિનાના પોતાના તાજા અહેવાલમાં નાણાં વર્ષ ૨૦૨૭ માટે ભારતના આર્થિક વિકાસ દરના અંદાજને ૬.૯૦ ટકાથી ઘટાડીને ૬.૬૦ ટકા કરી દીધો છે. તેવી જ રીતે, આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (આઈએમએફ) દ્વારા પણ ભારતના જીડીપી અંદાજમાં સાધારણ ઘટાડો




કરવામાં આવ્યો છે, જે હવે ૬.૫૦ ટકાથી ઘટીને ૬.૪૦ ટકા પર આવી ગયો છે.આ અંદાજમાં ઘટાડો કરવા પાછળનું મુખ્ય કારણ ક્રુડ તેલના ભાવમાં થયેલો વધારો છે. તણાવના કારણે વૈશ્વિક બજારમાં ઈંધણ મોંઘું થતા તેની સીધી અસર પરિવહન ખર્ચ પર પડી છે. સંસ્થાઓના મતે, આ પરિસ્થિતિ ગ્રાહકોની ખરીદશક્તિ ઘટાડશે અને ખાનગી માંગમાં ઘટાડો લાવશે. આયાત બિલમાં થયેલા વધારાને કારણે ભારતીય રૂપિયા પર પણ ડોલરની સામે દબાણ જોવા મળી રહ્યું છે.

અંદાજમાં ઘટાડો થયો હોવા છતાં, આ બંને આર્થિક સંસ્થાઓએ એક બાબત પર સ્પષ્ટતા કરી છે કે ભારત વિશ્વના મુખ્ય અર્થતંત્રોમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બની રહેશે. ભારત સરકાર દ્વારા લેવામાં આવેલા નીતિવિષયક નિર્ણયો, સેવા ક્ષેત્રની મજબૂત નિકાસ અને જાહેર મૂડી ખર્ચમાં કરવામાં આવેલો વધારો દેશની અર્થવ્યવસ્થાને ટેકો પૂરો પાડી રહ્યો છે. ઈંધણ પરના ટેક્સમાં ઘટાડા જેવા સરકારી પગલાં પણ દેશને આ વૈશ્વિક દબાણમાંથી બહાર લાવવામાં મદદરૂપ થઈ રહ્યા છે.જોકે, નિષ્ણાતો માને છે કે ગભરાવાની જરૂર નથી. ભારત પાસે અત્યારે ૭૦૦ અબજ ડોલરનું મજબૂત વિદેશી મુદ્રા ભંડાર (ફોરેક્સ રિઝર્વ) ઉપલબ્ધ છે. આ ભંડાર ભારતને ૧૧ મહિનાના આયાત બિલને આસાનીથી પહોંચી વળવાની ક્ષમતા આપે છે, જે દેશની આર્થિક સ્થિરતાનું મોટું પાસું છે. આગામી નાણાં વર્ષ ૨૦૨૮ માટે આઈએમએફએ ૬.૭૦ ટકાના આર્થિક વિકાસ દરનો આશાવાદી અંદાજ પણ રજૂ કર્યો છે.

આમ, ભલે વૈશ્વિક તણાવને કારણે આર્થિક વિકાસ દરના આંકડાઓમાં થોડો ઘટાડો થયો હોય, પણ ભારતની પાયાની આર્થિક સંરચના અત્યારે પણ સ્થિર અને તેજ ગતિએ આગળ વધવા માટે સજ્જ જણાય છે. સરકારની સાવચેતીભરી નીતિઓ અને મજબૂત રિઝર્વ ભારતને આ વૈશ્વિક અનિશ્ચિતતાના સમયમાં પણ એક મજબૂત ખેલાડી તરીકે ટકાવી રાખશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ વદ - 12

# હાઈવે અને પુલો તૂટવાનું કારણ મોદી - ગડકરી વચ્ચેનું ઠંડુ યુદ્ધ?

મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર 6695 કરોડના ખર્ચે બનેલો મિસિંગ લિંક તૂટ્યો છે. મહારાષ્ટ્રમાં શરદ પવાર અને એકનાથ શિંદેની મુલાકાતથી 'ઓપરેશન તૂતારી'ની ચર્ચાએ જોર પકડ્યું છે. TMCના 440 કરોડ રૂપિયા EDએ ફ્રીઝ કર્યા. ISI યુકે-કેનેડામાં ભારતીય સમુદાય પર હુમલાનું કાવતરું કરી રહ્યું છે. અમેરિકા-ઈરાન વચ્ચે ફરી યુદ્ધ શરૂ થયું છે.દર વર્ષે ચોમાસાની ઋતુ ચાલુ થાય છે કે તરત જ મીડિયામાં સમાચાર આવવા માંડે છે કે હજારો કરોડ ખર્ચીને રબનેલા એક્સપ્રેસ હાઈવે એક વરસાદમાં જ તૂટી ગયા છે.મુંબઈ અને સુરત સહીત દેશભરમાં ભારે વરસાદને કારણે જનજીવન ઠપ થઈ ગયું છે. ગુરુગ્રામમાં થોડા વરસાદમાં જ મોટી મોટી બીલ્ડીંગો અને સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયા હતા. મુંબઈ - પૂણે એક્સપ્રેસ વે પર ૬૬૯૫ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલો મીસીંગ લીંક એક્સપ્રેસ વે તૂટી પડયો છે.આ બધું બનવા છતાં પણ કોઈ પણ કોન્ટ્રાક્ટર કે એજન્સી સામે પગલા ભરવામાં આવતા નથી. લોકસભામાં કે વિધાનસભામાં આ બાબતે સરકારને પૂછવામાં આવે છે ત્યારે ગોળગોળ જવાબ મળે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, તૂટતા પુલો કે તૂટતા એક્સપ્રેસ હાઈવે માટે વરસાદને જવાબદાર ગણી શકાય નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વાહન વ્યવહાર મંત્રી નીતીન ગડકરી વચ્ચે ચાલી રહેલા ઠંડા યુદ્ધનો ભોગ તો આમ આદમી બની રહ્યો નથી ને?મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એક વખત ગરમી આવી ગઈ છે. 'ઓપરેશન ટાઈગર' પછી હવે 'ઓપરેશન તૂતારી'ની ચર્ચા શરૂ થઈ ગઈ છે. એનસીપી (શરદ પવાર)ના પ્રમુખ શરદ પવારએ મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદે સાથે મુલાકાત કરી હતી. એ પહેલા તેઓ ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી વિનોદ તાવડે તેમજ એનસીપી (શરદ પવાર)ના પ્રદેશ પ્રમુખ જયંત પાટીલને પણ મળ્યા હતા. છેલ્લા કેટલાક દિવસોથી મહારાષ્ટ્રમાં ચર્ચા ચાલી રહી છે કે શરદ પવાર એનડીએ સાથે ગઠબંધન કરી શકે છે. જોકે આ બાબતે પક્ષમાં નારાજગી હોવાનું કહેવાય છે. પક્ષના ધારાસભ્ય રોહિત પવાર કોઈપણ હિસાબે આ રાજકીય નિર્ણય સાથે સહમત નથી. શરદ પવાર મળવા આવતા હોવાના સમાચાર મળતા જ એકનાથ શિંદેએ પોતાની તમામ અગત્યની મીટીંગો રદ કરી હતી. એનસીપી (શરદ પવાર) પક્ષના કેટલાક નેતાઓ મહાવિકાસ અઘાડી સાથે રહેવાના પક્ષમાં છે.પશ્ચિમ બંગાળમાં પક્ષ હાર્યો અને ત્યાર પછી પક્ષના સિનિયર નેતાઓ પક્ષ છોડી ગયા ત્યારે પણ મમતા ખાસ વિચલીત થયા નહોતા. જોકે હવે મમતા સામે નવી મુશ્કેલી આવતા તેઓ અકળાઈ ગયા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ તૃણમુલ કોંગ્રેસના બેન્ક એકાઉન્ટમાં રહેલા ૪૪૦ કરોડ રૂપિયા ફ્રીજ કરી દીધા છે. આ માટે ઈડીએ એવું કારણ આપ્યું છે કે એવીએશન કંપની ફેરવેલ અને એની સાથે જોડાયેલી એક કંપનીના ખાતામાં ૨૦૨૩ થી ૨૦૨૬ સુધી ૧૬૦ કરોડ ટ્રાન્સફર થયા એ શંકાસ્પદ છે. ઈડી હવે નાણાકીય લેવડદેવડમાં છેતરપીંડીના એંગલની તપાસ કરી રહી છે. ઈડીની આ કાર્યવાહીને ટીએમસીએ રાજકારણથી પ્રેરીત અને ગેરકાયદેસર ગણાવી છે. ટીએમસીના કહેવા પ્રમાણે ખાતામાં રહેલા પૈસાની સંપૂર્ણ જાણકારી ચૂંટણી કમિશન અને ઈન્કમટેક્સને આપવામાં આવી હતી. પક્ષને મળેલા દાનની જાણકારી ચૂંટણી કમિશનને હંમેશા આપવામાં આવી છે. ચૂંટણી કમિશનની વેબસાઈટ પર આ જાણકારી સાર્વજનિક પણ કરવામાં આવી છે. ભારતીય જાસુસી એજન્સીઓએ યુકે અને કેનેડામાં રહેતા ભારતીય સમુદાયની સુરક્ષા બાબતે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. મળતી ઈન્ટેલિજન્સ પ્રમાણે પાકિસ્તાનની જાસુસી એજન્સી આઈએસઆઈ અને ખાલિસ્તાનના સમર્થકો ભારત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમર્થકો મનાતા લોકો પર હુમલો કરવાનું કાવતરૂ કરી રહ્યા છે. ઈન્ટેલિજન્સ અધિકારીના કહેવા પ્રમાણે હમણાના વર્ષોમાં યુકે અને કેનેડામાં રહેતા મૂળ ભારતીય લોકો વિરુદ્ધ ખાલિસ્તાન સમર્થકો દ્વારા ધૃણા ફેલાવીને હિંસક હુમલાઓની ઘટના વધી રહી છે. પહેલા આવી ઘટનાઓ છૂટીછવાઈ જોવા મળતી હતી, પરંતુ હવે સંગઠીત રીતે આવી ઘટનાઓ બની રહી છે. ભારતીય સમુદાય પર હુમલાઓ રોકવા માટે ભારતીય સુરક્ષા એજન્સીઓ પશ્ચિમના દેશોની સુરક્ષા એજન્સીઓ સાથે મળીને કામ કરી રહી છે. ખાલિસ્તાન આંદોલનને સમર્થન આપનાર આઈએસઆઈએ યુરોપમાં સક્રિય નેટવર્કને યુકે અને કેનેડામાં ભારતીય લોકો પર હુમલા કરવાની સૂચના આપી છે.બાંકીપુર વિધાનસભાની પેટા ચૂંટણી પહેલા રાજકારણ ગરમાયું છે.

# બહાદરપુર ટાવરથી સ્વામિનારાયણ મંદિર થઈ સંખેડા તરફના બાયપાસ ત્રણ રસ્તા સુધીનો માર્ગ છેલ્લા બે વર્ષથી બિસ્માર હાલતમાં

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા



બહાદરપુર ટાવરથી સ્વામિનારાયણ મંદિર થઈ સંખેડા તરફના બાયપાસ ત્રણ રસ્તા સુધીનો માર્ગ છેલ્લા બે વર્ષથી બિસ્માર હાલતમાં છે. આ રોડ પર ઠેર ઠેર મોટા ખાડા પડી ગયા છે, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ચોમાસામાં આ ખાડાઓમાં પાણી ભરાઈ રહેતા નાના ખાબોચિયામાં ફેરવાઈ જાય છે, જે અકસ્માતનું કારણ બની રહ્યા છે. સ્થાનિકો દ્વારા તંત્રને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, જેનાથી તંત્રની નિષ્ક્રિયતા સ્પષ્ટ દેખાઈ રહી છે.બહાદરપુરના સરપંચ ભૌમિકભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, એક વર્ષ અગાઉ આ રોડના સમારકામ માટે રૂ. 30 લાખનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો. આ કામની પ્રાથમિક મંજૂરી પણ મળી ગઈ છે, પરંતુ આજદિન સુધી વહીવટી મંજૂરી ન મળતા કામ અટકી પડ્યું છે.સરપંચની રજૂઆતો છતાં પણ કોઈ ઉકેલ ન આવતા ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. ગામના લોકોની માંગ છે કે તંત્ર દ્વારા વહેલી તકે વહીવટી મંજૂરી આપીને રોડનું સમારકામ શરૂ કરવામાં આવે, જેથી લોકોને મુશ્કેલીમાંથી મુક્તિ મળે.

# આઈ લવ નખત્રાણા: નખત્રાણા નગરપાલિકાની કારોબારી બેઠકમાં શહેરના પ્રવેશદ્વાર પર સેલ્ફી પોઈન્ટ સહિત અનેક વિકાસના નિર્ણયો લેવાયા



મહેશ એલ સોની નખત્રાણા

નખત્રાણા નગરપાલિકાની કારોબારી સમિતિની બેઠક કારોબારી ચેરમેન ચંદનસિંહ રાઠોડના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસ અને નાગરિક સુવિધાઓને લગતા અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. બેઠકમાં ચીફ ઓફિસર શ્રી ભાવિન કંધાણી તથા કારોબારી સમિતિના સભ્યો ભાવિનભાઈ ઠક્કર, ખુશ્બુબેન સોની, હિરેનભાઈ ભટ્ટ, અમીતભાઈ ગોસ્વામી, હંસાબેન રૈયાણી, જયેશભાઈ પટેલ સહિતના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.બેઠકમાં સૌપ્રથમ શહેરની ઓળખ ઉભી થાય તેવા હેતુથી શહેરના પ્રવેશદ્વાર પર મોટા લોગો સાથે *I Love Nakhtrana'નું આકર્ષક આવકાર બોર્ડ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ બોર્ડ શહેરના નાગરિકો અને બહારથી આવતા મહેમાનો માટે સેલ્ફી પોઈન્ટ તરીકે પણ કાર્ય કરશે.આ ઉપરાંત આશાપુરા મંદિર થી કોલેજ સુધીના માર્ગ પર રોડલાઈટ તેમજ બ્યુટિફિકેશનનું કામ હાથ ધરવા દરખાસ્ત મંજૂરી માટે મોકલવાનો નિર્ણય લેવાયો. શહેરના જરૂરિયાત વાળા વિસ્તારોમાં ગટર અને પીવાના પાણીની સમસ્યા દૂર કરવા તાત્કાલિક કામગીરી શરૂ કરવા પણ સૂચના આપવામાં આવી.વિકાસના કામોમાં ગુણવત્તા જળવાય તે માટે નબળું કામ કરનાર એજન્સીને ભવિષ્યમાં બ્લેકલિસ્ટ કરવાની સૂચના આપવામાં આવી. સાથે વિવિધ વિકાસ કામોના ટેન્ડર પણ આ બેઠકમાં મંજૂર કરવામાં આવ્યા. બેઠકમાં DMF અંતર્ગતના કામો, સ્ટ્રીટ પ્રોજેક્ટ, સ્મશાન ડેવલપમેન્ટ, સુંદર શહેર યોજના અને સબ વાહિની ખરીદી જેવા મુદ્દાઓ પર પણ વિસ્તૃત ચર્ચા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા.ચેરમેન ચંદનસિંહ રાઠોડે જણાવ્યું હતું કે નખત્રાણાને સ્વચ્છ, સુંદર અને સુવિધાયુક્ત બનાવવું એ જ નગરપાલિકાનો મુખ્ય ઉદ્દેશ છે.

# રાહતદરની દવાઓથી દર્દીઓને સહારો: વોરા પટેલ પ્રોગ્રેસિવ ચેરિટેબલ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓ વિસ્તરી

મલેક યસદાની,ભરૂચ

સમાજસેવા અને માનવકલ્યાણના હેતુથી કાર્યરત વોરા પટેલ પ્રોગ્રેસિવ ચેરિટેબલ ટ્રસ્ટ છેલ્લા પાંચથી છ વર્ષથી ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ સંસ્થા તરીકે આરોગ્ય, શિક્ષણ અને સામાજિક ક્ષેત્રે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવી રહ્યું છે.

દર્દીઓને ગુણવત્તાયુક્ત દવાઓ વ્યાજબી દરે મળી રહે તે હેતુથી ટ્રસ્ટ દ્વારા શરૂ કરાયેલી રાહત મેડીકલ ફાર્મસી આજે અનેક જરૂરિયાતમંદ પરિવારો માટે આશીર્વાદરૂપ બની છે. ભરૂચ શહેરમાં ડિસ્કાઉન્ટ સાથે દવાઓ ઉપલબ્ધ કરાવવાનો આ પ્રયાસ સૌથી પહેલા ટ્રસ્ટ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.

હાલ ટ્રસ્ટ દ્વારા ભરૂચ, પાનોલી અને વાગરા ખાતે રાહતદરની મેડિકલ ફાર્મસી કાર્યરત છે. અહીં સામાન્ય નાગરિકોને આશરે 17 ટકા ડિસ્કાઉન્ટ સાથે દવાઓ આપવામાં આવે છે, જ્યારે મુસ્લિમ સમાજના ઝકાતના હકદાર દર્દીઓને 40 ટકા સુધીના ડિસ્કાઉન્ટ સાથે દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

આ ઉપરાંત ટ્રસ્ટ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય, જરૂરિયાતમંદ પરિવારોને સહાય તેમજ આધુનિક ગુસલવાહિની ની સુવિધા સહિતની વિવિધ માનવસેવાની પ્રવૃત્તિઓ પણ ચલાવી રહ્યું છે. ભરૂચ જિલ્લાના વિવિધ વિસ્તારોના લોકો આ સેવાઓનો લાભ લઈ રહ્યા છે.

ટ્રસ્ટના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે આગામી સમયમાં પાલેજ, વલણ, આમોદ અને જંબુસર સહિત અન્ય વિસ્તારોમાં પણ રાહત મેડીકેર ફાર્મસી શરૂ કરવાની યોજના છે, જેથી વધુમાં વધુ દર્દીઓને સસ્તા દરે ગુણવત્તાયુક્ત દવાઓ મળી રહે.વોરા પટેલ પ્રોગ્રેસિવ ચેરિટેબલ ટ્રસ્ટ ના આદમ ભાઈ આબાદ નગર વાલા, માસૂમ ભાઈ પટેલ,એવોકેટ યાસીન દાદા ભાઈ, ફારૂક ભાઈ વગેરે સભ્યોના માર્ગદર્શન અને સંકલન હેઠળ હાલ પાંચબત્તી,મનુબર રોડ અને વાગરા ખાતે રાહત મેડીકેર ફાર્મસી કાર્યરત છે.

# ટોડીયા ગામના સેવાભાવી યુવાન રમેશભાઈ રાઠોડનું સેવાયજ્ઞ બન્યું પ્રેરણાસ્ત્રોત

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામના સીમાડે આવેલું ઐતિહાસિક ભાવેશ્વર મહાદેવ મંદિર આજે માત્ર આસ્થાનું જ નહીં, પરંતુ જીવદયા, માનવસેવા અને સમાજસેવાનું પણ પ્રેરણાદાયી કેન્દ્ર બની રહ્યું છે. આ મંદિરની ધાર્મિક પરંપરાને જીવંત રાખવામાં ટોડીયા ગામના શિવ આરાધક અને સેવાભાવી યુવાન રમેશભાઈ રાઠોડનું વિશેષ યોગદાન રહ્યું છે.

છેલ્લા સાત વર્ષથી રમેશભાઈ રાઠોડ પોતાના સેવાભાવી સાથીદારોના સહયોગથી ભાવેશ્વર મહાદેવ પાટોત્સવનું સફળ આયોજન કરી રહ્યા છે. દર વર્ષે ભક્તિભાવપૂર્વક યોજાતા આ પાટોત્સવમાં દેશલપર (ગુંતલી), ટોડીયા તેમજ આસપાસના ગામોના મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાઈ ભગવાન શિવના દર્શન, મહાઆરતી અને મહાપ્રસાદનો લાભ મેળવે છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન 'હર હર મહાદેવ' અને 'જય ભોલેનાથ'ના જયઘોષથી મંદિર પરિસર ભક્તિમય બની જાય છે.

રમેશભાઈ રાઠોડ માટે સેવા માત્ર ધાર્મિક કાર્યક્રમોના આયોજન પૂરતી



મર્યાદિત નથી. તેઓ વર્ષભર જીવદયા અને માનવસેવાના અનેક કાર્યોમાં સક્રિય રહે છે. તેમના પ્રયાસોથી મંદિર ખાતે પશુઓ માટે નિયમિત ઘાસચારો અને પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. ઉનાળાની ઋતુમાં અબોલ પશુઓને પાણીની તકલીફ ન પડે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવે છે. સાથે જ પક્ષીઓ માટે નિયમિત ચણની સેવા કરવામાં આવે છે, જે પ્રકૃતિ અને જીવમાત્ર પ્રત્યેની તેમની સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ છે.

આ ઉપરાંત મંદિરની સ્વચ્છતા, પરિસરની જાળવણી અને અન્ય સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ તેઓ સતત જોડાયેલા રહે છે. તેમની સાથે સેવાભાવી યુવાનોની ટીમ નિઃસ્વાર્થ ભાવથી સેવા આપે છે, જેના કારણે મંદિર માત્ર પૂજાનું સ્થળ નહીં પરંતુ સેવા, સંસ્કાર અને જીવદયાનું પ્રેરણાધામ બની ગયું છે.

રમેશભાઈ રાઠોડનું માનવું છે કે ભગવાન શિવની સાચી આરાધના માત્ર પૂજા-અર્ચના સુધી મર્યાદિત નથી, પરંતુ જીવદયા, માનવસેવા, પર્યાવરણનું જતન અને જરૂરિયાતમંદોની સેવા કરવી એ પણ ભગવાનની સાચી ભક્તિ છે. તેમના આ વિચારો અને કાર્યોને કારણે અનેક યુવાનો ધાર્મિક અને સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ તરફ પ્રેરાઈ રહ્યા છે.

તાજેતરમાં યોજાયેલા ભાવેશ્વર મહાદેવ મંદિરના પાટોત્સવ દરમિયાન રમેશભાઈ રાઠોડની વર્ષોથી ચાલી આવતી નિઃસ્વાર્થ સેવાભાવનાને બિરદાવી તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત પોલીસમાં ફરજ બજાવતા ભરતભાઈ રબારીએ રમેશભાઈ રાઠોડને શાલ ઓઢાડી સન્માનિત કરી તેમની સેવાકીય કામગીરીની પ્રશંસા કરી હતી. ઉપસ્થિત સંતો, મહાનુભાવો અને ભક્તજનોએ પણ તેમની સમર્પિત સેવા, સરળ વ્યક્તિત્વ અને સમાજહિતની ભાવનાને બિરદાવી હતી.

રમેશભાઈ રાઠોડ જેવા સેવાભાવી યુવાનોના કારણે ભાવેશ્વર મહાદેવ મંદિરની ધાર્મિક પરંપરા વધુ મજબૂત બની રહી છે અને જીવદયા, સેવા તથા સંસ્કારનો સંદેશ સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડી રહી છે. તેમની સેવાયાત્રા સમગ્ર સમાજ માટે પ્રેરણાસ્ત્રોત સમાન બની છે.

# અમરેલી બીએસએનએલ કચેરીમાં જાનુબેન બાંભણિયાનો ભાવભીનો વિદાય સમારોહ યોજાયો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી બીએસએનએલ કચેરીમાં વય મર્યાદા મુજબ નિવૃત્ત થતા જાનુબેન બાંભણિયાનો વિદાય સમારોહ ઉષ્માભર્યા માહોલમાં યોજાયો હતો. દાયકાઓ સુધી સંસ્થાને આપેલી સેવાઓને બિરદાવીને સ્ટાફ દ્વારા તેમને ભાવભીની વિદાય આપવામાં આવી.

આ પ્રસંગે શ્રી જી. એસ. સાહેબ, જુનાગઢથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે એસ.ડી.એમ અમરેલી અને એ.જી.એમ અમરેલી પણ હાજર રહ્યા હતા.

સમારોહમાં અમરેલી બીએસએનએલના સમગ્ર સ્ટાફ, નિવૃત્ત સ્ટાફ, અન્ય નિવૃત્ત કર્મચારીઓ તેમજ જાનુબેન બાંભણિયાના પરિવારજનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ જાનુબેનની નિષ્ઠા, શિસ્ત અને કર્મ પ્રત્યેની લગનની પ્રશંસા કરી હતી. સાથીદારો દ્વારા તેમને ફૂલહાર, શાલ અને સ્મૃતિચિન્હ આપી સન્માનિત કરવામાં આવ્યા. જાનુબેને પણ પોતાના કાર્યકાળના અનુભવો શેર કર્યા અને સૌનો આભાર વ્યક્ત કર્યો.

બીએસએનએલ પરિવારે જાનુબેનના નિવૃત્તિ બાદના જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને કહ્યું હતું કે સંસ્થા હંમેશા તેમના યોગદાનને યાદ રાખશે.



# ચાણસ્મા મામલતદાર કચેરી ખાતેથી વિધવા સહાય માટેના કાગળો આપવાની લાંચ માંગતો ઓઉટસોર્સિંગ કોમ્પ્યુટર ઓપરેટર ઝડપાયો

નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા મામલતદાર કચેરી ખાતે વિધવા સહાય. પેન્સન યોજના વિભાગમાં આઉટસોર્સિંગ કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતો પ્રકાશકુમાર ભરતસિંહ પરમાર ઉવ ૩૪ રહે-ઠાકોરવાસ જળ ચોક પાટણવાળો વિધવા સહાય માટે જરૂરીયાત મંદ અરજદારો ને સરકારી કાગળો જરૂરીયાત પડતી હોવાથી અરજદારો પાસેથી 100 રૂપિયાથી લઈ 2000 સુધી માંગણી કરતો હોવાની હકિકત ના આધારે જાગૃત નાગરીક દ્વારા વિધવા સહાય માટે સદર આરોપી 800 રૂપિયાની માંગણી કરેલ હોવાની પાટણ એસીબીને હકીકત મળતાં શુક્રવારે મામલતદાર કચેરી કમ્પાઉન્ડની ખુલ્લી જગ્યામાં રૂ800ની લાંચ લેતાં રંગે હાથ ઝડપાઈ જતાં એસીબી દ્વારા સફળ ટ્રેપ કરાઈ હતી આ ઘટનાની જાણ મામલતદાર કચેરીમાં થતાં ઘડીભર દોડધામ મચી જવા પામી હતી.

# મહાનગરપાલિકા,જુનાગઢ દ્વારા શહેરીજનો ને વધુ એક આરોગ્ય સુવિધા અર્પણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૯. મહાનગરપાલિકા, વિસ્તારના નાગરિકોને ઘરઆંગણે જ ઉત્તમ અને ગુણવત્તાયુક્ત તબીબી સેવાઓ મળી રહે તેવા ઉમદા આશય સાથે મહાનગર પાલિકા, જુનાગઢ દ્વારા શહેરમાં નવનિર્મિત આઠમાં 'ડો. શ્યામા પ્રસાદ મુખર્જી શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર'નું માન.મેયરશ્રીના વરદ હસ્તે તેમજ કમિશનરશ્રી પ્રભવ જોષી, શ્રી આકાશ કટારા,શ્રી પલ્લવીબેન ઠાકર,શ્રી મનનભાઈ અભાણી,શ્રી કલ્પેશભાઈ અજવાણી, કોર્પોરેટરશ્રીઓ,અગ્રણીશ્રીઓ આરોગ્ય વિભાગના કર્મચારીઓ તેમજ શહેરીજનોની બહોળી સંખ્યાની હાજરીમાં જનસેવામાં સમર્પિત કરવામાં આવેલ છે. આ નવનિર્મિત શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તમામ શહેરીજનોને પ્રાથમિક તબીબી સારવાર તદ્દન નિઃશુલ્ક આપવામાં આવશે. આ કેન્દ્ર ખાતે તમામ જરૂરી લેબોરેટરી ટેસ્ટ, સગર્ભા મહિલાઓ માટેનું જરૂરી રસીકરણ અને સેવાઓ,બાળ રસીકરણ તેમજ હડકવા વિરોધી રસીકરણ જેવી મહત્વની સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. આ ઉપરાંત બિન-ચેપી રોગોનું નિદાન તથા સારવાર, બાળ સ્વાસ્થ્ય અને કિશોર સ્વાસ્થ્યની વિશેષ સેવાઓ, ટીબી (TB) ના દર્દીઓની સંપૂર્ણ સારવાર તેમજ સરકારની કલ્યાણકારી યોજના અંતર્ગત આયુષ્માન ભારત કાર્ડ કાઢી આપવાની કામગીરી પણ વિનામૂલ્યે કરી આપવામાં આવશે. આ આરોગ્ય સેન્ટર ખાતે નાગરિકો ને ઝડપી, પારદર્શી અને સચોટ સારવાર મળી રહે તે હેતુથી ૧ એમ.બી.બીએસ ડોક્ટર સહિત કુલ ૧૬ કર્મચારીઓનો તબીબી સ્ટાફ નિયુક્ત કરવામાં આવ્યો છે, જેઓ અહીં પોતાની ફરજ બજાવશે. આ નવું હેલ્થ સેન્ટર કાર્યરત થવાથી સ્થાનિક વિસ્તારના લોકોને હવે સામાન્ય બીમારીઓ, રસીકરણ કે લેબોરેટરી ટેસ્ટ માટે મોંઘા ખાનગી ક્લિનિકો સુધી ધક્કા નહીં ખાવા પડે અને તેમના ઘરઆંગણે જ તમામ પ્રાથમિક આરોગ્ય સુખાકારી સરળતાથી મળી રહેશે.

# 'ફ્રેન્ડ્સ ઓફ કેટલ' સ્લોગન સાથે મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળામાં ગિરનારી ગ્રુપ દ્વારા ૯૦૦ કિલોગ્રામ શાકભાજીનું દાન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૦. મહાનગરપાલિકા, જૂનાગઢ શહેરને સ્વચ્છ રાખવા તેમજ રખડતા-ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા માટે પ્રયત્નશીલ છે તે ફક્ત કાગળ ઉપર જ હોવાની શહેરમાં લોકચર્ચા થઈ રહી છે. જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી રખડતા ભટકતા ગૌવંશને પકડી મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળામાં રાખવામાં આવે છે, જ્યાં હાલ ફક્ત ૪૯૨ ગૌવંશ આશ્રય લઈ રહ્યા છે. આ ગૌશાળા ના પશુઓ માટે જૂનાગઢની સેવાભાવી સંસ્થા 'ગિરનારી ગ્રુપ' દ્વારા તા:૦૯/૦૭/૨૬ ને ગુરુવાર ના રોજ ૯૦૦ કિલોગ્રામ શાકભાજી ગૌવંશને ખવડાવવામાં આવેલ હોવાનું એક યાદીમાં જણાવ્યું છે.

# મહાનગરપાલિકા,જુનાગઢ દ્વારા શહેરીજનો ને વધુ એક આરોગ્ય સુવિધા અર્પણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૯. મહાનગરપાલિકા, વિસ્તારના નાગરિકોને ઘરઆંગણે જ ઉત્તમ અને ગુણવત્તાયુક્ત તબીબી સેવાઓ મળી રહે તેવા ઉમદા આશય સાથે મહાનગર પાલિકા, જુનાગઢ દ્વારા શહેરમાં નવનિર્મિત આઠમાં 'ડો. શ્યામા પ્રસાદ મુખર્જી શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર' મુરલીધર સોસાયટી, સુભાષ કોલેજ પાસે, ખામધ્રોળ રોડ, જૂનાગઢ ખાતે માન.મેયરશ્રીના વરદ હસ્તે તેમજ કમિશનરશ્રી પ્રભવ જોષી, શ્રી આકાશ કટારા,શ્રી પલ્લવીબેન ઠાકર,શ્રી મનનભાઈ અભાણી,શ્રી કલ્પેશભાઈ અજવાણી, કોર્પોરેટરશ્રીઓ,અગ્રણીશ્રીઓ આરોગ્ય વિભાગના કર્મચારીઓ તેમજ શહેરીજનોની બહોળી સંખ્યાની હાજરીમાં જનસેવામાં સમર્પિત કરવામાં આવેલ છે. આ નવનિર્મિત શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તમામ શહેરીજનોને પ્રાથમિક તબીબી સારવાર તદ્દન નિઃશુલ્ક આપવામાં આવશે. આ કેન્દ્ર ખાતે તમામ જરૂરી લેબોરેટરી ટેસ્ટ, સગર્ભા મહિલાઓ માટેનું જરૂરી રસીકરણ અને સેવાઓ,બાળ રસીકરણ તેમજ હડકવા વિરોધી રસીકરણ જેવી મહત્વની સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે.

# જૂનાગઢ ખાતે મંત્રીશ્રી ડૉ. મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં વિકાસ કાર્યોની સમીક્ષા બેઠક યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૦. જૂનાગઢ ખાતે આજે પોરબંદરના સાંસદ તથા કેન્દ્રીય શ્રમ અને રોજગાર તેમજ યુવા બાબતો અને રમતગમત મંત્રીશ્રી ડૉ.મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં વિકાસ કાર્યોની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય મંત્રીશ્રી ડૉ.માંડવિયાએ જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યોની વિગતવાર સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓ પાસેથી પ્રગતિનો અહેવાલ મેળવ્યો હતો. તેમણે વિકાસ કાર્યો ગુણવત્તાસભર, પારદર્શક અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા.બેઠક દરમિયાન ડૉ.



માંડવિયાએ જણાવ્યું હતું કે કેશોદ એરપોર્ટ પર વર્ષ ૨૦૨૭ સુધીમાં એરબસ અને કાર્ગો ફ્લાઈટનું સંચાલન શરૂ થાય તે સરકારનો અભિગમ છે. આ લક્ષ્યને સમયસર સિદ્ધ કરવા માટે સંબંધિત વિભાગોના અધિકારીઓને કામગીરીમાં વધુ ઝડપ લાવવા તાકીદ કરી હતી. તાજેતરમાં જૂનાગઢ પંથકમાં ચોમાસા દરમિયાન થયેલા ભારે વરસાદને કારણે થયેલા નુકસાન અંગે પણ તેમણે વિગતવાર માહિતી મેળવી હતી. સંભવિત કુદરતી આપત્તિઓને ધ્યાનમાં રાખી ડિઝાસ્ટર મેનેજમેન્ટ સહિતના તમામ સંબંધિત વિભાગોને સતત સતર્ક રહી જરૂરી બચાવ અને રાહત કામગીરી માટે સજ્જ રહેવા સૂચના આપી હતી. કેન્દ્રીય મંત્રીએ ખેડૂતો તથા સામાન્ય નાગરિકોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે માટે અસરકારક આયોજન અને ઝડપી કાર્યવાહી સુનિશ્ચિત કરવા અધિકારીઓને જણાવ્યું હતું. ઉપરાંત ઘેડ પંથકમાં હાથ ધરાયેલી વિવિધ કામગીરીની પણ સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. કેશોદ એરપોર્ટ પર ૨૦૨૭ સુધીમાં એરબસ લેન્ડીગ થાય તે સરકારનો અભિગમ : કેન્દ્રિય મંત્રીશ્રી ડૉ.માંડવિયા.

# જૂનાગઢ જિલ્લાના વંથલી ખાતે કેન્દ્રીય મંત્રી શ્રી ડો.મનસુખભાઈ માંડવીયાના અધ્યક્ષ સ્થાને નગરપાલિકા વિસ્તાર માટે જન સેવાના કાર્યો સંપન્ન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૦, કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રીશ્રી ડો.મનસુખભાઈ માંડવીયાના અધ્યક્ષ સ્થાને વંથલી તાલુકા સ્થિત પટેલ વાડી ખાતે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન વંથલી તાલુકાના ચૂંટાયેલા વિવિધ જન પ્રતિનિધિઓને માર્ગદર્શન સેમિનાર અને વંથલી નગર પાલિકાના વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીની ગ્રાન્ટમાંથી વંથલી નગરપાલિકા વિસ્તાર માટે એમ્બ્યુલન્સ અને શબવાહિની જનસેવા અર્થે અર્પણ કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ લોકો સાથે સતત જોડાઈ રહેવા અને લોકોના પ્રશ્નોને કેવી રીતે હલ કરવા જોઈએ તે અંગે ચૂંટાયેલા નવા જન પ્રતિનિધિઓને માર્ગદર્શન પણ આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન વંથલી તાલુકાના ચૂંટાયેલા વિવિધ જન પ્રતિનિધિઓને માર્ગદર્શન સેમિનાર અને વંથલી નગર પાલિકાના વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સમારોહ દરમિયાન ધારાસભ્યશ્રી અરવિંદભાઈ લાડાણી, તાલુકા પંચાયત પ્રમુખશ્રી નયનાબેન ફળદુ, નગરપાલિકા પ્રમુખશ્રી રાકેશભાઈ, વંથલી પ્રાંત અધિકારીશ્રી કનકસિંહ ગોહિલ, સાવજ ડેરીના ચેરમેનશ્રી દિનેશભાઈ ખટારીયા, જૂનાગઢ જિલ્લા પંચાયતના શ્રી સોનલબેન દેવરાણીયા, જૂનાગઢ જિલ્લા અને તાલુકાના વિવિધ મહામંત્રીશ્રીઓ, લાભાર્થીઓ, સ્થાનિક ગ્રામજનો વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રીય મંત્રીશ્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા ની ઉપસ્થિતિમાં મેરા યુવા ભારત (MY Bharat) જૂનાગઢની જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જુનાગઢ તા.૧૦ મેરા યુવા ભારત (MY Bharat) જૂનાગઢ, યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય, ભારત સરકારની જિલ્લા સલાહકાર સમિતિની બેઠક કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રીશ્રી ડૉ. મનસુખ માંડવિયાની ઉપસ્થિતિમાં સર્કિટ હાઉસ ખાતે યોજાઈ હતી. કેન્દ્રિય મંત્રીશ્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ સૌપ્રથમ ઉપસ્થિત તમામ સભ્યોને પ્રધાનમંત્રીશ્રીના સંકલ્પ, MY Bharat પોર્ટલના ઉદેશો, યુવાનો માટે ઉપલબ્ધ વિવિધ તકો તેમજ વિકસિત ભારત 2047ના નિર્માણમાં યુવાનોની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું .હાલમાં ચાલી રહેલા સઘન યુવા નોંધણી અભિયાન તથા વાર્ષિક કાર્ય યોજનાના અસરકારક અમલીકરણ અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.બેઠક દરમિયાન જિલ્લામાં યુવાનોની ભાગીદારી વધારવા, MY Bharat પોર્ટલ પર વધુમાં વધુ યુવાનોનું નોંધણીકરણ સુનિશ્ચિત કરવા, વિવિધ વિભાગો વચ્ચે સુમેળ વધારવા તથા સમયબદ્ધ અમલીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.મંત્રીશ્રીએ તમામ વિભાગો તથા સંબંધિત સંસ્થાઓને જિલ્લાના 15 થી 29 વર્ષના યુવાનોને MY Bharat પોર્ટલ સાથે જોડવા માટે વ્યાપક જાગૃતિ અને નોંધણી અભિયાન હાથ ધરવામાં આવે તે માટે જણાવ્યુ હતું.તેમણે વધુમા જણાવ્યું કે રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવી એ MY Bharatનું મુખ્ય ધ્યેય છે અને તે માટે તમામ વિભાગો, શૈક્ષણિક સંસ્થાઓ, ગ્રામ પંચાયતો તથા સામાજિક સંસ્થાઓના સંકલિત પ્રયાસો જરૂરી છે. બેઠક દરમિયાન જિલ્લા યુવા અધિકારી મયંક ભદૌરિયાએ જિલ્લામાં અત્યાર સુધી કરવામાં આવેલા કાર્યો, MY Bharat પોર્ટલ પર નોંધણીની પ્રગતિ, આગામી પ્રવૃત્તિઓ તથા વાર્ષિક કાર્ય યોજનાનું વિગતવાર પ્રસ્તુતીકરણ કર્યું હતું.

મંત્રીશ્રીએ જિલ્લાના તમામ મહાવિદ્યાલયો, યુનિવર્સિટીઓ, આઈટીઆઈ, પોલિટેકનિક સંસ્થાઓ, શાળાઓ, ગ્રામ પંચાયતો, યુવા મંડળો, એનએસએસ, એનસીસી, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા અન્ય વિભાગો મારફતે યુવાનોને MY Bharat સાથે જોડવા માટે વિશેષ અભિયાન ચલાવવાના નિર્દેશ આપ્યા હતા.

## ભારતમાં વસ્તી-વિષયક સંક્રમણ: નવી દિશાઓ અને પડકારો વિષયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે યોજાયુ વિશેષ વ્યાખ્યાન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૦, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢનાં સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય વિભાગ દ્વારા 'વિશ્વ વસ્તી દિવસ' નિમિત્તે આયોજિત વિશેષ વ્યાખ્યાન અંતર્ગત ભારતમાં વસ્તી-વિષયક સંક્રમણ - નવી દિશાઓ અને પડકારો વિષયે એક્સપર્ટ લેક્ચર સિરીઝનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમનાં નિષ્ણાત વ્યાખ્યાતા રાજ્યશાસ્ત્ર વિભાગ, દિલ્હી યુનિવર્સિટીનાં સહાયક પ્રાધ્યાપક ડૉ. નિશા સેંગરે આજે આપણે આ અત્યંત મહત્વપૂર્ણ વિષય પર વિચાર-વિમર્શ કરવા માટે અહીં એકત્રિત થયા છીએ. આ દિવસ આપણા સૌ માટે વિશેષ મહત્વ ધરાવે છે, કારણ કે વસ્તી એ માત્ર આંકડાઓનો વિષય નથી, બલ્કે, તે માનવ સંસાધન, સામાજિક વિકાસ, આર્થિક પ્રગતિ અને રાષ્ટ્ર-નિર્માણ નો પાયો છે. જો વસ્તીને યોગ્ય શિક્ષણ, સ્વાસ્થ્ય સુવિધાઓ, કૌશલ્ય અને તકો પૂરી પાડવામાં આવે, તો તે કોઈપણ રાષ્ટ્રની સૌથી મોટી શક્તિ બની જાય છે. કાર્યક્રમનાં અતિથી અને ગુજરાત રાજ્યનાં ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (IGP) શ્રી સૌરભ તોલુમ્બિયા, આઈ.પી.એસ.દ્વારા વિષય પર વાત કરતા જણાવ્યુ હતુ કે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય વિભાગ દ્વારા 'વિશ્વ વસ્તી દિવસ' નિમિત્તે આયોજિત વિશેષ વ્યાખ્યાન કાર્યક્રમમાં ઓનલાઈન મોડથી ઉપસ્થિત રહી.

# બનાવટી પ્રમાણપત્રના આધારે ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવાનો પ્રયાસ ભારે પડ્યો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના લુણાવાડા ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે વર્ષ 2017થી ચાલી રહેલા બનાવટી શૈક્ષણિક દસ્તાવેજોના આધારે ટ્રાન્સપોર્ટ ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવાના કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે વિરપુર તાલુકાના જમીયતપુરાના રહેવાસી સાયબાભાઈ મણીયાભાઈ વાઘરીને ભારતીય દંડ સંહિતાની કલમ 465, 468 અને 471 હેઠળ દોષિત જાહેર કર્યા છે, જ્યારે સહઆરોપી શફીભાઈ ઈબ્રાહીમભાઈ ઘાંચીને પૂરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ મુક્ત કરવામાં આવ્યા છે.

કેસની વિગતો મુજબ, સાયબાભાઈ વાઘરીએ ટ્રાન્સપોર્ટ કેટેગરીનું ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવા માટે આર.ટી.ઓ. કચેરીમાં યોગી કૃપા હાઈસ્કૂલ, મોડાસાના શાળા છોડ્યાના દાખલા (એલ.સી.), માર્કશીટ અને અભ્યાસના પ્રમાણપત્રો રજૂ કર્યા હતા. દસ્તાવેજોની ચકાસણી દરમિયાન શાળા તરફથી લેખિતમાં જણાવાયું હતું કે આ નામનો કોઈ વિદ્યાર્થી શાળામાં અભ્યાસ કરેલો નથી અને રજૂ કરાયેલા તમામ દસ્તાવેજો બનાવટી હોવાનું સામે આવ્યું હતું.

કોર્ટના અવલોકન મુજબ, આરોપીને દસ્તાવેજો બનાવટી હોવાનું સારી રીતે જાણ હોવા છતાં તેણે પોતાના અંગત લાભ માટે તેનો સાચા તરીકે ઉપયોગ કર્યો હતો. કોર્ટના મતે આવા ગુનાઓ માત્ર સરકારી તંત્રને જ નહીં પરંતુ સમગ્ર સમાજના વિશ્વાસને પણ નુકસાન પહોંચાડે છે.

ચુકાદામાં કોર્ટે નોંધ્યું છે કે આવા ગુનાઓમાં વધુ પડતી નરમાઈ દાખવવાથી સમાજમાં ખોટો સંદેશ જાય છે. તેથી સમાજમાં આવા ગુનાઓ પર નિયંત્રણ લાવવા માટે કડક સજાની જરૂરિયાત હોવાનું પણ કોર્ટે સ્પષ્ટ કર્યું છે.

આ કેસ મહીસાગર જિલ્લાના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એચ એ પંડ્યા સાહેબ ની કોર્ટ માં ચાલી જતા સરકારી વકીલ યોગેશ એસ ગોસાઈ ની દલીલો ને ગ્રાહ્ય રાખી આરોપીને ૩વર્ષ ની સખત કેદ ની સજા અને દંડ ફરમાવેલ.છે

## રાજુલા ભયનો માહોલ ફેલાવતા અને શરીર સંબંધી અનેક ગુનામાં સંડોવાયેલા ઈસમને મેજીસ્ટ્રેટ દ્વારા પાસા તળે સુરત જેલહવાલે કર્યો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા શરીર સંબંધી ગુનામાં સંડોવાયેલા ઈસમની પાસા હેઠળ અટકાયત કરી સુરત ખાતે મોકલી આપતી અમરેલી એલસીબી તથા રાજુલા પોલીસ ટીમ

રાજુલા બી આઈ કોલાદરા દ્વારા શરીર સંબંધી ગુનાહમાં સંડોવાયેલા ઈસમ દ્વારા પાસા અંગે દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક મારફત જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલી આપી હતી જે અન્વયે જિલ્લા મેજિસ્ટ્રેટે ૩૧ વર્ષીય ઝાપોદર રહેવાસી મહેશ મનુભાઈ ધાખડા વિરુદ્ધ કરવામાં આવેલ દરખાસ્ત માન્ય રાખતા અમરેલી એલસીબી પીઆઈ સી પી વાઘેલા દ્વારા આ શખ્સ ને પાછા વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપેલ.



## મહીસાગર જિલ્લામાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષ સ્થાને જિલ્લા રોડ સેફ્ટી કમિટીની બેઠક યોજાઈ

જગદીશ ત્રિવેદી | મહીસાગર



મહીસાગર જિલ્લામાં માર્ગ અકસ્માતો નિવારવા અને નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવાના હેતુથી, જિલ્લા સેવા સદનના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષ સ્થાને જિલ્લા રોડ સેફ્ટી કમિટી (માર્ગ સલામતી સમિતિ) ની એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લાના વિવિધ માર્ગોની સ્થિતિ અને ટ્રાફિક નિયમનની કામગીરી અંગે ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકની શરૂઆતમાં ગત તારીખ ૧૨-૦૬-૨૦૨૬ના રોજ મળેલ સમિતિની અગાઉની બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી અને તે અન્વયે થયેલી કામગીરીની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લાના તમામ રોડ ઓનિંગ એજન્સીઓ અને વિભાગો જેવા કે માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ અને પંચાયત), GSRDC, SRP અને નેશનલ હાઈવે ઓથોરિટી (NHAI) ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ એજન્સીઓ દ્વારા માર્ગ સલામતી વધારવા માટે અત્યાર સુધીમાં લેવાયેલા પગલાં અને ભવિષ્યના એક્શન પ્લાન અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

વધુમાં, જિલ્લામાં ટ્રાફિકના નિયમોના ચુસ્ત પાલન (એન્ફોર્સમેન્ટ) તથા વાહનચાલકોમાં જાગૃતિ લાવવા માટેની એજ્યુકેશન (અવેરનેસ) સંબંધિત કામગીરી અંગે પણ વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. બેઠક દરમિયાન ડિસ્ટ્રિક્ટ હાઈવે સેફ્ટી ટાસ્ક ફોર્સ દ્વારા અત્યાર સુધીમાં કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત, અકસ્માત પીડિતોને સહાયરૂપ થવા માટે કાર્યરત 'PM RAHAT' (પી.એમ. રાહત) યોજના અંતર્ગત જિલ્લામાં થયેલ કામગીરીનો પણ ચિતાર મેળવવામાં આવ્યો હતો.

બેઠકના અંતે અધ્યક્ષસ્થાનેથી જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા માટે સંબંધિત તમામ અધિકારીઓને જરૂરી સુચનો અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિધાર્થ, સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજુલા ખીસ્સા કાતરુ ચોર ને ઝડપી લેતી રાજુલા પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગુજરાત સરકારના વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત લગાવેલ સીસીટીવી કેમેરા ની મદદથી ચોર ઝડપાયો તારીખ/ ૮/૦૭/ ૨૦૨૬ ના રોજ ફરિયાદી દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી કે તેઓ બસની રાહ જોઈ રહ્યો હતો અને જાફરાબાદ રૂટની બસ આવતા તેમાં ચડતો હોય તે વખતે કોઈ અજાણ્યા શખ્સે પેન્ટ ના જમણા ખીચામાં રાખેલ પર્સ નજર ચુકવી ચોરી કરેલ જે બાબત પોલીસ મથકે પહોંચતા બી એન એસ ૩૦૩ (૨) મુજબનો ગુનો દાખલ થયેલ નાયબ પોલીસ અધિક્ષક ના માર્ગદર્શન હેઠળ પી.આઈ કોલેજ ની સૂચના મુજબ પોલીસ ટીમ દ્વારા આજુબાજુના વિસ્તારમાં પૂછપરછ કરવામાં આવેલ ગુજરાત સરકારના વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવેલ સીસીટીવી ફૂટેજ ની મદદ થી ચોક્કસ બાતમી આધારે મચ્છી વેચવાનો ધંધો કરનાર ૬૦ વર્ષીય કોડીનારના યુસુફભાઈ ભીખન ભાઈ પરમાર ને રોકડ રકમ ૩,૫૦૦ સાથે ઝડપી લીધેલ.

## ચોમાસામાં રોગચાળા સામેનું મજબૂત કવચ: મેદસ્વિતા મુક્ત અને સ્વસ્થ શરીર

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ચોમાસાની ઋતુ ધરતીને નવજીવન આપે છે અને પ્રકૃતિ ખીલી ઉઠે છે, પરંતુ આ જ ઋતુ જાહેર આરોગ્ય માટે અનેક નવા પડકારો પણ લઈને આવે છે. રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર દ્વારા નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે સતત આગોતરા પગલાં લેવામાં આવતા હોય છે, ત્યારે નાગરિકોની પોતાની જાગૃતિ પણ એટલી જ અનિવાર્ય બની જાય છે. સાંપ્રત સમયમાં 'મેદસ્વિતા' (Obesity) એ એક ગંભીર સ્વાસ્થ્ય સમસ્યા બનીને ઉભરી છે. મેદસ્વિતા એ માત્ર શારીરિક દેખાવ પૂરતો સીમિત વિષય નથી, પરંતુ તે ચોમાસામાં ફેલાતા ચેપી રોગો સાથે સીધો અને ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. તબીબી નિષ્ણાતોના મતે, વધુ પડતું વજન અને શરીરમાં જમા થયેલી અનાવશ્યક ચરબી વ્યક્તિની આંતરિક રોગપ્રતિકારક શક્તિ (Immunity) ને અત્યંત નબળી પાડી દે છે.જ્યારે ચોમાસામાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગો જેવા કે ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા, ટાઈફોઈડ કે કમળાનો ઉપદ્રવ વધે છે, ત્યારે વાયરસ અને બેક્ટેરિયા સૌથી પહેલાં નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા શરીરને પોતાનો શિકાર બનાવે છે. મેદસ્વી વ્યક્તિઓના શરીરમાં મેટાબોલિઝમ ધીમું હોવાથી શ્વેતકણોની રોગ સામે લડવાની કાર્યક્ષમતા ઘટી જાય છે. પરિણામે, સામાન્ય વજન ધરાવતી વ્યક્તિની સરખામણીમાં મેદસ્વિતા ધરાવતી વ્યક્તિ પર ચોમાસાના રોગચાળાની અસર વધુ ગંભીર જોવા મળે છે અને તેમને સાજા થવામાં (Recovery) પણ ઘણો વધુ સમય લાગે છે. આ ઉપરાંત, વજન વધુ હોવાથી શ્વસનતંત્ર અને હૃદય પર પહેલેથી જ દબાણ હોય છે, જે બીમારીના સમયે જોખમી સાબિત થઈ શકે છે.આ પરિસ્થિતિમાં, રાજ્ય સરકારનું 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન એક બહુઆયામી રક્ષણાત્મક પગલું બની રહે છે. આ અભિયાનનો મૂળ ઉદ્દેશ માત્ર નાગરિકોનું વજન ઘટાડવાનો નથી, પરંતુ તેમને મોસમી બીમારીઓ અને રોગચાળા સામે શારીરિક રીતે સક્ષમ બનાવવાનો છે. ચોમાસામાં શારીરિક સક્રિયતા ઓછી થઈ જતી હોય છે અને ખાણીપીણીમાં પણ તળેલો કે ભારે ખોરાક લેવાનું ચલણ વધે છે. એક જાગૃત નાગરિક તરીકે આપણે આ આદતોમાં બદલાવ લાવવો જરૂરી છે.

## મહીસાગર જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ-૬માં પ્રવેશ માટે ઓનલાઈન અરજી પ્રક્રિયાનો પ્રારંભ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના તેજસ્વી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે જવાહર નવોદય વિદ્યાલય (મહીસાગર) દ્વારા શૈક્ષણિક સત્ર ૨૦૨૭-૨૮ માટે ધોરણ-૬માં પ્રવેશની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જવાહર નવોદય વિદ્યાલય, મહીસાગરના આચાર્યશ્રી લાલ ચંદ દ્વારા સત્તાવાર યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, વિદ્યાલયમાં પ્રવેશ મેળવવા માટે યોજાનારી 'જવાહર નવોદય વિદ્યાલય પસંદગી પરીક્ષા' (JNVST-2027) માટે લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. આ પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત મહીસાગર જિલ્લાની સરકારી અથવા સરકાર માન્ય શાળાઓમાં શૈક્ષણિક સત્ર ૨૦૨૬-૨૭ દરમિયાન ધોરણ-૫માં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ અરજી કરવા માટે પાત્ર ઠરે છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ આ રાષ્ટ્રીય કક્ષાની શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવી શકે તે હેતુથી આ પસંદગી પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉત્તીર્ણ થશે તેઓને શૈક્ષણિક સત્ર ૨૦૨૭-૨૮ માટે ધોરણ-૬માં પ્રવેશ આપવામાં આવશે.પ્રવેશ પરીક્ષા માટેની અરજી પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન રાખવામાં આવી છે. ઈચ્છુક વિદ્યાર્થીઓ અને વાલીઓ નવોદય વિદ્યાલય સમિતિની સત્તાવાર વેબસાઈટ www.navodaya.gov.in અથવા https://cbseitms.rcil.gov.in/nvs/ પર જઈને ઓનલાઈન નોંધણી કરાવી શકે છે. આ અરજી પ્રક્રિયા નિઃશુલ્ક છે, જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ તકનો લાભ લઈ શકે. અરજી કરવાની અંતિમ તારીખ ૩૧ જુલાઈ, ૨૦૨૬ નક્કી ય્ કરવામાં આવી છે, જેથી સમયમર્યાદામાં જરૂરી વિગતો ભરીને ફોર્મ સબમિટ કરવા આચાર્યશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## અતિ ભારણથી ત્રસ્ત તલાટીઓ કોઠંબા તાલુકામાં મહેસૂલી કામગીરી બંધ કરવાનો નિર્ણય

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના કોઠંબા તાલુકાના તલાટીકમ મંત્રીઓએ તાલુકા વિકાસ અધિકારીને લેખિત આવેદનપત્ર આપીને જાણ કરી છે કે તા. 02/07/2026 ના રોજ ગુજરાત રાજ્ય તલાટી કમ મંત્રી મહામંડળ અને તા. 03/07/2026 ના રોજ મહીસાગર જિલ્લા તલાટી કમ મંત્રી મંડળ ના આદેશ મુજબ હવેથી તેઓ પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ સિવાયની તમામ કામગીરી બંધ કરશે. કોઠંબા તાલુકાના તલાટી મંડળના પ્રમુખ એમ.બી.પટેલનું કહેવું છે કે ગ્રામ્ય કક્ષાએ તેમની પાસે પંચાયત અને ગ્રામ વિકાસની મૂળભૂત કામગીરી ઉપરાંત મહેસૂલી વિભાગ અને અન્ય વિભાગોનું કામ પણ નાખવામાં આવી રહ્યું છે. સ્પષ્ટ જોબચાર્ટ ન હોવાના કારણે કામનો બોજ સતત વધી રહ્યો છે, જેના કારણે મુખ્ય કામગીરી ઉપર પ્રતિકૂળ અસર થઈ રહી છે.સરકારે પણ આ મુદ્દે કમિટીની રચના કરી હોવા છતાં હજુ સુધી મહેસૂલી કામગીરી અલગ કરવા માટે જોબચાર્ટ નક્કી થયેલ નથી. તેથી મહામંડળના આદેશને અનુસરીને કોઠંબા તાલુકા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા પંચાયત અને ગ્રામ વિકાસ સિવાયની તમામ કામગીરી તાત્કાલિક અસરથી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## મોટા ભલગામ પટેલ પરિવાર દ્વારા પ્રથમ ભવ્ય સ્નેહમિલનનુ આયોજન સુરત ખાતે આગામી ૧૨ જુલાઈના યોજાશે ..

અશોક મણવર અમરેલી

સુરત શહેરમાં વસતા સૌરાષ્ટ્રના મોટા ભલગામના વતનીઓ અને પટેલ પરિવારને એક તાંતણે બાંધવા તથા સામાજિક ભાઈચારો સુદ્રઢ કરવાના ઉમદા હેતુ સાથે એક પ્રશંસનીય ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. 'મોટા ભલગામ પટેલ પરિવાર અને યુવા ટીમ, સુરત' દ્વારા આગામી તારીખ ૧૨-૦૭-૨૦૨૬ ને રવિવારના રોજ પ્રથમ ભવ્ય સ્નેહમિલન સમારોહ 'સ્નેહની સરિતા - મળવાનો રૂડો અવસર' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્નેહમિલન સમારોહ સાંજે ૪:૦૦ કલાકે, 'રામવાડી ફાર્મ' (બિલીપત્ર બંગલોઝની બાજુમાં, સરથાણા જકાતનાકા થી ગઢપુર રોડ, ખડસદ, સુરત) ખાતે યોજાશે. સમગ્ર કાર્યક્રમનું મંગલ પ્રારંભ પરંપરાગત રીતે ગામના પૂજનીય અને આદરણીય વડીલોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવશે.

સામાજિક એકતા અને સંગઠન: સુરત જેવા મહાનગરમાં દોડધામ ભરેલી જિંદગી વચ્ચે વતનના લોકો એકબીજા સાથે રૂબરૂ મળી શકે, પરસ્પર પરિચય કેળવે અને સમગ્ર મોટા ભલગામ પટેલ પરિવાર એક મંચ પર આવી એકતાનો સંદેશ આપે તે આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છે.

વિચારોનું વાવેતર: સમાજમાં વૈચારિક ક્રાંતિ લાવવા અને યુવા પેઢીને સાચી દિશા આપવા માટે વિશેષ સેશન રાખવામાં આવ્યું છે. જેમાં 'સહજાનંદ ગ્રુપ, સુરત' ના શ્રી ધીરજલાલ વલ્લભભાઈ કોટડીયા ઉપસ્થિત રહીને પ્રેરણાદાયી વિચારોનું સુંદર વાવેતર કરશે.

વ્યસન મુક્તિ અભિયાન: આ સ્નેહમિલનના માધ્યમથી સમાજમાંથી વ્યસનોના દૂષણને દેશવટો આપવા અને યુવાનોને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા પ્રોત્સાહિત કરવા માટે વિશેષ વ્યસન મુક્તિ અભિયાન ચલાવવામાં આવશે.

# સરકારની CBDC કામગીરીથી મહીસાગર જિલ્લાના સસ્તા અનાજના દુકાનદારો અને ગરીબ રાશનકાર્ડ ધારકો પરેશાન

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લામાં રાશનકાર્ડ ધારકો માટે CBDC - સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સીની ફરજિયાત કામગીરીનો અમલ કરાવવા માટે સરકાર દ્વારા પંચાયત કક્ષાએ VCE - વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રાઈઝની નિમણૂક કરવામાં આવેલ હોવા છતાં તંત્ર દ્વારા સીધો ભાર સસ્તા અનાજના દુકાનદારો ઉપર નાખવામાં આવી રહ્યો છે. જેના કારણે જિલ્લાના તમામ દુકાનદારોમાં ભારે રોષ અને માનસિક તણાવની સ્થિતિ સર્જાઈ છે.બીપીએલ, અંત્યોદય અને NFSA હેઠળ રાશનનું અનાજ મેળવતા ગરીબ રાશનકાર્ડ ધારકો માટે CBDC યોજના ફરજિયાત કરવામાં આવી છે. આ માટે દરેક લાભાર્થી પાસે એન્ડ્રોઈડ મોબાઈલ હોવો જરૂરી છે અને દર મહિને આશરે 350 રૂપિયાનું રીચાર્જ કરાવવું પડે છે. આર્થિક રીતે પહેલેથી જ પછાત એવા ગરીબ પરિવારો માટે આ વધારાનો ખર્ચ તેમને વધુ ગરીબ બનાવશે તેવી ભીતિ સેવાઈ રહી છે. એસોસિએશનના જણાવ્યા અનુસાર રાજ્યના તમામ જિલ્લા પુરવઠા અધિકારી અને મામલતદાર દ્વારા દુકાનદારોને ફોન, વોટ્સએપ મેસેજ અને રૂબરૂ બોલાવીને CBDC નું ટાર્ગેટ પૂર્ણ કરવા માટે ગર્ભિત ધમકીઓ સાથે દબાણ કરવામાં આવી રહ્યું છે. જ્યારે સરકારશ્રીના તા. 07/03/2026 ના ઠરાવમાં સ્પષ્ટ જણાવેલ છે કે CBDC ની કામગીરી VCE દ્વારા કરવાની રહેશે.

CBDC ની કામગીરીનો બોજ દુકાનદારો ઉપરથી હટાવી VCE મારફતે જ કરાવવામાં આવે. દુકાનદારોને કોઈપણ પ્રકારનું માનસિક દબાણ કે ધમકી આપવામાં ન આવે.ગરીબ રાશનકાર્ડ ધારકોની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને CBDC માટે વૈકલ્પિક અને સરળ વ્યવસ્થા કરવામાં આવે.

તાજેતરમાં ખેડા જિલ્લાના વસો તાલુકાના અલીન્દ્રા ગામના સસ્તા અનાજના દુકાનદાર મનુભાઈ સોલંકીએ સરકાર અને અધિકારીના દબાણ તેમજ વિવિધ કામગીરીના ભારણથી ત્રસ્ત બની આત્મહત્યા કરી જીવનનો અંત આણેલ છે. જિલ્લામાં રાશનકાર્ડ ધારકો માટે CBDC (સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી) ની કામગીરીને લઈને સસ્તા અનાજના દુકાનદારો અને વહીવટી તંત્ર વચ્ચે સંઘર્ષની સ્થિતિ સર્જાઈ છે.

સરકારી નિયમ મુજબ આ કામગીરી VCE (વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રાઈઝ) દ્વારા કરવાની હોવા છતાં, તંત્ર દ્વારા સીધો ભાર દુકાનદારો પર નાખવામાં આવતા તેમની વચ્ચે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નિયમ વિરુદ્ધ કામગીરીનું દબાણ: સરકારના તા. ૦૭/૦૩/૨૦૨૬ ના ઠરાવ મુજબ CBDC ની કામગીરી VCE એ કરવાની છે, પરંતુ પુરવઠા વિભાગના અધિકારીઓ દ્વારા દુકાનદારોને ફોન, વોટ્સએપ અને રૂબરૂ બોલાવી ટાર્ગેટ પૂર્ણ કરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે.

ગરીબો પર આર્થિક બોજ: CBDC યોજના માટે લાભાર્થી પાસે એન્ડ્રોઈડ મોબાઈલ હોવો અનિવાર્ય છે અને તેના માટે દર મહિને આશરે ૩૫૦ રૂપિયાનું રીચાર્જ કરાવવું પડે છે. આર્થિક રીતે નબળા પરિવારો પર આ વધારાનો ખર્ચ નવો બોજ બની રહ્યો છે.

માનસિક તણાવ: અધિકારીઓની ગર્ભિત ધમકીઓ અને કામગીરીના અસહ્ય ભારણને કારણે દુકાનદારો તણાવમાં છે. તાજેતરમાં ખેડા જિલ્લાના વસો તાલુકાના અલીન્દ્રા ગામના દુકાનદાર મનુભાઈ સોલંકીએ દબાણથી કંટાળીને આત્મહત્યા કરતા સમગ્ર રાજ્યના વિક્રેતાઓમાં આક્રોશ વ્યાપી ગયો છે.

એસોસિએશનની માંગ:

ગુજરાત રાજ્ય રાશન વિક્રેતા વેલફેર એસોસિએશનના પ્રમુખ રાકેશ શાહ અને મહામંત્રી નિલેશ પટેલે રાજ્યના મુખ્યમંત્રી, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી તેમજ સંબંધિત ઉચ્ચ અધિકારીઓને લેખિત રજૂઆત કરી છે કે:

૧. CBDC ની કામગીરીનો બોજ દુકાનદારો પાસેથી દૂર કરી નિયમ મુજબ VCE મારફતે જ કરાવવામાં આવે.

૨. દુકાનદારોને કોઈપણ પ્રકારનું માનસિક દબાણ કે ધમકી આપવાનું બંધ કરવામાં આવે.

૩. ગરીબ લાભાર્થીઓની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને CBDC માટે વધુ સરળ અને વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે.

# ભારતીય જાસૂસ આરસીને બેગમએ પોતાના અંગત શોખ માટે જીવતદાન આપ્યું...

**ख्वाहिशे तो थी एक आम जिंदगी जीने की,**
**अब तो मेरी परछाई भी खास बन गई है।**

પેલેસ ની છત પર થી આકાશ તરફ જોતા જોતા સિગારેટ ના કશ ખેંચી ને ધુમાડા ઉપર તરફ બહાર કાઢ્યા. ભારે માંથી ભારે ચરસ ગાંજા અને ડ્રગ્સ ની આદત બેગમ ના નાજુક શરીર ની પડી ગઇ હતી.મોત નો વેપાર કરનારા ને મોત ના સમાન તકલીફ આપતા નથી પણ ૭૫વર્ષ ની બહાર થી ખૂબ સુરત લાગતી બેગમ મન થી થાકી ગઈ હોય એવું લાગતું હતું. ટ્રે માં વ્હિસ્કી અને સોડા લઈને ઊભેલ ઝૂરી ઉર્ફ ભારતીય જાસૂસ આરસી એ ક્ષણ માં બેગમ ના ચહેરા પરના હાવભાવ વાંચી લીધા. ભારતીય જાસૂસ આરસી ઉર્ફ ઝૂરી ને બેગમ એ પોતાના અંગત શોખ માટે જીવતદાન આપ્યું હતું પણ એના મગજ માં ખાસ ચિપ નું આરોપણ કર્યું હતું જેના કારણે બેગમ ના ઈશારે એનું આખું શરીર કામ કરતું હતું. ઝૂરી ઉર્ફ આરસી ને બેગમ ના મુખ પરનું 'બોમ્બ બ્લાસ્ટ માં સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ અને સિક્રેટ ફાઈલ' બચી ગયા નું દર્દ વાંચી શકાતું હતું.ઝૂરી ઉર્ફ ભારતીય જાસૂસ આરસી ને બેગમ ના ચહેરા નું દર્દ વાંચી તો શકાતું હતું પણ 'રોબર્ટ' બની ચૂકી હતી એટલે એનાથી કશુંય કરવું અશક્ય હતું.

સુલતાન એ સલામ બોલી ને બેગમ ને કહ્યું કે ભારત થી 'બોમ્બ બ્લાસ્ટ બાદ સરકાર એ સમગ્ર તંત્ર ને એની પાછળ કોણ? માટે લગાડી દીધું છે' મેસેજ આવ્યો છે એટલે મેસેજ પરથી લાગે છે કે સિક્રેટ મિશન ડાકણ ને આગળ વધારવા માટે ચૂંટણી પહેલા મંજૂરી મળશે નથી. બેગમ એ સુલતાન ની સામુ જોઈને ખંધુ થઈ કહ્યું કે મિયા, શિકારી કભી આપના શિકાર છોડતા નહી હૈ વો અંત તક શિકાર કે પીછે પડા રહેતા હૈ..

માથું નમાવતા બે વાર સુલતાન જી જી બોલ્યો..

મહેલ ની છત ના ખૂણામાં દૂર ઊભેલ ઝૂરી ઉર્ફ ભારતીય જાસૂસ આરસી એ ઝીણી આંખ કરતા જોયું કે બેગમ ના ચહેરા પરથી દર્દ દૂર થઈ જતા અચાનક ચમક આવી ગઈ છે..

મુનમુન બેગમ ખુશ થાય છે ત્યારે એના મગજ માં ક્રૂર પ્લાન એ જન્મ લીધો હોય અથવા તો ક્રૂરતા પૂર્વક એના દુશ્મનો ની કતલ કરતી હોય છે. સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ ના મોત નો બદલો લેવા માટે બલી નો બકરો કોને બનાવવાનું બેગમ ના શાતિર દિમાગે વિચાર્યું હશે? એક વખત ની અતિ પ્રેમાળ આઠ બાળકો ની અમ્મી નું ક્રૂરતા ભર્યું રૂપ કદાચ એના રાક્ષસ પતિ ગફાર ખાને સ્વપ્નેય વિચાર્યું નહી હોય.

ઝૂરી ઉર્ફ ભારતીય જાસૂસ આરસી નું મગજ રોબર્ટ બન્યું હતું પણ એના શરીર ની અંદર ભાવાત્મક લાગણીઓ સમાપ્ત નહતી થઈ. બેગમ ના ચેહરા ની ચમક નિહાળતા જ એનું હૃદય જોર જોર થી ભય ના માર્યું ધડકવા લાગ્યું. એના હાથ માંથી ટ્રે છટકી ને ભોંય પર પડી ગઈ ને ચક્કર આવતા એ પણ જમીન પર ફસડાઈ ને બેભાન થઈ ગઈ.



મર્ડર, મિસ્ટ્રી કેસ ભાગ:૭૯

- રુપાલી દવે

જમીન પર ફસડાઈ ને બેભાન બનેલ ઝૂરી ની સહેજ પણ પરવા કર્યા વગર બેગમ એ નોકર ને બોલાવી ને ઝૂરી ને લઈ જવાનો ઈશારો કર્યો.

....

મહેલ ના દીદાર કર્યા બાદ તુર્કી શેઠ ખુશ થતા બોલ્યા કે વાહ!!બહાર સે જીતના દિખતા હૈ ઉસે સે ભી જ્યાદા મહેલ કી ખૂબ સુરત અંદર સે હૈ. હમ તો બહોત ખુશ નસીબ હૈ કી હમે તુર્ક કી રહેનુંમા ને ઈસ મહેલ કે લિયે પસંદ કિયા.

તુર્કી શેઠ ની આગળ સુલતાન એ બેગમ ના સમાજિક કાર્યો અને ખુલ્લા હાથે દાન વગેરે કથાવાર્તા કરતા કહ્યું કે ખુદ બેગમ કો પ્રમુખ ને ચુનાવ લડને કી ઓફર કી થી પર દોલત ઔર શોહરત કે બીચ સેવા કો હિ મકસદ બનાકર જીને વાલે કો પદ પ્રતિષ્ઠા કા મોહ નહીં હોતા હૈ..

મહેલ ની અંદર બનાવેલ આલીશાન ચેમ્બર માં પ્રવેશતા જ તુર્કી શેઠ નું મગજ ચકરાવે ચડી જતા એ બોલ્યો કે મિયા, યે ચેમ્બર હૈ યા ખૂબ સુરત જનાજા?

ચેમ્બર ની રિવોલ્વિંગ ચેર પર બુરખો પરિધાન કરીને બેઠેલ બેગમ એ ખડખડાટ હાસ્ય રેલાવતા કહ્યું કે સલામ મિયા,આપ ઈસ મામૂલી ચેમ્બર કો ખૂબ સુરત જનાજા હિ સમજીએ..

ઊંડો નિઃસાસો નાખતા બેગમ બોલ્યા કે મિયા,મોત કે બાદ ખૂબ સુરત જનાજા મિલા યા નહી મિલા કૌન જાનતા હૈ.. જીતે જી હમ ઈસ મામૂલી સી ચેમ્બર મેં જન્નત સા મહેસૂસ કરતે હૈ..

ઉપર તરફ બન્ને હાથ ફેલાવતા તુર્કી શેઠ બોલ્યો કે વાહ ક્યાં બાત હૈ..ક્યાં બાત હૈ.ખુશ નસીબ હૈ હમ આજ હમારી મુલાકાત ખુદા કે બંદે સે હુઈ....

તુર્કી શેઠ એ એની દુબઈ ની વૈભવી કોઠી ના કાગળ ટેબલ પર મૂકતા પૂછ્યું કે કોઠી કે કાગઝાત પર કિસ કે નામ કી મોહર લગાની હૈ..

સુલતાન બોલવા જતો હતો ત્યાં બેગમ એ ઈશારો કરીને એને અટકાવ્યો.

ત્યાં ઝૂરી ટ્રે માં અતિ કીમતી સિગારેટ અને ડ્રીંક લઈને આવી..

તુર્કી શેઠ ની નજર કિંમતી સિગાર ને બદલે ખૂબ સુરત ઝૂરી પર પડતાં જ અટકી ગઈ.. પાંચ દસ મિનિટ ઝૂરી ઉર્ફ ભારતીય જાસૂસ આરસી ની ખૂબ સુરતી ને એકીટશે નિહાળતો રહીયો..

બેગમ એ લુચ્ચું સ્મિત ફરકાવતા કહ્યું કે યે સંગે મરમર કી ખૂબ સુરત મુરત કા નામ જીન્નત હૈ..માસુમ અનાથ ઔર લાચાર બચ્ચી હૈ..ક્યાં કરે આપ તો જાનતે હો હમ બહોત નરમ દિલ હૈ ઈસ્લિયે બહોત સાલ સે પાલ રહે હૈ.

વૃદ્ધ તુર્કી શેઠ એ બેગમની આગળ ઝૂરી ને કબૂલ કરવાની ઈચ્છા વ્યક્ત કરી.

તુર્કી માંથી ભાગી ને દુબઈ જવાના પ્લાન ને પાર પાડવા માટે તુર્કી શેઠ એ પાંચ બીવી અને પંદર બાળકો ના બાપ હોવા છતાંય બેગમ એ ઝૂરી ઉર્ફ ભારતીય જાસૂસ આરસી નો સોદો શેઠ ની સાથે કરી નાખ્યો. દૂર ઊભેલ ઝૂરી ઉર્ફ ભારતીય જાસૂસ આરસી રોબર્ટ બની ચૂકી હતી છતાંય એની આંખો માંથી લાચરી માં આંસુઓ વહેવા લાગ્યા.

ઝૂરી ઉર્ફ ભારતીય જાસૂસ આરસી ભેટ માં મળતા તુર્કી શેઠ એ ખુશ થઈને મુનમુન બેગમ ની સૌથી લાડલી પૌત્રી મુસ્કાનનાનામે દુબઈ સ્થિત એની અતિ વૈભવી કોઠી કરી નાખી.

અધધધ દુબઈ ની ચલણી નોટ ત્યાંની બેંક માં પૌત્રી મુસ્કાનના ખાતા માં ચોવીસ કલાક માં જમા કરાવ્યા..

મુસ્કાન?

તુર્કી શેઠ ની દુબઈ સ્થિત વૈભવી કોઠી ના કાગળ પર અંકિત મુસ્કાન ના નામ પર પ્રેમ થી હાથ ફેરવતા ફેરવતા બેગમ મનોમન બોલ્યા કે માફ કરના બચ્ચા..ક્યાં કરતી? તેરી જીદ કે આગે જુકના મંજૂર નહી થા.. યે ધંધા હિ ઐસા હૈ કી રાસ્તે મેં આને વાલે સારે રિશ્તો નાતે કો હલાલ કરના પડતા હૈ..



# ગોલ્ડન ડ્રેસ અને કરોડોની ડાયમંડ જ્વેલરી

## ઈશા અંબાણીના 'ક્લિઓપેટ્રા' લુક પર 'વોગ'ની એડિટર પણ ફિદા; મનીષ મલ્હોત્રાને સપોર્ટ કરવા પેરિસ ક્યુટોર વીકમાં પહોંચી



(એજન્સી) મુંબઈ | તા.10

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની વિવિધ કંપનીની એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને અંબાણી પરિવારની લાડકવાયી દીકરી ઈશા અંબાણી બિઝનેસની સાથે સાથે ફેશનની પણ ખૂબ સારી સમજ ધરાવે છે. બુધવારે ભારતીય ડિઝાઈનર મનીષ મલ્હોત્રાએ પેરિસ હોટ ક્યુટોર વીકમાં ડેબ્યૂ કર્યું હતું. ડિઝાઈનરના કરિયર અને ભારતીય ફેશન માટેના આ એક માઈલસ્ટોન ઈવેન્ટમાં તેમને સપોર્ટ કરવા ઈશા અંબાણી પણ પહોંચી હતી. આ દરમિયાન ઈશાએ ગોલ્ડન ડ્રેસ અને માતા નીતા અંબાણીના અમૂલ્ય દાગીના પહેરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

પેરિસ હોટ ક્યુટોર વીક 2026માં ઈશાએ મનીષ મલ્હોત્રાએ જાતે કસ્ટમ ડિઝાઈન કરેલો હેન્ડમેડ ગોલ્ડ ક્યુટોર ગાઉન પહેર્યો હતો. પગની ઘૂંટી સુધીની લંબાઈ ધરાવતા આ ડ્રેસમાં આકર્ષક કોર્સેટ સિલુએટ સાથે વિન્ટેજ સલ્લી અને તાબન સિક્વિન્સ તેમજ હાથથી જડેલા રત્નોનું ઝિણવટભર્યું ભરતકામ કરવામાં આવ્યું છે. તેની હૉલ્ટર નેકલાઇન અને બોડી-સ્કલ્પ્ટિંગ સિલુએટ આ હેન્ડ-એમ્બ્રોઇડરી પીસની સુંદરતામાં વધારો કરે છે. આ ડ્રેસની કિંમત અંદાજે 40થી 80 લાખની વચ્ચે હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

ઈશાના લુકમાં આ ડ્રેસ મુખ્ય હાઈલાઈટ રહે તે માટે એન્ડુ મુકામલે તેને ખૂબ જ સ્માર્ટલી સ્ટાઈલ કર્યો હતો. તેમણે આ ક્યુટોર પીસ ઝાંખો ન પડે તે રીતે એટલી જ ભવ્ય અને લક્ઝુરિયસ જ્વેલરી તથા એક્સેસરીઝની પસંદગી કરી હતી. ઈશાએ ગોલ્ડ એમ્બેલિશ્ડ ફેરાગામો હિલ્સ પહેરી હતી. સાથે જ તેણે માતા નીતા અંબાણીના પર્સનલ પ્રાઈવેટ કલેક્શન તથા લોરેન શ્વાર્ટ્ઝની હેરિટેજ જ્વેલરી કેરી કરી હતી, જેમાં મોટા ડાયમંડ ડ્રોપ ઈયરિંગ્સ અને એક આકર્ષક રિંગ સામેલ હતી. આ જ્વેલરીની કિંમત 3 કરોડથી 5 કરોડની વચ્ચે હોવાનો અંદાજ છે.

મેકઅપની વાત કરીએ તો, ઈશાએ વિંગ્ડ આઈલાઈનર, ગોલ્ડન આઈશેડો, મસ્કારા, ડાર્ક આઈબ્રો, બ્લશ, હાઈલાઈટર અને ગ્લોસી રેડિશ-બ્રાઉન લિપ શેડ સાથે ડ્યુઈ બેઝ લુક પસંદ કર્યો હતો.

પોતાના મિત્ર મનીષ મલ્હોત્રાના ક્યુટોર કલેક્શનને સપોર્ટ કરવા પહોંચેલી ઈશા 'વોગ' મેગેઝિનના એડિટર-ઈન-ચીફ એના વિન્ટોર સાથે પહેલી હરોળમાં બેઠેલી જોવા મળી હતી. બંનેના ફોટો અને વીડિયો વાયરલ થયા હતા, જેમાં બંને એકબીજા સાથે હસતા અને વાતચીત કરતા જોવા મળ્યાં હતાં.

એના વિન્ટોરે મનીષ મલ્હોત્રાના આ શો માટે મસ્ટર્ડ-ગોલ્ડ કલરનો એક એલિગન્ટ લોન્ગ-સ્લીવ સિલ્ક મિડી ડ્રેસ પહેર્યો હતો, જેના પર પર્પલ કલરના ફૂલો અને ટીલ-ગ્રીન પાંદડાંની બોલ્ડ ફ્લોરલ પેટર્ન હતી. એનાએ આ હાઈ કોલર પર ગળામાં એક હેવી, કલાત્મક જ્વેલરી નેકલેસ લેયર કરીને પોતાના આઉટફિટને વધુ આકર્ષક બનાવ્યો હતો, જેમાં ડ્રેસની ફ્લોરલ પ્રિન્ટ સાથે મેચ થતા ડીપ પર્પલ અને મેટાલિક સ્ટોન્સ જડેલા હતા. પોતાની સિગ્નેચર સ્ટાઈલ જાળવી રાખતા, તેમણે બ્લન્ટ બેંગ્સ સાથે શોર્ટ હેરકટ અને ઓવરસાઈઝ્ડ બ્લેક સનગ્લાસ કેરી કર્યા હતા.



# રાઘવ જુયાલે કારમાં શહેનાઝને ખોળામાં બેસાડી

## ધક્કામુક્કી વચ્ચે મજબૂતીથી હાથ પકડી રાખ્યો, VIDEO; બંનેએ રિલેશનશિપ કન્ફર્મ કર્યાની ચાહકોમાં ચર્ચા

(એજન્સી) મુંબઈ | તા.10

ડાન્સર અને એક્ટર રાઘવ જુયાલે ગુરુવારે બર્થ ડે પાર્ટી યોજી હતી. આ પાર્ટીમાં એક્ટ્રેસ શહેનાઝ ગિલ પણ હાજર રહી હતી. બંને ઈવેન્ટમાંથી એકસાથે નીકળતા અને એક જ કારમાં જતા જોવા મળ્યા હતા. આ દરમિયાન શહેનાઝ રાઘવના ખોળામાં બેઠેલી દેખાઈ હતી.

જેના પછી સોશિયલ મીડિયા પર તેમના રિલેશનશિપને લઈને અટકળો તેજ બની ગઈ. કહેવામાં આવી રહ્યું છે કે, બંનેએ પોતાનો રિલેશનશિપ કન્ફર્મ કરી દીધો છે. જોકે, બંનેએ આ ચર્ચાઓ પર કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી. તે જ સમયે, જે વીડિયો સામે આવ્યો, જેમાં રાઘવ અને શહેનાઝ બંને હાથ પકડેલા જોવા મળ્યા. ભારે ભીડ વચ્ચે રાઘવ અને શહેનાઝ બહાર નીકળી રહ્યા હતા. આ દરમિયાન શહેનાઝનું સંતુલન બગડ્યું, પરંતુ તે પડતાં પડતાં બચી ગઈ.

નોંધનીય છે કે, શહેનાઝ ગિલ અને રાઘવ જુયાલની મિત્રતા પણ લાંબા સમયથી ચર્ચામાં છે. બંનેએ વર્ષ 2023માં સલમાન ખાનની ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન'માં સાથે કામ કર્યું હતું. ત્યારથી બંનેના અફેરના સમાચાર સામે આવતા રહ્યા છે. જોકે, શહેનાઝ અને રાઘવ હંમેશા એકબીજાને માત્ર સારા મિત્રો જ ગણાવતા આવ્યા છે.

વર્કફ્રન્ટની વાત કરીએ તો, રાઘવ જુયાલની અપકમિંગ ફિલ્મ 'ભાઈ તેરા સ્ટાર હૈ'નું ટ્રેલર ગઈકાલે રિલીઝ થયું. ટ્રેલરમાં રાઘવ કોમિક અવતારમાં જોવા મળી રહ્યા છે. તે ફિલ્મમાં અજય સિંહનું પાત્ર ભજવી રહ્યો છે. ફિલ્મમાં સંજય કપૂર, ચંદન રોય સાન્યાલ, બરખા સિંહ, ટીના દેસાઈ અને વિવાન ભટેના સહિત ઘણા કલાકારો મુખ્ય ભૂમિકાઓમાં છે. ફિલ્મને વિવેક બી. અગ્રવાલે ડિરેક્ટ કરી છે અને તે 30 જુલાઈના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. નોંધનીય છે કે, રાઘવ જુયાલનો જન્મ 10 જુલાઈ 1991ના રોજ થયો હતો. આજે તે 35 વર્ષનો થયો છે. ગુરુવારે મુંબઈમાં યોજાયેલી રાઘવની બર્થડે પાર્ટીમાં આર્યન ખાન, મુનવ્વર ફારૂકી, બાદશાહ, સાન્યા મલ્હોત્રા, મોના સિંહ, સંજય કપૂર અને અમીષા પટેલ હાજર રહ્યા હતા.

આર્યન ખાન રાઘવ જુયાલની બર્થ ડે પાર્ટીમાં પહોંચ્યો:સેલ્ફી લેવા જતાં ચાહક પડ્યો, શાહરૂખના દીકરાએ તરત મદદનો હાથ લંબાવ્યો

શાહરૂખ ખાનના દીકરા અને ડિરેક્ટર આર્યન ખાનનો એક વીડિયો વાયરલ થયો છે, ત્યારબાદ તેની સાદગી અને મદદગાર સ્વભાવની લોકો પ્રશંસા કરી રહ્યા છે. ગુરુવારે રાત્રે ડાન્સર-એક્ટર રાઘવ જુયાલની બર્થડે પાર્ટી હતી.

# સિદ્ધાર્થ અને કિયારા અડવાણી હવે બોક્સ ઓફિસ પર નહીં ટકરાય...

મુંબઈ : સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયાની જોડીની આગામી ફિલ્મ 'વી વન' જે ૨૮ ઓગસ્ટે રજૂ થવાની હતી તેને હવે એક મહિના પછી ૨૮ સપ્ટેમ્બરે રજૂ કરવાનો નિર્ણય લેવાયો છે. ૨૬ઓગસ્ટે યશ તથા કિયારાની 'ટોક્સિકઃ એ ફેરી ટેલ ફોર ગ્રોન અપ્સ' અને ૨૮ ઓગસ્ટે શ્રદ્ધા કપૂરની 'ઈઠા' ફિલ્મ રજૂ થવાની હોઈ તેમની સાથે બોક્સ ઓફિસ પર ત્રિપાંખિયો જંગ ટાળવા માટે હવે 'વી વન' ફિલ્મની રજૂઆતને એક મહિનો પાછળ ઠેલવામાં આવી છે. આમ બોક્સ ઓફિસ પર પતિ સિદ્ધાર્થ મલ્હોત્રા તથા પત્ની કિયારા અડવાણીની ટક્કર હવે ટળી ગઈ છે.

બાલાજી ટેલિફિલ્મ્સની આ ફિલ્મમાં મનિષ પોલ, સુનીલ ગ્રોવર, શ્વેતા તિવારી અને અનુપ સોની પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મનું નિર્દેશન દિપક કુમાર મિશ્રા અને અરૂણાભ કુમારે કર્યું છે.



# ચેક બાઉન્સ કેસમાં રાજપાલ યાદવને 3 મહિનાની જેલ, કાયદો બધા માટે સમાન છે : કોર્ટ

**બોલિવૂડ અભિનેતા રાજપાલ યાદવને દિલ્હી હાઈકોર્ટે ચેક બાઉન્સના કેસમાં 3 મહિનાની જેલની સજા ફટકારી છે. વારંવાર તક આપવા છતાં રાજપાલ શરતોનું પાલન ન કરતા, કોર્ટે નીચલી અદાલતનો ચુકાદો યથાવત રાખ્યો છે.**


**રાજપાલને દરેક કેસમાં 1.05 કરોડ અને વધારાના 1 કરોડ 4 લાખ 75 હજાર રૂપિયાનો દંડ પણ કરાયો છે. કોર્ટે VIP કલ્ચર પર પ્રહાર કરતા કહ્યું કે કાયદો બધા માટે સમાન છે.**

(એજન્સી) મુંબઈ | તા.10

બોલિવૂડના જાણીતા અભિનેતા રાજપાલ યાદવ અત્યારે કાયદાકીય મુશ્કેલીઓના ભારે વમળમાં ફસાયા છે. દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે એક મોટો ચુકાદો આપતા ચેક બાઉન્સના વિવિધ કેસોમાં રાજપાલ યાદવની સજાને યથાવત રાખી છે.


કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે કાયદો બધા માટે સમાન છે, પછી ભલે તે વ્યક્તિ ગમે તેટલી જાણીતી સેલિબ્રિટી કેમ ન હોય.

જસ્ટિસ શર્માએ ચુકાદો સંભળાવતા રાજપાલ યાદવને દરેક કેસમાં 3 મહિનાની સાદી જેલની સજા ફટકારી છે. રાહતની વાત માત્ર એટલી છે કે આ તમામ સજાઓ એકસાથે ચાલશે, એટલે કે એક્ટરે કુલ 3 મહિના જેલમાં વિતાવવા પડશે. વારંવાર તક આપવા છતાં



રાજપાલ યાદવ શરતોનું પાલન કરવામાં નિષ્ફળ: દિલ્હી હાઈકોર્ટ દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્માએ આ કેસની સુનાવણી કરતા જણાવ્યું હતું કે અગાઉની બેન્ચે આ મામલાને ગુણવત્તાના આધારે સ્વીકારવાની અનિચ્છા દર્શાવી હતી, પરંતુ રાજપાલ યાદવે કોર્ટ સમક્ષ નિવેદન આપ્યું હતું કે તેઓ આ વિવાદનો સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલ લાવવા ઈચ્છે છે.

આ આશ્વાસનને ધ્યાનમાં રાખીને કોર્ટે તેમના પ્રત્યે નરમાશ અને ઉદારતા દાખવી હતી. જો કે, વારંવાર તક આપવા છતાં રાજપાલ યાદવ કોર્ટને આપેલા વચનો અને સમાધાનની શરતોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા હતા. કોર્ટે નોંધ્યું કે કાર્યવાહીના અંતે તો યાદવે ફરિયાદીને વધુ કોઈ ચૂકવણી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો.



# 'સંબંધમાં ભૂલ થઈ હશે, તો તે મારા તરફથી થઈ હશે...

(એજન્સી) મુંબઈ | તા.10

રિયાલિટી ગેમ શો 'અલાયન્સ'માં તાજેતરમાં સોહેલ ખાનને મોટું સરપ્રાઈઝ મળ્યું, જ્યારે તેની પૂર્વ પત્ની સીમાએ શોમાં એન્ટ્રી કરી. હોસ્ટ કુણાલ ખેમુએ સોહેલને સીમા વિશે પ્રશ્ન કર્યો, જેના પર તેણે પોતાના લગ્ન અને સંબંધો વિશે ખૂલીને વાત કરી. કુણાલ ખેમુએ પૂછ્યું કે, સીમાને શોમાં જોઈને તમને કેવું લાગી રહ્યું છે? આના પર સોહેલ ખાને કહ્યું કે, તેણે સીમા સાથે પોતાના જીવનના 25 વર્ષ વિતાવ્યા છે. તેણે સીમાને એક સુંદર અને સારા દિલવાળી મહિલા ગણાવી. સોહેલે એમ પણ કહ્યું કે, જો તેમના સંબંધોમાં ક્યારેય કોઈ ભૂલ થઈ હશે, તો તે તેમની (સોહેલ) તરફથી થઈ હશે.

શોમાં સોહેલ ખાન અને સીમા વચ્ચેની વાતચીત અને બોન્ડિંગ જોઈને અન્ય સ્પર્ધકોએ તાળીઓ પાડીને બંનેનો ઉત્સાહ વધાર્યો.

સોહેલ અને સીમાની પહેલી મુલાકાત ચંકી પાંડેની સગાઈની પાર્ટીમાં થઈ હતી. સોહેલ પહેલી નજરમાં જ સીમાને દિલ દઈ બેઠા. જલદી જ બંનેએ એકબીજાને ડેટ કરવાનું શરૂ કરી દીધું. પરંતુ અલગ-અલગ ધર્મ હોવાને કારણે સીમાનો પરિવાર આ સંબંધની વિરુદ્ધ હતો. પરિવારના વિરોધ છતાં બંનેએ સાથે રહેવાનો નિર્ણય કર્યો. 15 માર્ચ 1998ના રોજ, જે દિવસે સોહેલની પહેલી ડિરેક્ટેડ ફિલ્મ 'પ્યાર કિયા તો ડરના ક્યા' રિલીઝ થઈ, તે જ દિવસે બંનેએ ઘરેથી ભાગીને લગ્ન કરી લીધા. પહેલા આર્ય સમાજ મંદિરમાં ફેરા લીધા અને પછી નિકાહ કર્યા. તેમના પહેલા દીકરા નિર્વાણનો જન્મ 2000માં અને બીજા દીકરા યોહાનનો જન્મ 2011માં થયો. બંને 2022માં અલગ થઈ ગયા.

રિયાલિટી ગેમ શો 'અલાયન્સ'ને કુણાલ ખેમુ હોસ્ટ કરી રહ્યો છે. શોમાં સંબંધો અને મિત્રતાના સમીકરણો દરરોજ બદલાતા રહે છે. આ શો પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ થઈ રહ્યો છે, જેમાં ફિલ્મ અને ટીવી કલાકારોની સાથે ઘણા ઈન્ફ્લુએન્સર્સ પણ ભાગ લઈ રહ્યા છે. આમાં સોહેલ ખાન, મિની માથુર, કુશલ ટંડન, નીતિ ટેલર અને પાયલ ગેમિંગ સામેલ છે.



# રાજેશ શર્માને પ્રભાસની ફિલ્મના સેટ પર જીવડું નથી કરડ્યું?: 'ફૌજી'ની ટીમની સ્પષ્ટતા

(એજન્સી) મુંબઈ | તા.10

સાઉથ સ્ટાર પ્રભાસની ફિલ્મ 'ફૌજી'ના શૂટિંગ દરમિયાન એક્ટર રાજેશ શર્માને કથિત રીતે જીવડું કરડ્યા બાદ તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાના અહેવાલ આવ્યા હતા. ડોક્ટરોએ તેમની હાલત ગંભીર ગણાવી હતી. જોકે, હવે આ અંગે 'ફૌજી'ની ટીમે નિવેદન જાહેર કર્યું છે.

તાજેતરમાં રાજેશ શર્માની તબિયત બગડવાના સમાચાર સામે આવ્યા હતા. રિપોર્ટ્સ અનુસાર, તેમને પહેલા હૈદરાબાદની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, ત્યારબાદ સારવાર માટે કોલકાતા લઈ જવામાં આવ્યા. કેટલાક રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો કે, તેમની તબિયત ફિલ્મ 'ફૌજી'ના સેટ પર કોઈ જીવડાં કરડવાથી બગડી. એક્ટ્રેસ સુદીપા ચેટર્જીએ પણ પોતાના એક નિવેદનમાં જીવડાં કરડવાનો ઉલ્લેખ કર્યો હતો. જોકે, બાદમાં તેમણે સોશિયલ મીડિયા પોસ્ટ હટાવી દીધી હતી.

સાઉથ ફિલ્મો સાથે સંકળાયેલા પોર્ટલ ગુલ્ટી અનુસાર, 'ફૌજી'ની ટીમે જણાવ્યું કે તેમને સેટ પર આવી કોઈ ઘટનાની જાણ નથી. ટીમનું કહેવું છે કે, રાજેશ શર્મા આ અહેવાલો સામે આવ્યાના લગભગ એક અઠવાડિયા પહેલા પોતાનું શૂટ પૂરું કરીને ઘરે પરત ફર્યા હતા. તે દરમિયાન પ્રોડક્શન ટીમને કોઈ મેડિકલ ઈમરજન્સીની ઔપચારિક જાણકારી મળી ન હતી. ટીમે એમ પણ કહ્યું કે, અહેવાલો સામે આવ્યા પછી તેમણે રાજેશ શર્માના પરિવારનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ કોઈ જવાબ મળ્યો નહીં.

રિપોર્ટ અનુસાર, રાજેશ શર્માના પર્સનલ આસિસ્ટન્ટ શુભાશીષ પાંડાએ એક વીડિયો જાહેર કરીને જણાવ્યું કે એક્ટરને ડાયાબિટીસ સંબંધિત સમસ્યાઓના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમણે એમ પણ કહ્યું કે, રાજેશ જલ્દી હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થઈ શકે છે. આ દાવો જીવજંતુ કરડવાના રિપોર્ટ્સથી અલગ છે.

રાજેશ શર્માના સ્વાસ્થ્યને લઈને ગુરુવારે એક્ટર અક્ષય કુમારે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેણે સોશિયલ મીડિયા પર લખ્યું, 'મારા પ્રિય મિત્ર રાજેશની તબિયત વિશે સાંભળીને ખૂબ ચિંતા થઈ.

શૂટિંગ દરમિયાન તેમને કોઈ જીવજંતુ કરડી ગયું હતું. ભગવાન મહાદેવ તેમને જલ્દી અને સંપૂર્ણ સ્વસ્થ કરે. યાર, જલ્દી સાજા થઈ જાઓ. હજી સાથે બેસીને ખૂબ હસવું-બોલવું બાકી છે.'

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

ભારતીય એથ્લેટ્સની શાનદાર શરૂઆત

## એશિયન અંડર-23 એથ્લેટિક્સમાં ભારતનો દબદબો



(એજન્સી) ઓરડોસ (ચીન) । તા. 10

ચીનના ઓરડોસ શહેરમાં આયોજિત પ્રથમ 'એશિયન અંડર-૨૩ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ'માં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રારંભ કર્યો છે. સ્પર્ધાના પ્રથમ દિવસે જ ભારતીય એથ્લેટ્સે કુલ પાંચ મેડલ જીતીને દેશનું ગૌરવ વધાર્યું છે. જેમાં એક ગોલ્ડ, એક સિલ્વર અને ત્રણ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.

ભારતીય ટીમ માટે દિવસની સૌથી મોટી ઉપલબ્ધિ મિક્સ ૪x૪૦૦ મીટર રિલેમાં જોવા મળી હતી. આસ્તિક પ્રધાન, સાન્દ્રા મોલ સાબુ, સેથુ મિશ્રા અને શ્રાવણી સચિન સાંગલેની ચોકડીએ ૩:૧૮.૬૪ સેકન્ડનો સમય નોંધાવીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ જીત સાથે ભારતે ટૂર્નામેન્ટમાં પોતાના ગોલ્ડ મેડલનું ખાતું ખોલાવ્યું હતું.

ભારતનું મેડલ ખાતું પુરુષોના ડિસ્કસ થ્રોમાં ભરતપ્રીત સિંહે ખોલ્યું હતું, જેમણે ૫૨.૯૧ મીટરના થ્રો સાથે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. આ સ્પર્ધામાં ચીનના ખેલાડીઓએ ગોલ્ડ અને સિલ્વર મેડલ જીત્યા હતા. આ ઉપરાંત, પુરુષોની ૫૦૦૦ મીટર રેસમાં ભારતીય ખેલાડીઓનું વર્ચસ્વ જોવા મળ્યું હતું, જ્યાં શિવાજી પરશુરામ મડપ્પાગૌડ્રાએ ૧૪:૦૮.૧૯ ના સમય સાથે સિલ્વર મેડલ મેળવ્યો હતો, જ્યારે વિનોદ સિંહે ૧૪:૨૩.૬૭ ના સમય સાથે બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો. મહિલાઓની ૩૦૦૦ મીટર સ્ટીપલચેઝ સ્પર્ધામાં પ્રાચી દેવકરે ૧૦:૩૨.૬૯ સેકન્ડના સમય સાથે ભારત માટે વધુ એક બ્રોન્ઝ મેડલ જીતીને દિવસનો અંત સફળતાપૂર્વક કર્યો હતો.

આ inaugural એટલે કે પ્રથમ વખત યોજાઈ રહેલી આ ચેમ્પિયનશિપમાં ભારત કુલ ૫૩ એથ્લેટ્સની મોટી ટીમ સાથે ભાગ લઈ રહ્યું છે. પ્રથમ દિવસના પરિણામોએ એ સ્પષ્ટ કરી દીધું છે કે ભારતીય ખેલાડીઓ અન્ય દેશોના એથ્લેટ્સને જોરદાર ટક્કર આપી રહ્યા છે. કોચ અને સપોર્ટ સ્ટાફને આશા છે કે આગામી દિવસોમાં પણ ખેલાડીઓ આ જ પ્રદર્શન જાળવી રાખશે અને મેડલની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે.

ટીમ ઈન્ડિયા સામે ઈંગ્લેન્ડનો દબદબો, ચોથી T20I માં ભારતની શરમજનક હાર

# શ્રેયસ અય્યરની ભૂલ ટીમ ઈન્ડિયાને ભારે પડી

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચોની T20I શ્રેણીના ચોથા મુકાબલામાં ટીમ ઈન્ડિયાએ વધુ એક શરમજનક પરાજયનો સામનો કરવો પડ્યો છે. આ હાર સાથે જ શ્રેયસ અય્યરના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ શ્રેણીમાં 3-0 થી પાછળ ધકેલાઈ ગઈ છે. એક તરફ કેપ્ટન શ્રેયસ અય્યરે વ્યક્તિગત રીતે શાનદાર અણનમ 80 રનની ઈનિંગ રમી હતી, પરંતુ તેમની એક નાનકડી વ્યૂહાત્મક ભૂલ સમગ્ર ટીમ પર ભારે પડી હતી, જે મેચનો સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટ બની ગયો હતો.



ભારત દ્વારા આપવામાં આવેલા 159 રનના લક્ષ્યાંકનો બચાવ કરતી વખતે ભારતીય ટીમની શરૂઆત સારી રહી હતી. ડાબા હાથના ઝડપી બોલર અર્શદીપ સિંહે ઈંગ્લેન્ડના કેપ્ટન જોસ બટલરને માત્ર 13 રનના સ્કોર પર પેવેલિયન ભેગા કરી ભારતને મહત્વની સફળતા અપાવી હતી. જોકે, આ સફળતા બાદ કેપ્ટન શ્રેયસ અય્યરે અર્શદીપ પાસે સતત બોલિંગ કરાવવાને બદલે તેમને બોલિંગ આક્રમણમાંથી દૂર કર્યા. અય્યરનો આ નિર્ણય ઈંગ્લેન્ડના બેટ્સમેનો માટે આશીર્વાદરૂપ સાબિત થયો. અનુભવી અર્શદીપના સ્થાને મેદાનમાં આવેલા બિનઅનુભવી પ્રિન્સ યાદવ અને પ્રસિદ્ધ ક્રિષ્ના સામે હેરી બ્રુક અને ફિલ સોલ્ટે આક્રમક બેટિંગ કરીને મેચનું પાસું પલટી નાખ્યું હતું. ઈંગ્લેન્ડે પાવરપ્લેમાં જ 62 રન બનાવી ભારતને મેચમાંથી બહાર કરી દીધું હતું.

ચોથી T20I માં પણ ભારતીય ઓપનર્સ અભિષેક શર્મા અને વૈભવ સૂર્યવંશી નિષ્ફળ રહ્યા હતા. અનુક્રમે 16 અને 15 રન બનાવી બંને ઓપનર્સ સસ્તામાં પેવેલિયન ભેગા થતા ટીમ ઈન્ડિયા દબાણમાં આવી ગઈ હતી. ત્રીજા નંબરે આવેલા ઈશાન કિશન પણ કંઈ ખાસ કરી શક્યા નહીં. મધ્યમ ક્રમમાં કેપ્ટન અય્યર અને શિવમ દુબેએ ઈનિંગને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો. અય્યરે પોતાના 49 બોલના અણનમ 80 રનની ઈનિંગમાં 5 છગ્ગા અને 4 ચોગ્ગા ફટકારી ટીમને 158 રનના સ્કોર સુધી પહોંચાડી હતી.

### હેરી બ્રુક અને ફિલ સોલ્ટનું તોફાન

ઈંગ્લેન્ડે 159 રનનો ટાર્ગેટ માત્ર એક વિકેટ ગુમાવીને અને 37 બોલ બાકી રહેતા ખૂબ જ સરળતાથી પ્રાપ્ત કરી લીધો હતો. હેરી બ્રુકે માત્ર 35 બોલમાં 79 રન ફટકાર્યા હતા, જ્યારે ફિલ સોલ્ટે 59 રનની અણનમ ઈનિંગ રમી હતી. ઈંગ્લેન્ડની આ જીત સાથે શ્રેણી પર પણ તેમનું વર્ચસ્વ સાબિત થયું છે.

### ટીમ ઈન્ડિયા માટે ચિંતાના વાદળો

આ હાર માત્ર શ્રેણી ગુમાવવાનો વિષય નથી, પરંતુ તે ભારતીય ટીમની આંતરરાષ્ટ્રીય સ્તરે તૈયારીઓ પર પણ સવાલો ઉભા કરે છે. બોલિંગમાં અર્શદીપ સિવાય અન્ય બોલરોની ધાર ઓછી જણાઈ હતી, જ્યારે ટોપ ઓર્ડરના બેટ્સમેનોનું ફોર્મ કેપ્ટન માટે ચિંતાનો વિષય બન્યું છે. શ્રેયસ અય્યરે હવે આગામી મેચો માટે પોતાની વ્યૂહરચનામાં ધરખમ ફેરફાર કરવાની જરૂર છે. હવે જોવું રહ્યું કે ટીમ ઈન્ડિયા અંતિમ મેચમાં સન્માનજક જીત મેળવી શકે છે કે નહીં.

# બ્રિટિશ ગ્રાન્ડ પ્રિકસમાં ચાર્લ્સ લેકલર્કની જીત, ફેરારી માટે 250મી જીત

(એજન્સી) સિલ્વરસ્ટોન । તા. 10

ફોર્મ્યુલા વન જગતના દિગ્ગજ ડ્રાઈવર ચાર્લ્સ લેકલર્કે સિલ્વરસ્ટોન સર્કિટ ખાતે શાનદાર પ્રદર્શન કરીને બ્રિટિશ ગ્રાન્ડ પ્રિકસ જીતી લીધી છે. લાંબા સમયથી ફોર્મ અને જીત માટે ઝઝૂમી રહેલા લેકલર્કે આ જીત સાથે પોતાની ટીમને પ્રોત્સાહન આપ્યું છે. આ લેકલર્કની કારકિર્દીની નવમી જીત છે અને ફેરારી ટીમ માટે આ ગ્રાન્ડ પ્રિકસ ઈતિહાસમાં ૨૫૦મી જીત બની રહી છે.



ચાર્લ્સ લેકલર્ક માટે આ જીત અત્યંત મહત્વની છે કારણ કે છેલ્લા બે વર્ષથી તેઓ જીત મેળવી શક્યા ન હતા. તેમની છેલ્લી જીત ઓક્ટોબર ૨૦૨૪ માં યુનાઈટેડ સ્ટેટ્સ ગ્રાન્ડ પ્રિકસમાં મળી હતી. મોનાકોમાં નિરાશાજનક પ્રદર્શન અને ત્યારબાદ સ્પેન અને ઓસ્ટ્રિયામાં પણ સંઘર્ષ કર્યા બાદ, લેકલર્કે આ જીત સાથે ફોર્મમાં વાપસી કરી છે.

લેકલર્કે આ રેસ જીતવા માટે કારના સેટ-અપમાં મહત્વના ફેરફારો કર્યા હતા. તેમણે લુઈસ હેમિલ્ટનની ડ્રાઈવિંગ સ્ટાઈલને કોપી કરવાને બદલે પોતાની ડ્રાઈવિંગ સ્ટાઈલને જાળવી રાખીને કારના ટોર્ક અને ડિફરન્શિયલ સેટિંગ્સમાં ફેરફાર કર્યો હતો. આ ફેરફારથી તેમને સ્લો કોર્નર્સમાં વધુ ગ્રીપ મળી હતી, જે રેસ જીતવા માટે નિર્ણાયક સાબિત થઈ હતી. આ રેસમાં લુઈસ હેમિલ્ટન ત્રીજા ક્રમે રહ્યા હતા, જેમને ફાલ્સ સ્ટાર્ટ બદલ પાંચ સેકન્ડની પેનલ્ટીનો સામનો કરવો પડ્યો હતો. રેસના અન્ય મુખ્ય દાવેદાર કિમી એન્ટોનેલી માટે આ ગ્રાન્ડ પ્રિકસ દુર્ભાગ્યપૂર્ણ રહી હતી. તેમણે શરૂઆતમાં પોલ પોઝિશન મેળવી હતી, પરંતુ લેપ ૪૧ પર વ્હીલ ડેમેજ થવાને કારણે તેઓ રેસમાંથી બહાર થઈ ગયા હતા. જોકે, જ્યોર્જ રસેલે નસીબના જોરે બીજું સ્થાન મેળવ્યું હતું. લેકલર્કની આ જીતે ફરી એકવાર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં તેમના માટે આશા જગાડી છે.

# બિગ બૅશ લીગની શરૂઆત હવે ભારતમાં થશે

ભારત-ઓસ્ટ્રેલિયાના નવા ખેલ સંબંધો



(એજન્સી) ચેન્નઈ । તા. 10

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના રમતગમતના સંબંધોમાં એક નવો અને ઐતિહાસિક અધ્યાય ઉમેરાવા જઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયાની પ્રખ્યાત ટી-20 ટૂર્નામેન્ટ 'બિગ બૅશ લીગ' (BBL) ની આગામી 2026-27 સીઝનનું ભવ્ય આયોજન હવે ભારતીય ધરતી પરથી થવા જઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બાનિઝે સંયુક્ત રીતે આ મોટી જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ડિસેમ્બર મહિનામાં ચેન્નઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમ (ચેપોક) ખાતે આ ટૂર્નામેન્ટનો પ્રથમ મુકાબલો રમાશે.

### ઐતિહાસિક ઓપનિંગ મુકાબલો

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના સત્તાવાર અહેવાલ મુજબ, બિગ બૅશ લીગના ઈતિહાસમાં આ પ્રથમ વખત હશે જ્યારે ટૂર્નામેન્ટની ઓપનિંગ મેચ ઓસ્ટ્રેલિયાની બહાર રમાશે. 12 ડિસેમ્બરે યોજાનારા આ હાઈ-વોલ્ટેજ મુકાબલામાં મેલબોર્ન રેનેગેડ્સ અને પર્થ સ્કોર્ચર્સની ટીમો આમને-સામને ટકરાશે. ખાસ વાત એ છે કે, વિદેશમાં રમાતી હોવા છતાં આ મેચમાં મેલબોર્ન રેનેગેડ્સને 'હોમ ટીમ' તરીકેનો દરજ્જો આપવામાં આવશે. ચેપોકની પીચ પર આંતરરાષ્ટ્રીય લીગની શરૂઆત થવી એ ભારતીય ક્રિકેટ પ્રેમીઓ માટે પણ એક ગર્વની ક્ષણ છે.

### સ્પોર્ટ્સ રોડમેપ: નવી દિશા

બંને વડાપ્રધાનોએ રમતગમતના ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે એક વિશેષ 'સ્પોર્ટ્સ રોડમેપ' જાહેર કર્યો છે. આ રોડમેપનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે રમતગમતની સાથે વેપાર, પ્રવાસન અને ટેક્નોલોજીના આદાનપ્રદાનને વેગ આપવાનો છે. ઓસ્ટ્રેલિયાના પીએમ અલ્બાનિઝે આ પ્રસંગે જણાવ્યું હતું કે, "ભારત અને ઓસ્ટ્રેલિયા બંને રમતો પ્રત્યે અપાર જુસ્સો ધરાવે છે. આ સહયોગ માત્ર મેદાન પૂરતો સીમિત નથી, પરંતુ તે બંને દેશોના આર્થિક સંબંધોને મજબૂત બનાવનારી કડી સાબિત થશે."

ટેનિસ ફાઈનલ હવે ખૂબ જ રસપ્રદ

## વિમ્બલ્ડન ૨૦૨૬માં કેરોલિના મુચોવા ફાઈનલમાં



(એજન્સી) લંડન । તા. 10

વિમ્બલ્ડન ૨૦૨૬ ની ગ્રાન્ડ સ્લેમ સ્પર્ધામાં ચેક રિપબ્લિકની કેરોલિના મુચોવાએ શાનદાર દેખાવ કરીને ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. સેમીફાઈનલમાં એક અત્યંત રોમાંચક અને સંઘર્ષપૂર્ણ મુકાબલામાં તેમણે કોકો ગૌફને ૬-૨, ૧-૬, ૭-૬ (૧૨-૧૦) થી હરાવીને પોતાના પ્રથમ વિમ્બલ્ડન ફાઈનલનો રસ્તો સાફ કર્યો છે. સેમીફાઈનલ મેચમાં મુચોવા અને ગૌફ વચ્ચે રસાકસીનો જંગ જોવા મળ્યો હતો. પ્રથમ સેટમાં મુચોવાએ આરામથી જીત મેળવી હતી, પરંતુ બીજા સેટમાં ગૌફે જોરદાર વાપસી કરી હતી. નિર્ણાયક ત્રીજા સેટમાં બંને ખેલાડીઓ વચ્ચે પોઈન્ટ-ટુ-પોઈન્ટ સંઘર્ષ જોવા મળ્યો હતો. ટાઈ-બ્રેકરમાં મુચોવાએ મક્કમતા દાખવીને અંતે જીત પોતાના નામે કરી હતી. પોતાની કારકિર્દીના અંતિમ તબક્કે પહોંચેલી મુચોવા માટે વિમ્બલ્ડન હંમેશા પડકારરૂપ રહ્યું હતું, પરંતુ આ વર્ષે તેમણે ઈતિહાસ રચી દીધો છે. હવે ફાઈનલમાં મુચોવાનો મુકાબલો તેમની જ દેશની સાથી ખેલાડી લિન્ડા નોસ્કોવા સાથે થશે. નોસ્કોવાએ સેમીફાઈનલમાં યુક્રેનની માર્ટા કોસ્ટ્યુકને ૬-૪, ૬-૪ થી હરાવીને ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. ૨૦૦૯ માં સેરેના અને વિનસ વિલિયમ્સ વચ્ચેની ફાઈનલ બાદ, હવે ફરી એકવાર એક જ દેશના બે ખેલાડીઓ વિમ્બલ્ડનના વિમેન્સ સિંગલ્સ ફાઈનલમાં સામસામે ટકરાશે.

ટેબલ ટેનિસમાં ભારતનું નામ, એશિયન ગેમ્સમાં મળશે તક

# સિંડ્રેલા દાસ બની ભારતની નવી ટેબલ ટેનિસ સ્ટાર



(એજન્સી) ચેન્નાઈ । તા. 10

ભારતીય ટેબલ ટેનિસ જગતમાં ૧૬ વર્ષીય સિંડ્રેલા દાસ એક ઉગતા સિતારા તરીકે ઉભરી આવી છે. તાજેતરમાં એશિયન યુથ ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કર્યા બાદ, સિંડ્રેલા હવે પોતાની કારકિર્દીના નવા તબક્કામાં પ્રવેશવા તૈયાર છે. તે આગામી અલ્ટીમેટ ટેબલ ટેનિસ (UTT) લીગ, એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ચેમ્પિયનશિપમાં ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરશે.

### રમતગમતનો વારસો અને પ્રારંભ

કોલકાતાની રહેવાસી સિંડ્રેલા દાસને રમતગમતનો વારસો પરિવારમાંથી જ મળ્યો છે. તેના દિવંગત જ્યેઠુ (પિતાના ભાઈ) કૃશાનું ડે કોલકાતાના મેદાનના 'ભારતીય મેરાડોના' તરીકે જાણીતા ફૂટબોલર હતા. માત્ર ચાર વર્ષની ઉંમરે ટેબલ ટેનિસની શરૂઆત કરનાર સિંડ્રેલાએ બાળપણમાં સ્વિમિંગ અને બેડમિન્ટન જેવી રમતોમાં પણ હાથ અજમાવ્યો હતો, પરંતુ ટેબલ ટેનિસમાં મળેલી પ્રથમ જીતે તેને આ રમત માટે પ્રોત્સાહિત કરી.

અર્જુન એવોર્ડ વિજેતા સોમ્યદીપ રોયના માર્ગદર્શન હેઠળ સિંડ્રેલાની રમતનો વિકાસ થયો છે. રોયના મતે, પ્રથમ દિવસથી જ સિંડ્રેલામાં કંઈક અલગ સ્પાર્ક જોવા મળતો હતો. ૨૦૨૧ માં અંડર-૧૩ શ્રેણીમાં પ્રથમ નેશનલ ટાઈટલ જીત્યા બાદ ૨૦૨૩ માં ૧૪ વર્ષની વયે તેણે અંડર-૧૫, અંડર-૧૭ અને અંડર-૧૯ એમ ત્રણેય શ્રેણીમાં ટ્રિપલ ક્રાઉન જીતીને ઈતિહાસ રચ્યો હતો. તે સમયે મહિલા વર્ગમાં પણ તેણે ટોચના ૧૬ ખેલાડીઓમાં સ્થાન મેળવ્યું હતું.

સિંડ્રેલા હાલમાં વિશ્વ રેન્કિંગમાં ૧૧૫ મા ક્રમે છે. એશિયન ગેમ્સ માટેની પસંદગી અંગે તે અત્યંત ઉત્સાહિત છે અને તે ભારતીય ટીમની સૌથી યુવા ખેલાડી છે.

એમબાપ્પે-ડેમ્બેલેના ગોલથી જીત

# ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ માં ફ્રાન્સની સેમીફાઈનલ એન્ટ્રી

(એજન્સી)ડલાસ । તા. 10

ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ માં ફ્રાન્સની ટીમે પોતાનું વર્ચસ્વ જાળવી રાખતા સેમીફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. ક્વાર્ટર ફાઈનલના રોમાંચક મુકાબલામાં ફ્રાન્સે મોરોક્કોને ૨-૦ થી પરાજય આપીને સતત ત્રીજી વખત ફાઈનલ રમવાના પોતાના લક્ષ્યાંક તરફ મજબૂત ડગલાં માંડ્યા છે. આ જીત સાથે ફ્રાન્સ હવે આગામી મંગળવારે ડલાસ ખાતે સ્પેન અથવા બેલ્જિયમ સામે ટકરાશે.

મેચની શરૂઆતથી જ ફ્રાન્સની ટીમ મોરોક્કો પર હાવી રહી હતી. ફ્રાન્સે ગોલ પોસ્ટ પર ૨૧ શોટ મારીને સતત દબાણ બનાવ્યું હતું. ૨૫મી મિનિટે ફ્રાન્સને પેનલ્ટી મળી હતી, પરંતુ સ્ટાર ખેલાડી કિલિયન એમબાપ્પેનો પેનલ્ટી શૉટ મોરોક્કોના ગોલકીપર યાસીન બોનોએ નિષ્ફળ બનાવ્યો હતો. જોકે, એમબાપ્પેએ હિંમત ન હારતા મેચની ૬૦મી મિનિટે શાનદાર ગોલ કરીને ટીમને ૧-૦ ની સરસાઈ અપાવી હતી. આ ગોલ તેના વર્લ્ડ કપ કરિયરનો ૨૦મો ગોલ હતો, જે તેની ક્ષમતાને સાબિત કરે છે.

ફ્રાન્સનો બીજો ગોલ ૬૬મી મિનિટે આવ્યો હતો. એમબાપ્પેએ પોતાની ચપળતાનો ઉપયોગ કરી મોરોક્કોના ડિફેન્ડરોને ગેરમાર્ગે દોર્યા હતા અને ઉસ્માન ડેમ્બેલેને પાસ આપ્યો હતો. ડેમ્બેલેએ તક ઝડપી લઈને ગોલ કર્યો અને ફ્રાન્સની જીત સુનિશ્ચિત કરી દીધી હતી. બીજી તરફ, મોરોક્કો માટે અશરફ હકીમીની ફ્રી કિક એક આશા હતી, પરંતુ તે ગોલ કરવામાં નિષ્ફળ રહ્યા હતા.

### ઐતિહાસિક પ્રદર્શન

વર્ષ ૨૦૨૨ ના કતાર વર્લ્ડ કપની સેમીફાઈનલમાં પણ ફ્રાન્સે મોરોક્કોને આજ સ્કોરથી હરાવ્યું હતું, અને હવે ૨૦૨૬ માં પણ ફ્રાન્સનું આ વર્ચસ્વ યથાવત રહ્યું છે. ફ્રાન્સની ટીમ જે લયમાં રમી રહી છે તે જોતા તેઓ ટાઈટલ જીતવા માટેના સૌથી પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. એમબાપ્પે અને ડેમ્બેલેની જોડીએ મેદાન પર જે સમજદારી અને આક્રમકતા બતાવી છે, તે ફૂટબોલ ચાહકો માટે લ્હાવો સમાન હતી.

એશિયન ગેમ્સ // ભારતીય હોકી ટીમનું એશિયન ગેમ્સમાં લક્ષ્ય, સલિમા તેતે ટીમની કમાન સંભાળશે

# એશિયન ગેમ્સમાં સલિમા તેતે સંભાળશે કમાન

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

આગામી સપ્ટેમ્બર મહિનામાં જાપાનના આઈચી-નાગોયા ખાતે યોજાનારી ૨૦મી એશિયન ગેમ્સ માટે ભારતીય મહિલા હોકી ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. હોકી ઈન્ડિયા દ્વારા ૨૦ સભ્યોની મજબૂત ટીમની પસંદગી કરવામાં આવી છે, જેનું નેતૃત્વ સ્ટાર ખેલાડી સલિમા તેતે કરશે. ઉલ્લેખનીય છે કે, સલિમાના નેતૃત્વ હેઠળ ભારતીય ટીમે ગયા મહિને ન્યુઝીલેન્ડમાં યોજાયેલી એફઆઈએચ (FIH) નેશન્સ કપમાં ભવ્ય વિજય મેળવીને ઈતિહાસ રચ્યો હતો. તે જ વિજેતા ટીમ પર વિશ્વાસ વ્યક્ત કરતા હોકી ઈન્ડિયાએ તેમને ફરી એશિયન ગેમ્સની મહત્વની જવાબદારી સોંપી છે.

### ટીમમાં અનુભવ અને યુવા જોશનું મિશ્રણ

ટીમના મુખ્ય કોચ સોર્ડ મરજિનના જણાવ્યા અનુસાર, આ ટીમમાં જુનિયર અને સિનિયર ખેલાડીઓનું ખૂબ જ સંતુલિત મિશ્રણ છે. ટીમની તૈયારીઓ અંગે વાત કરતા તેમણે કહ્યું કે, "અમારી પાસે એક એવું જૂથ છે જેમાં યુવા અને અનુભવી ખેલાડીઓ એકબીજા સાથે મળીને શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે સતત મહેનત કરી રહ્યા છે." ટીમમાં ગોલકીપર તરીકે તાજેતરમાં પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત થયેલા સવિતા પૂનિયા અને બિચુ દેવી ખારીબામને સ્થાન આપવામાં આવ્યું છે, જે



ટીમની સુરક્ષા માટે એક મજબૂત દીવાલ સાબિત થશે.

### સંરક્ષણ અને મિડફિલ્ડની મજબૂતી

ટીમની ડિફેન્સ લાઈનમાં સુશીલા ચાનુ પુખરામ્બમ, ઈશિકા ચૌધરી અને જ્યોતિની સાથે લાલથનતલુઆંગી અને શિલ્પી દબાસને સ્થાન મળ્યું છે. આ બંને ખેલાડીઓએ નેશન્સ કપમાં પોતાના શાનદાર પ્રદર્શનથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું અને તેમના સારા ફોર્મને કારણે તેમને ઈનામરૂપે એશિયન ગેમ્સની ટીમમાં સ્થાન મળ્યું છે. મિડફિલ્ડની જવાબદારી કેપ્ટન સલિમા તેતે પોતે સંભાળશે, જેમાં તેમને નિક્કી પ્રધાન, સાક્ષી રાણા, સુનેલિતા ટોપ્પો, નેહા અને દીપિકા સોરેંગ જેવી કુશળ ખેલાડીઓનો સાથ મળશે.

### આક્રમક ફોરવર્ડ લાઈન

ટીમની ફોરવર્ડ લાઈન અત્યંત આક્રમક બનાવવામાં આવી છે, જેમાં લાલરેમસિયામી, રુતુજા દાદાસો પીસલ, નવનીત કૌર, દીપિકા, બલજીત કૌર અને બ્યુટી ડુંગડુંગ જેવી ગોલ મશીન ખેલાડીઓ સામેલ છે. કોચ મરજિને આશા વ્યક્ત કરી હતી કે, છેલ્લા કેટલાક મહિનાઓમાં ખેલાડીઓએ જે ફિટનેસ અને ફોર્મ દર્શાવ્યું છે, તે જોતા ભારત એશિયન ગેમ્સમાં કોઈપણ પડકાર ઝીલવા માટે તૈયાર છે.

### એશિયન ગેમ્સ: ૧૯ સપ્ટેમ્બરથી પ્રારંભ

આઈચી-નાગોયા એશિયન ગેમ્સ ૧૯ સપ્ટેમ્બરથી શરૂ થઈને ૪ ઓક્ટોબર સુધી ચાલશે. હોકી જગતમાં ભારતની વધતી જતી તાકાત અને વર્તમાન ફોર્મને જોતા ચાહકોને આ ટીમ પાસેથી સુવર્ણ ચંદ્રકની અપેક્ષા છે. સલિમા તેતેના નેતૃત્વમાં ભારતીય મહિલા હોકી ટીમ એશિયાના સૌથી મોટા મંચ પર પોતાની જીતનો સિલસિલો જાળવી રાખવા માટે ઉત્સુક છે. નેશન્સ કપમાં અજેય રહીને પરત ફરેલી આ ટીમનું મનોબળ અત્યારે સાતમા આસમાને છે.

હેમસ્ટ્રિંગ ઈજાના કારણે લીધો નિર્ણય

# વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશિપમાંથી સ્ટાર દોડવીર ગૌત ગૌત થયો બહાર




(એજન્સી) બ્રિસ્બેન । તા. 10

એથ્લેટિક્સ જગતના ઉગતા સિતારા અને ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ યુવા સ્પ્રિન્ટર ગૌત ગૌત આગામી મહિને યોજાનારી વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશિપમાંથી બહાર થઈ ગયા છે. બ્રિસ્બેન ખાતે ટ્રેનિંગ સેશન દરમિયાન તેમને ડાબા પગમાં હેમસ્ટ્રિંગ ઈજા (સ્નાયુ ખેંચાઈ જવો) થઈ હોવાના કારણે તેમણે આ મોટો અને મુશ્કેલ નિર્ણય લેવો પડ્યો છે. આ પ્રતિષ્ઠિત સ્પર્ધા આગામી ૫ થી ૯ ઓગસ્ટ દરમિયાન અમેરિકાના યુજીન શહેરમાં યોજાવાની છે, જેમાં ગૌત ગોલ્ડ મેડલ મેળવવા માટેના સૌથી પ્રબળ દાવેદાર માનવામાં આવતા હતા.

૧૮ વર્ષીય આ યુવા દોડવીરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર પોતાના ચાહકો સાથે આ નબળા સમાચાર શેર કર્યા હતા. તેમણે જણાવ્યું કે, "ટ્રેનિંગ દરમિયાન મને ઈજા થઈ હતી અને આજે સવારે આવેલા એમઆરઆઈ (MRI) રિપોર્ટમાં હેમસ્ટ્રિંગ ટીયર (સ્નાયુ ફાટવો) હોવાનું બહાર આવ્યું છે. આ પરિસ્થિતિ સ્વીકારવા સિવાય મારી પાસે કોઈ વિકલ્પ નથી અને આ રમતનો એક ભાગ છે." તેમણે ઉમેર્યું કે હવે તેમનું સંપૂર્ણ ધ્યાન રિહેબિલિટેશન પર રહેશે જેથી તેઓ ૨૦૨૭ માં વધુ મજબૂતાઈ અને ઝડપ સાથે વાપસી કરી શકે. ગૌત ગૌત અત્યારે વિશ્વના સૌથી ઝડપી યુવા દોડવીરોમાં સામેલ છે. તેમણે ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ નોહ લાઈલ્સ સાથે પણ ટ્રેનિંગ લીધી છે. ૨૦૦ મીટર દોડમાં તેઓ અંડર-૨૦ વર્લ્ડ રેકોર્ડ ધરાવે છે. ચાલુ વર્ષના એપ્રિલ મહિનામાં તેમણે ૧૯.૬૭ સેકન્ડમાં દોડ પૂરી કરીને નવો ઈતિહાસ રચ્યો હતો. આ સમય આઠ વખતના ઓલિમ્પિક ચેમ્પિયન યુસૈન બોલ્ટના ૧૭ વર્ષની ઉંમરના ૧૯.૯૩ સેકન્ડના રેકોર્ડ કરતા પણ ઘણો સારો છે.

ભારતીય સંરક્ષણ ક્ષેત્રે નવી ક્રાંતિ, **મેક ઇન ઇન્ડિયા હેઠળ મોટી સિદ્ધિ**

# ભારતમાં આયર્ન ડોમ ઇન્ટરસેપ્ટર બનશે હવે

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

મધ્ય-પૂર્વના દેશોમાં વર્તમાન તણાવપૂર્ણ માહોલ વચ્ચે સંરક્ષણ ક્ષેત્રમાંથી એક અત્યંત મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. પોતાની અભેદ્ય સુરક્ષા કવચ માટે વિશ્વભરમાં નામના મેળવનાર ઈઝરાયલની અત્યાધુનિક 'આયર્ન ડોમ ઈન્ટરસેપ્ટર' મિસાઈલ હવે ભારતીય ધરતી પર તૈયાર થશે. આ અંગે ઈઝરાયલની દિગ્ગજ સરકારી સંરક્ષણ કંપની 'રાફેલ એડવાન્સ્ડ ડિફેન્સ સિસ્ટમ્સ' દ્વારા ભારતની અગ્રણી સંરક્ષણ ઉત્પાદક કંપનીઓ સાથે ગંભીર ચર્ચા-વિચારણા શરૂ કરી દેવામાં આવી છે. જો આ ડીલ આખરી ઓપ લેશે, તો અમેરિકા બાદ ભારત વિશ્વનો એવો ત્રીજો દેશ બનશે, જ્યાં આ અત્યાધુનિક મિસાઈલોનું ઉત્પાદન કરવામાં આવશે.

### વ્યૂહાત્મક ભાગીદારી અને સૈન્ય તાકાત

આ નિર્ણય ભારત સરકારના 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' મિશન માટે એક ગેમ-ચેન્જર સાબિત થઈ શકે તેમ છે. લાંબા સમયથી ભારત વૈશ્વિક સ્તરની સંરક્ષણ કંપનીઓને ભારતમાં ઉત્પાદન એકમો સ્થાપવા માટે પ્રોત્સાહિત કરી રહ્યું છે. આ પ્રોજેક્ટના સાકાર થવાથી ભારતીય સેનાની સુરક્ષા ક્ષમતામાં અનેકગણો વધારો થશે. મીડિયા અહેવાલ મુજબ, આ સંભવિત ભાગીદારી માત્ર આંતરિક સુરક્ષા પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ ભારતને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં પણ એક મહત્વપૂર્ણ મેન્યુફેક્ચરિંગ હબ તરીકે સ્થાપિત કરશે.

### ઉત્પાદન ખર્ચમાં ઘટાડો અને વૈશ્વિક માંગ

હાલના તબક્કે આયર્ન ડોમ ઈન્ટરસેપ્ટર મિસાઈલોનું મુખ્ય નિર્માણ ઉત્તરી ઈઝરાયલમાં થાય છે. આ ઉપરાંત, અમેરિકાની રેથિયૉન કંપની સાથેની ભાગીદારીમાં પણ એક ઉત્પાદન લાઈન કાર્યરત છે. ભારતમાં પ્રોડક્શન લાઈન શરૂ થવાથી મિસાઈલોના ઉત્પાદન ખર્ચમાં મોટો ઘટાડો નોંધાશે. વિશ્વભરમાં હવાઈ સરહદો સુરક્ષિત



કરવા માટે એર ડિફેન્સ સિસ્ટમની માંગમાં જે રીતે ઉછાળો આવ્યો છે, તેને જોતા ભારતમાંથી અન્ય દેશોમાં નિકાસ કરવાની તકો પણ ઉજ્જવળ બનશે. સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ, આ પ્રોજેક્ટથી કટોકટીના સમયે વૈશ્વિક માંગને ખૂબ જ ઝડપથી પૂર્ણ કરી શકાશે.

### ભારત-ઈઝરાયલના ગાઢ સૈન્ય સંબંધો

ભારત અને ઈઝરાયલ વચ્ચેનો સંરક્ષણ સંબંધ કોઈ નવો નથી. બંને દેશોએ ભૂતકાળમાં 'બરાક-8' જેવી લોન્ગ રેન્જ સરફેસ-ટુ-એર મિસાઈલ સિસ્ટમ વિકસાવીને સફળતાના નવા શિખરો સર કર્યા છે, જે હાલમાં ભારતીય ત્રણેય પાંખની સેનાઓમાં તહેનાત છે. આ ગાઢ વિશ્વાસના પરિણામે જ રાફેલ કંપની ભારત સાથે આ પ્રકારના ટેકનોલોજી ટ્રાન્સફર અને ઉત્પાદન માટે તૈયાર થઈ છે.

### સ્વદેશી 'સુદર્શન ચક્ર' અને આધુનિકીકરણ

એક તરફ જ્યાં ઈઝરાયલ સાથેની આ ભાગીદારી આકાર લઈ રહી છે, ત્યાં બીજી તરફ ભારત પોતાની સ્વદેશી એર ડિફેન્સ શીલ્ડ 'સુદર્શન ચક્ર' પર પણ કામ કરી રહ્યું છે. નિષ્ણાતો માને છે કે ઈઝરાયલની ટેકનોલોજી અને ભારતની ઉત્પાદન ક્ષમતાનું મિશ્રણ ભારતીય સંરક્ષણ ઉદ્યોગને આત્મનિર્ભર બનાવવામાં માઈલસ્ટોન સાબિત થશે. ભારત હવે માત્ર વિદેશી ડિફેન્સ સિસ્ટમ ખરીદનાર ગ્રાહક મટીને એક ગ્લોબલ સપ્લાયરની ભૂમિકામાં આવવા તરફ અગ્રેસર છે.

કુદરતી આફતનો ડર, જનજીવન પ્રભાવિત

# વાવાઝોડું બાવી હવે તાઈવાન તરફ ધસી રહ્યું



(એજન્સી) તાઈપે । તા. 10

પ્રશાંત મહાસાગરમાં જન્મેલું મહાતૂફાન 'બાવી' અત્યારે પ્રચંડ સ્વરૂપ ધારણ કરીને તાઈવાન, ચીન અને જાપાન તરફ તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. ૨૦૦ કિલોમીટરની ઝડપે ફૂંકાતા આ વાવાઝોડાએ સમગ્ર દક્ષિણ-પૂર્વ એશિયામાં ભયનો માહોલ પેદા કર્યો છે. ફ્રાંસના કુલ ક્ષેત્રફળ જેટલા વિશાળ વિસ્તારમાં ફેલાયેલા આ ચક્રવાતને છેલ્લા કેટલાક વર્ષોનું સૌથી શક્તિશાળી તોફાન ગણવામાં આવી રહ્યું છે. તાઈવાનના વહીવટી તંત્રે નાગરિકોને આગામી ત્રણ દિવસ માટે જરૂરી ખાદ્યસામગ્રી, શુદ્ધ જળ અને ઈમરજન્સી સાધનોનો સ્ટોક કરી લેવા તાકીદ કરી છે.

### 1987 પછીનું સૌથી વિનાશક ચક્રવાત

હવામાન વિભાગના અધિકારી જેસન ચાંગના જણાવ્યા અનુસાર, ૧૯૮૭ પછી તાઈવાનના દરિયાકાંઠે અથડાનારું આ અત્યાર સુધીનું સૌથી મોટું વાવાઝોડું છે. આ વાવાઝોડું લગભગ ૧૦૦૦ કિલોમીટરના વ્યાપમાં ફેલાયેલું છે. ચીનના રાષ્ટ્રીય હવામાન કેન્દ્રના પૂર્વાનુમાન મુજબ, આ તોફાન શનિવાર સાંજ સુધીમાં ચીનના ફૂજીયાન પ્રાંતને ભારે નુકસાન પહોંચાડી શકે છે. વૈજ્ઞાનિકો આ પ્રચંડ તોફાન પાછળ ઋતુચક્રમાં આવેલા પરિવર્તનો અને સમુદ્રનું વધતું તાપમાન (અલનીનો અસર) મુખ્ય કારણ ગણાવી રહ્યા છે. જો આ તોફાન તેની વર્તમાન તીવ્રતા જાળવી રાખશે, તો તે સુપર ટાઈફન 'કોંગ-રે' પછીનું સૌથી વિનાશક તોફાન સાબિત થઈ શકે છે.

એક તરફ કુદરતી આફત 'બાવી'નો ખતરો મંડરાઈ રહ્યો છે, તો બીજી તરફ મધ્ય-પૂર્વમાં સર્જાયેલા યુદ્ધ સંકટે વિશ્વની ચિંતા વધારી દીધી છે. અમેરિકા અને ઈરાન વચ્ચેનો સીઝફાયર (યુદ્ધવિરામ) સત્તાવાર રીતે સમાપ્ત થયો છે. હોર્મુઝની ખાડીમાં જહાજો પરના હુમલા બાદ અમેરિકાએ ઈરાન પર ભીષણ વળતા પ્રહારો કર્યા છે. જવાબમાં ઈરાને કુવૈત અને બહેરીનમાં સ્થિત અમેરિકી સૈન્ય મથકોને નિશાન બનાવી ડ્રોન અને મિસાઈલ હુમલા શરૂ કર્યા છે. અમેરિકી પ્રમુખ ટ્રમ્પે ૨૦:૧નો નિયમ લાગુ કરતા ઈરાનનો વ્યૂહાત્મક રેલવે બ્રિજ ઉડાવી દીધો છે, જેનાથી ઈરાની સેનાનો પુરવઠો ખોરવાઈ ગયો છે.

વૈજ્ઞાનિકો અને સુરક્ષા વિશ્લેષકોનું માનવું છે કે હવે ટાઈફૂન જેવા કુદરતી તોફાનો વધુ વિનાશક બની રહ્યા છે, જે ગ્લોબલ વોર્મિંગની ગંભીર અસર છે. જ્યારે બીજી તરફ, ઈરાન-અમેરિકા વચ્ચેના સંઘર્ષમાં મધ્ય-પૂર્વના અન્ય દેશો પણ ખેંચાઈ રહ્યા છે. કુવૈત અને બહેરીન જેવા દેશો માટે પોતાના નાગરિકોને બચાવવા અને સરહદોની સુરક્ષા કરવી એક મોટો પડકાર બની ગયો છે. એક તરફ પ્રકૃતિનો પ્રકોપ અને બીજી તરફ માનવસર્જિત યુદ્ધનું તાંડવ, બંને મળીને સમગ્ર વિશ્વમાં અનિશ્ચિતતાનું વાતાવરણ સર્જી રહ્યા છે. આગામી ૪૮ કલાક મધ્ય-પૂર્વમાં યુદ્ધના મોરચે અને પૂર્વ એશિયામાં હવામાનના મોરચે ખૂબ જ નિર્ણાયક સાબિત થશે.

### યુદ્ધ અને આપત્તિ વચ્ચે નાગરિકોની સુરક્ષા

આ બંને ઘટનાઓ એકસાથે ઘટવાથી વૈશ્વિક અર્થતંત્ર અને સુરક્ષા પર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. કુવૈતી સેનાના નિવેદન મુજબ, તેઓ સતત દુશ્મનના મિસાઈલ હુમલાઓને પોતાની ડિફેન્સ સિસ્ટમ દ્વારા નિષ્ફળ બનાવી રહ્યા છે. કુવૈત અને બહેરીનના આકાશોમાં સાયરનનો ગુંજારવ સંભળાઈ રહ્યો છે, જે સ્થિતિની ગંભીરતા દર્શાવે છે. તાઈવાનમાં જનતાને સાવચેત રહેવા અપીલ કરતા પ્રમુખ લાઈ ચિંગ-તેન્સે જણાવ્યું હતું કે, આ કપરા સમયમાં નાગરિકોએ ધીરજ અને સાવધાની જાળવવી અત્યંત

## ન્યૂઝ બ્રીફ

### ભારત-ઓસ્ટ્રેલિયા સંબંધથી વધશે ક્લિન એનર્જી



મેલબોર્ન । ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોએ હવે એક નવી ઊંચાઈ પ્રાપ્ત કરી છે. મેલબોર્નમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બાનીઝ વચ્ચે યોજાયેલી મહત્વપૂર્ણ બેઠક બાદ બંને દેશો વચ્ચે યુરેનિયમ સપ્લાય અને રેર અર્થ મિનરલ્સ અંગેના ઐતિહાસિક કરારો સંપન્ન થયા છે. આ કરાર ભારતની ક્લિન એનર્જી (શુદ્ધ ઊર્જા) પ્રાપ્ત કરવાના લક્ષ્યાંકને સિદ્ધ કરવામાં ગેમ-ચેન્જર સાબિત થશે.

સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા વડાપ્રધાન મોદીએ બંને દેશોની મિત્રતાને ક્રિકેટની પરિભાષામાં સચોટ રીતે વર્ણવી હતી. તેમણે જણાવ્યું હતું કે, "અમારા નિર્ણયો ટી-૨૦ મેચની જેમ ઝડપી છે, પરંતુ અમારી ભાગીદારી ટેસ્ટ મેચ જેટલી જ ઊંડી અને મજબૂત છે." આ નિવેદન દ્વારા તેમણે બંને દેશો વચ્ચેના વિશ્વાસ અને લાંબાગાળાના વ્યૂહાત્મક જોડાણને સ્પષ્ટ કર્યું હતું.

યુરેનિયમ કરાર ઉપરાંત, બંને નેતાઓએ ક્લિન એનર્જી ટ્રાન્ઝિશન અંગે પણ ચર્ચા કરી હતી. ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો માટે હવે વધુ આત્મનિર્ભર બનવા તરફ આગળ વધી રહ્યું છે, જેમાં ઓસ્ટ્રેલિયાનું મહત્વનું યોગદાન રહેશે.

### એચ-૧બી વિઝા કૌભાંડમાં આઈટી કંપનીઓ આવી રડાર પર




વોશિંગ્ટન | અમેરિકામાં એચ-૧બી અને પર્મ વર્ક વિઝા હેઠળ ચાલી રહેલા મોટા કૌભાંડ વિરુદ્ધ ટ્રમ્પ સરકારે લાલ આંખ કરી છે. શ્રમ વિભાગ દ્વારા આ મામલે સઘન તપાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જેના કેન્દ્રમાં ભારતની દિગ્ગજ આઈટી કંપનીઓ છે. આ કાર્યવાહી અમેરિકન ઉપપ્રમુખ જેડી વેન્સના નેતૃત્વ હેઠળની 'ટાસ્ક ફોર્સ ટુ એલિમિનેટ ફ્રોડ' દ્વારા કરવામાં આવી રહી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય વિઝા સિસ્ટમનો દુરુપયોગ અટકાવવાનો છે. ઓફિસ ઓફ ધ ઈન્સ્પેક્ટર જનરલ (ઓઆઈજી) દ્વારા કરવામાં આવેલી તપાસમાં અનેક ગંભીર બાબતો સામે આવી છે. તપાસ એજન્સીના અહેવાલ મુજબ, લેબર બ્રોકર્સ અને કેટલાક એમ્પ્લોયરોએ ભેગા મળીને વિઝા માટે નકલી અરજીઓ કરી છે. આ ઉપરાંત, વિદેશી કામદારોનું શોષણ કરવું, તેમને બળજબરીથી ઓછા પગાર પર કામ કરાવવું અને તેમના વેતનમાં ગેરકાયદેસર કાપ મૂકવા જેવા ગંભીર આક્ષેપો પણ થયા છે. ઓછી મજૂરી લેતા વિદેશી કર્મચારીઓના કારણે અમેરિકન કામદારોની નોકરીઓ પર જોખમ ઊભું થયું છે.

# ઈરાન સંઘર્ષ વકરતા બુશહરમાં પ્રચંડ ધડાકા
# અમેરિકા-ઈઝરાયલની સંયુક્ત કાર્યવાહી



(એજન્સી) ગાંધીનગર । તા. 10

હોર્મુઝની ખાડીમાં ત્રણ કોમર્શિયલ જહાજો પર ઈરાન દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ મધ્ય-પૂર્વમાં યુદ્ધના વાદળો વધુ ઘેરા બન્યા છે. અમેરિકાએ આ હુમલાનો જડબાતોડ જવાબ આપવાનું શરૂ કરી દીધું છે. છેલ્લા ત્રણ દિવસથી અમેરિકન સેના દ્વારા ઈરાનના સૈન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવામાં આવી રહ્યું છે, જેમાં દક્ષિણ ઈરાનનું કોનારક અને બુશહર શહેર મુખ્ય કેન્દ્ર બન્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ હુમલાઓમાં અત્યાર સુધીમાં 14 લોકોના મોત થયા છે અને 78 જેટલા નાગરિકો ઈજાગ્રસ્ત થયા હોવાના ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે.

દક્ષિણ ઈરાનના વ્યૂહાત્મક રીતે મહત્વના ગણાતા બુશહર અને ચોગાદક શહેરોમાં છ જેટલા પ્રચંડ બોમ્બ ધડાકા સંભળાયા હતા. ઈરાનની સરકારી ન્યૂઝ એજન્સીઓએ બુશહરની બહાર આવેલા સૈન્ય અડ્ડા પર મિસાઈલ હુમલાની પુષ્ટિ કરી છે. જોકે, બંદર અબ્બાસમાં થયેલા ધડાકાઓ અંગે મિશ્ર પ્રતિભાવ જોવા મળ્યો છે, જ્યાં ઈરાની તંત્ર એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય હોવાનો દાવો કરી રહ્યું છે. હુમલાની તીવ્રતા એટલી વધારે હતી કે મશહદનો રેલવે સંપર્ક પણ કપાઈ ગયો છે, જે સમગ્ર ક્ષેત્રમાં ભયનો માહોલ દર્શાવે છે.

આ યુદ્ધ જેવી ગંભીર સ્થિતિ વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે ટેલિફોનિક વાતચીત કરી છે. ઈઝરાયલના વડાપ્રધાન કાર્યાલય દ્વારા જારી કરાયેલા નિવેદન મુજબ, બંને નેતાઓએ ક્ષેત્રીય સુરક્ષા અને સંભવિત વ્યૂહનીતિઓ પર વિસ્તૃત ચર્ચા કરી હતી. પ્રમુખ ટ્રમ્પે નેતન્યાહૂને અમેરિકા દ્વારા લેવાયેલા સૈન્ય પગલાં વિશે માહિતગાર કર્યા હતા. સામે પક્ષે, નેતન્યાહૂએ તૂર્કીયેના નેતાઓના નિવેદનો અંગે ચિંતા વ્યક્ત કરી પોતાની સરહદોની સુરક્ષા માટે 'સિક્યોરિટી ઝોન'ને અનિવાર્ય ગણાવ્યો હતો.

અમેરિકાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે તેહરાન સાથે થયેલો 'ઈસ્લામાબાદ એમઓયુ' હવે સંપૂર્ણપણે રદ કરવામાં આવ્યો છે. ઈરાન દ્વારા આંતરરાષ્ટ્રીય જળસીમામાં જહાજો પર કરવામાં આવેલા હુમલાને આંતરરાષ્ટ્રીય કાયદાનું ગંભીર ઉલ્લંઘન ગણવામાં આવ્યું છે. અમેરિકન સેનાની સેન્ટ્રલ કમાન્ડ દ્વારા આ હુમલા અંગે સત્તાવાર રીતે મૌન જાળવવામાં આવ્યું હોવા છતાં, ગલ્ફ ક્ષેત્રમાં અમેરિકન લડાકુ વિમાનોની સતત અવરજવર યુદ્ધની ગંભીરતાને સાબિત કરે છે.

### ક્ષેત્રીય સ્થિરતા પર પ્રશ્નાર્થ

આયતુલ્લા અલી ખામેનેઈના અવસાન બાદ બદલાયેલી સત્તા સમીકરણો વચ્ચે ઈરાનનું આ આક્રમક વલણ તેને વૈશ્વિક એકલતા તરફ ધકેલી રહ્યું છે. બીજી તરફ, અમેરિકા અને ઈઝરાયલની ગાઢ થતી રણનીતિ મધ્ય-પૂર્વના દેશો માટે ચિંતાનો વિષય છે. નિષ્ણાતો માને છે કે જો સ્થિતિ પર તાત્કાલિક કાબૂ મેળવવામાં નહીં આવે, તો આ સંઘર્ષ એક મોટા પ્રાદેશિક યુદ્ધમાં ફેરવાઈ શકે છે.

### અમેરિકાની ચાબહાર પોર્ટ, અણુ મથક સહિત 90 સ્થળે સ્ટ્રાઈક

તહેરાન | ખાડી યુદ્ધ ફરીથી શરુ થઈ ગયુ લાગે છે. તેના લીધે મધ્યપૂર્વ ફરીથી ભડકે બળવા લાગે તેના સંકેત મળ્યા લાગે છે. અમેરિકાએ ચાબહાર પોર્ટ સહિત ૯૦થી પણ વધુ સ્થળોએ એરસ્ટ્રાઈક કરતાં ૧૪ના મોત થયા છે અને ૭૮ ઘાયલ થયા છે. અમેરિકાનું કહેવું છે કે ઈરાને હોર્મુઝમાંથી પસાર થતાં જહાજો પર હુમલા કર્યા તેના જવાબમાં આ હુમલા કરવામાં આવ્યા છે. ઈરાનના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે અમેરિકાના હુમલામાં માર્યા ગયેલાઓમાં મુખ્યત્વે ઈરાની લશ્કરીના જ કર્મચારીઓ છે. તેમા ત્રણ કમાન્ડો છે. તેઓ મુખ્યત્વે ખામેનાઈની દફનવિધિની તૈયારી કરી રહ્યા હતા. અહીં મહત્ત્વની વાત એ છે કે અમેરિકાએ ઈરાનના મશહદ શહેર નજીક હુમલો કર્યો છે. આ એ જ શહેર છે જ્યાં ઈરાનના સર્વોચ્ચ નેતા ખામનેઈના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. ખામેનેઈને મૃત્યુના ૧૩૧ દિવસ પછી દફનાવવામાં આવી રહ્યા છે. અમેરિકાએ તેના હુમલામાં તહેરાન-મશહદ રેલ્વે લાઈનને હિસ્સો બનાવી.

# પાકિસ્તાની કાર્ગો વિમાન દુર્ઘટનામાં 5 લાપતા, કે-૨ એરવેઝનું વિમાન તૂટ્યું

(એજન્સી) કરાચી । તા. 10

પાકિસ્તાનની ખાનગી એરલાઈન્સ 'કે-૨ એરવેઝ'નું એક કાર્ગો વિમાન અરબી સમુદ્રમાં તૂટી પડતા ગંભીર દુર્ઘટના સર્જાઈ છે. યુએઈના શારજાહથી કરાચી આવી રહેલા બોઈંગ ૭૩૭ વિમાન સાથે ટેકઓફના માત્ર ત્રણ મિનિટ બાદ જ સંપર્ક તૂટી ગયો હતો. આ અકસ્માત બાદ વિમાનમાં સવાર પાંચ ક્રૂ મેમ્બર્સની શોધખોળ માટે પાકિસ્તાની નેવી અને એરફોર્સ દ્વારા યુદ્ધના ધોરણે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

પાયલટે કરાચી તરફ ઉડાન ભર્યા બાદ તરત જ નેવિગેશન સિસ્ટમમાં ગરબડ હોવાની જાણકારી કંટ્રોલ રૂમને આપી હતી. પાયલટે અંતિમ એલર્ટમાં 'રોલિંગ ઓર ફ્લોટિંગ' હોવાનો ઉલ્લેખ કર્યો હતો, જે સામાન્ય રીતે લેન્ડિંગ સાથે જોડાયેલી સમસ્યા સૂચવે છે. ડેટા ટ્રેકિંગ મુજબ, વિમાન એકાએક ઊંચાઈ ગુમાવ્યા બાદ ફરી ઉપર ગયું અને ત્યારબાદ ખૂબ જ ઝડપથી નીચે તરફ ખાબક્યું હતું. માત્ર એક મિનિટના ગાળામાં વિમાન પાંચ હજાર ફૂટ નીચે આવી ગયું હતું, જે એન્જિન ફેલ થવાની આશંકા વ્યક્ત કરે છે. દુર્ઘટના બાદ બલૂચિસ્તાન દરિયાકિનારાથી આશરે ૯૮ કિલોમીટર દૂર અરબી સમુદ્રમાંથી વિમાનનો કાટમાળ મળી આવ્યો છે. જોકે, પાંચેય ક્રૂ મેમ્બર્સનો હાલ કોઈ અતોપત્તો લાગ્યો નથી. નિષ્ણાતોના મતે, જે સ્થળે વિમાન તૂટી પડ્યું છે ત્યાં સમુદ્રની ઊંડાઈ લગભગ ૯,૮૦૦ ફૂટ જેટલી છે, જેના કારણે બચાવ અને શોધખોળ કામગીરી અત્યંત જટિલ અને પડકારજનક બની ગઈ છે. દુર્ઘટનાગ્રસ્ત બોઈંગ ૭૩૭ વિમાન ૨૭ વર્ષ જૂનું હતું અને તેને ૨૦૨૪માં જ એરલાઈન્સ દ્વારા ખરીદવામાં આવ્યું હતું. એવિએશન નિષ્ણાતોનું માનવું છે કે માત્ર નેવિગેશન સિસ્ટમની ખામીને કારણે આટલી મોટી દુર્ઘટના થવી અસામાન્ય છે.

# ચીનના ફુજિયાન પ્રાંતના જિનજિયાંગ શહેરમાં પગરખાં ફેક્ટરીમાં 28ના મોત, ફેક્ટરીમાં આગથી હાહાકાર

(એજન્સી) જિનજિયાંગ । તા. 10

ચીનના ફુજિયાન પ્રાંતના જિનજિયાંગ શહેરમાં ગુરુવારે એક કરુણ દુર્ઘટના સર્જાઈ છે. પગરખાં બનાવતી એક ફેક્ટરીમાં લાગેલી વિકરાળ આગને કારણે અંદાજે ૨૮ લોકોના મોત થયા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. આ દુર્ઘટનાએ સમગ્ર ચીનમાં શોકની લાગણી પ્રસરાવી દીધી છે, જેના પગલે દેશના રાષ્ટ્રપતિ શી જિનપિંગે તાત્કાલિક અસરથી બચાવ કામગીરી તેજ કરવા અને સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ કરવાના આદેશ આપ્યા છે.

મીડિયા અહેવાલ મુજબ, ગુરુવારે બપોરના સમયે જિનજિયાંગ સ્થિત આ પગરખાંની ફેક્ટરીમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં તેણે સમગ્ર ફેક્ટરીને પોતાની લપેટમાં લઈ લીધી હતી. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે ફેક્ટરીમાં કામ કરતા અનેક કામદારો ઉપરની છત પર ફસાઈ ગયા



હતા, જેમને બહાર કાઢવા મુશ્કેલ બન્યા હતા. આગની જાણ થતાં જ સ્થાનિક ફાયર વિભાગના ડઝનબંધ જવાનો અને બચાવકર્મીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને આગને કાબૂમાં લેવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

આ ભયાનક અગ્નિકાંડ બાદ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. સરકારી એજન્સીઓના જણાવ્યા અનુસાર, દોષિતો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં મૃતકોની ઓળખ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે અને ઘાયલોને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન થયું છે કે કેમ તે અંગે પણ સઘન તપાસ કરવામાં આવશે.

ઘટનાસ્થળે હાલમાં પણ બચાવ કામગીરી ચાલુ છે. ફેક્ટરીની આસપાસના વિસ્તારોમાં પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. નિષ્ણાતોના મતે, ફેક્ટરીમાં રહેલા જ્વલનશીલ પદાર્થોને કારણે આગ વધુ ઝડપથી ફેલાઈ હતી. ચીનના વહીવટીતંત્રે તમામ ઔદ્યોગિક એકમોને આગામી સમયમાં સુરક્ષાના માપદંડોની ચકાસણી કરવા માટે કડક સૂચનાઓ આપી છે જેથી ભવિષ્યમાં આવી હૃદયદ્રાવક ઘટનાઓનું પુનરાવર્તન ન થાય.

**છટણી** | આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર ભાર, Xbox ગેમિંગ વિભાગમાં મોટો કાપ

# માઈક્રોસોફ્ટ છટણીમાં 4800 કર્મચારીઓ થશે બેરોજગાર

(એજન્સી) વોશિંગ્ટન । તા. 10

ટેક જગતની દિગ્ગજ કંપની માઈક્રોસોફ્ટ દ્વારા લેવાયેલા એક ચોંકાવનારા નિર્ણયથી હજારો પરિવારો પર મુશ્કેલીના વાદળો ઘેરાઈ ગયા છે. કંપનીએ કુલ ૪,૮૦૦ કર્મચારીઓની છટણી કરવાની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે આ કંપની દર કલાકે અંદાજે ૩૬૭ કરોડ રૂપિયાની અધધ કમાણી કરી રહી છે, તેમ છતાં કંપનીએ વ્યૂહાત્મક ફેરફારોના ભાગરૂપે આ આકરો નિર્ણય લીધો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, માઈક્રોસોફ્ટે આ છટણીની પ્રક્રિયાને તબક્કાવાર વહેંચી દીધી છે. સોમવારે જ ૧,૬૦૦ કર્મચારીઓને તાત્કાલિક અસરથી નોકરીમાંથી મુક્ત કરી દેવામાં આવ્યા છે, જ્યારે બાકીના ૩,૨૦૦




કર્મચારીઓને આગામી એક વર્ષના સમયગાળા દરમિયાન છૂટા કરવામાં આવશે. આ છટણીનો સૌથી મોટો માર Xbox ગેમિંગ વિભાગના કર્મચારીઓ પર પડ્યો છે, જેમાં કુલ ૪,૮૦૦ માંથી ૩,૨૦૦ કર્મચારીઓ આ વિભાગના જ છે. કંપનીના અધિકારીઓના મતે, બદલાતા ટેકનોલોજીના યુગમાં ટકી રહેવા માટે આ પગલું અનિવાર્ય છે. છેલ્લા કેટલાક સમયથી કંપનીએ ગેમિંગ ક્ષેત્રમાં અબજોનું રોકાણ કર્યું હતું, પરંતુ સોની અને નિન્ટેન્ડો જેવા હરીફો સામે ધાર્યું પરિણામ મળ્યું ન હતું. Xbox ના સીઈઓ આશા શર્માએ સ્પષ્ટ કર્યું કે હવે આ વિભાગને 'રિસેટ' કરવામાં આવી રહ્યો છે. આ પ્રક્રિયામાં 'કમ્પલસન ગેમ્સ' અને 'ડબલ ફાઈન પ્રોડક્શન્સ' જેવા સ્ટુડિયો હવે સ્વતંત્ર રીતે કામ કરશે.

માઈક્રોસોફ્ટની આ છટણી પાછળનું મુખ્ય કારણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રે વધતી સ્પર્ધા છે. ઓપનએઆઈ અને એન્થ્રોપિક જેવી કંપનીઓ સાથેની હરીફાઈમાં મોખરે રહેવા માટે માઈક્રોસોફ્ટ પોતાના બિન-નફાકારક વિભાગોમાંથી બચત કરીને તેને નવી ટેકનોલોજીમાં રોકવા માંગે છે. કંપનીએ વર્ષ ૨૦૨૬ સુધીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેટા સેન્ટર પ્રોજેક્ટ્સ માટે ૧૯૦ બિલિયન ડોલરના જંગી ખર્ચનું લક્ષ્યાંક રાખ્યું છે. દુનિયા ખૂબ જ ઝડપથી બદલાઈ રહી છે અને કામ કરવાની પદ્ધતિમાં પણ ધરખમ ફેરફારો આવી રહ્યા છે. આ પરિસ્થિતિમાં માઈક્રોસોફ્ટ જેવી કંપનીઓ પોતાની સાખ અને બજારમાં સ્થાન જાળવી રાખવા માટે કડક આર્થિક નિર્ણયો લેવા માટે મજબૂર બની છે. હવે જોવાનું એ રહેશે કે આ મોટા ફેરફારો ભવિષ્યમાં કંપનીને કેટલી સફળતા અપાવે છે.

# ચીની અર્થશાસ્ત્રી ગાઓ શાનવેનનું રહસ્યમય નિધન

(એજન્સી) બેઈજિંગ । તા. 10

ચીનના અત્યંત પ્રભાવશાળી અને નિડર મેક્રો-ઈકોનોમિસ્ટ તરીકે જાણીતા ગાઓ શાનવેનનું ૫૫ વર્ષની વયે અવસાન થયું છે. ચીનના સરકારી માધ્યમો દ્વારા તેમના મૃત્યુનું કારણ ગંભીર બીમારી ગણાવવામાં આવ્યું છે, પરંતુ તેમના અચાનક અવસાનને લઈને વિશ્વભરના અર્થશાસ્ત્રીઓ અને જાણકારોમાં ભારે ચર્ચા જાગી છે. ગાઓ શાનવેન ચીનની અર્થવ્યવસ્થા અને ખાસ કરીને સરકારી જીડીપી (GDP) આંકડાઓની સત્યતા પર જાહેરમાં સવાલો ઉઠાવવા માટે જાણીતા હતા.

ગાઓ શાનવેન ત્યારે સૌથી વધુ ચર્ચામાં આવ્યા હતા જ્યારે ૨૦૨૪ ના અંતમાં વોશિંગ્ટન ખાતેના એક કાર્યક્રમમાં તેમણે ચીનના આર્થિક વિકાસના દાવાઓની પોલ ખોલી હતી. તેમણે દાવો કર્યો હતો કે, ૨૦૨૧ થી ૨૦૨૩ દરમિયાન ચીનનો વાસ્તવિક જીડીપી ગ્રોથ દર સરકારી આંકડા (લગભગ ૫ ટકા) કરતા ઘણો ઓછો, એટલે કે માત્ર ૨ ટકા જેટલો જ રહ્યો હતો. તેમણે ચીન સરકાર પર જીડીપીના આંકડા ૧૦ ટકા જેટલા વધુ દર્શાવવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. આ નિવેદન બાદ ચીની સત્તાધિશો નારાજ થયા હતા અને તેમના પર જાહેરમાં બોલવા પર પ્રતિબંધ મૂકી દેવાયો હતો.

ગાઓ શાનવેન માત્ર જીડીપી સુધી સીમિત નહોતા, પરંતુ તેમણે યુવા બેરોજગારી, રિયલ એસ્ટેટ ક્ષેત્રની નિષ્ફળતા અને વપરાશમાં જોવા મળતી મંદી અંગે પણ ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેઓ માસિક ડેટા અને વપરાશના આંકડાઓમાં થતી ગરબડોને પકડવામાં માહિર હતા. તેમના મતે, ચીની સરકારી નીતિઓ વાસ્તવિકતાથી દૂર હતી અને તે દેશના લાંબાગાળાના આર્થિક હિતમાં નહોતી.

## AIC લિમિટેડનું ગૌરવ, ટેકનોલોજી અને નવીન વીમા ઉકેલો માટે મળ્યો પ્રતિષ્ઠિત એવોર્ડ

# ૧૭મા કૃષિ નેતૃત્વ પુરસ્કારોમાં 'ઈમ્પેક્ટ લીડરશીપ એવોર્ડ' થી સન્માનિત

(એજન્સી) નવી દિલ્હી | તા.10

ભારતની અગ્રણી વિશિષ્ટ કૃષિ વીમા કંપની, એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લિમિટેડ (AIC) ને ભારતીય કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવવામાં અને સમાવિષ્ટ, ટેકનોલોજી-સંચાલિત અને ખેડૂત-કેન્દ્રિત વીમા ઉકેલો દ્વારા ખેડૂતોને વ્યાપક જોખમ રક્ષણ પૂરું પાડવામાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ ૧૭મા કૃષિ નેતૃત્વ પુરસ્કારો ૨૦૨૬માં પ્રતિષ્ઠિત 'ઈમ્પેક્ટ લીડરશીપ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવી છે.ભારત સરકારના માનનીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે, AICના ચેરમેન-કમ-મેનેજિંગ ડિરેક્ટર (CMD) ડૉ. લાવણ્ય આર. મુંડાયુરને આ પ્રતિષ્ઠિત એવોર્ડ અર્પણ કર્યો. આ માન્યતા પ્રધાનમંત્રી પાક વીમા યોજના (PMFBY) અને પુનર્ગઠિત હવામાન આધારિત પાક વીમા યોજના (RWBCIS) ના અસરકારક અમલીકરણ દ્વારા લાખો ખેડૂતોને




નાણાકીય સુરક્ષા અને જોખમ રક્ષણ પૂરું પાડવામાં AICના નોંધપાત્ર અને પરિવર્તનશીલ યોગદાનનો પુરાવો છે. પાક વીમાથી આગળ વધીને, AIC એ પશુધન, જળચરઉછેર, મરઘાં, ઝીંગા ઉછેર અને અન્ય સંલગ્ન કૃષિ ક્ષેત્રો માટે નવીન વીમા ઉકેલો દ્વારા તેના જોખમ સુરક્ષા ક્ષિતિજનો વિસ્તાર કર્યો છે. સેટેલાઈટ છબી, રિમોટ સેન્સિંગ, કૃત્રિમ બુદ્ધિ (AI), ભૂ-અવકાશી તકનીકો અને અદ્યતન વિશ્લેષણ જેવી અત્યાધુનિક તકનીકોના અસરકારક ઉપયોગ દ્વારા, કંપનીએ વીમા પ્રક્રિયામાં પારદર્શિતાને મજબૂત બનાવી છે, ઝડપી અને કાર્યક્ષમ દાવાની પતાવટ સુનિશ્ચિત કરી છે, અને તેની એકંદર સેવા વિતરણ ક્ષમતાઓમાં વધારો કર્યો છે.આ પ્રતિષ્ઠિત માન્યતા ટકાઉ અને ટેકનોલોજી-આધારિત વીમા ઉકેલો દ્વારા નવીનતા, કાર્યકારી શ્રેષ્ઠતા અને ખેડૂતોને સશક્તિકરણ પ્રત્યે AIC ની અતૂટ પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. તે એક મજબૂત અને ભવિષ્ય માટે તૈયાર કૃષિ ઈકોસિસ્ટમના નિર્માણમાં AIC ના નોંધપાત્ર યોગદાનને પણ પ્રતિબિંબિત કરે છે.

## ગુરુગ્રામ પોલીસ એન્કાઉન્ટરમાં દીપક નાંદલ ગેંગના ૪ શૂટર ઠાર



ગુરુગ્રામ: હરિયાણાના ગુરુગ્રામમાં મોડી રાત્રે થયેલું એક ભીષણ પોલીસ એન્કાઉન્ટર સમગ્ર દિલ્હી-એનસીઆર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યું છે. ક્રાઈમ બ્રાન્ચ અને કૂખ્યાત ગેંગસ્ટર દીપક નાંદલની ગેંગ વચ્ચે થયેલી આ લોહિયાળ અથડામણમાં ૪ બદમાશો ઘટનાસ્થળે જ ઠાર થયા છે. આ ઘટનામાં ૩ પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા હોવાના અહેવાલ છે. ગુરુગ્રામ પોલીસની ક્રાઈમ બ્રાન્ચને દિલ્હી-એનસીઆરમાં ગુનાખોરી નાબૂદ કરવાના અભિયાન હેઠળ મહત્વની ગુપ્ત માહિતી મળી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, દીપક નાંદલ ગેંગના કેટલાક હથિયારધારી શૂટરો વિસ્તારમાં કોઈ મોટી ઘટનાને અંજામ આપવા માટે છુપાયા હતા. આ માહિતી મળતાની સાથે જ પોલીસની ખાસ ટીમે વિસ્તારની ઘેરાબંધી કરી હતી.પોલીસ ટીમને જોતા જ બદમાશોએ બચવા માટે અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આક્રમક બનેલા બદમાશોને જવાબ આપતા પોલીસે પણ સ્વબચાવમાં જવાબી ગોળીબાર કર્યો હતો. આ સામસામે થયેલા ફાયરિંગમાં આખો વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. અથડામણ એટલી તીવ્ર હતી કે ઘટનાસ્થળ પર જ ગેંગના ૪ શાર્પશૂટરો માર્યા ગયા હતા, જ્યારે ૫મા શૂટરને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. તેની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળ્યું છે અને તે કડક સુરક્ષા હેઠળ સારવાર લઈ રહ્યો છે.આ મુઠભેડમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા મથતા ક્રાઈમ બ્રાન્ચના ૩ પોલીસ જવાનો પણ બદમાશોની ગોળીઓનો ભોગ બન્યા છે. ઈજાગ્રસ્ત જવાનોને તાત્કાલિક સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વરિષ્ઠ પોલીસ અધિકારીઓ દ્વારા હોસ્પિટલમાં જઈને જવાનોના સ્વાસ્થ્ય અંગે પૂછપરછ કરવામાં આવી છે અને તેમને તમામ જરૂરી તબીબી સહાય પૂરી પાડવામાં આવી રહી છે. પોલીસે હાલ સમગ્ર વિસ્તારને ચારેય તરફથી સીલ કરી દીધો છે. ફોરેન્સિક ટીમ અને ક્રાઈમ બ્રાન્ચની ટુકડીઓ ઘટનાસ્થળેથી પુરાવા એકત્ર કરવામાં વ્યસ્ત છે. ગેંગસ્ટર દીપક નાંદલનું નેટવર્ક ક્યાં સુધી ફેલાયેલું છે અને આ શૂટરોનો આગામી ટાર્ગેટ કોણ હતું.

## News Brief

### કર્ણાટકના બેલગાવીમાં RSSની વાર્ષિક અખિલ ભારતીય પ્રચારક બેઠક શરૂ

બેલગાવી (કર્ણાટક): રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ની વાર્ષિક 'અખિલ ભારતીય પ્રાંત પ્રચારક બેઠક' શુક્રવારે કર્ણાટકના બેલગાવી ખાતે શરૂ થઈ હતી. આ મહત્વપૂર્ણ બેઠકમાં સંઘના વરિષ્ઠ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા છે, જેમાં સંગઠનાત્મક ગતિવિધિઓ, શાખાઓના વિસ્તાર અને સંઘના શતાબ્દી વર્ષ સાથે જોડાયેલા વિવિધ કાર્યક્રમો પર ગહન ચર્ચા કરવામાં આવી રહી છે.આરએસએસ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન મુજબ, આ બેઠકમાં સરસંઘચાલક ડૉ. મોહન ભાગવત અને સરકાર્યવાહ દત્તાત્રેય હોસબોલે વિશેષ રીતે ઉપસ્થિત રહ્યા છે. આ ઉપરાંત, તમામ સહ-સરકાર્યવાહ, અખિલ ભારતીય વિભાગના વડાઓ, કારોબારી સમિતિના સભ્યો, ક્ષેત્ર પ્રચારક, સહ-ક્ષેત્ર પ્રચારક તેમજ દેશના તમામ ૪૬ પ્રાંતોના પ્રાંત પ્રચારક અને સહ-પ્રાંત પ્રચારકો આ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે. સંઘ પ્રેરિત વિવિધ સંગઠનોના અખિલ ભારતીય સંગઠન મંત્રીઓ પણ આ બેઠકમાં ઉપસ્થિત છે.બેઠકમાં માર્ચ ૨૦૨૬ બાદ સંગઠનના વિવિધ સ્તરે આયોજિત તાલીમ શિબિરોના અહેવાલોની વિગતવાર સમીક્ષા કરવામાં આવી રહી છે. આ સાથે જ, શાખા સ્તરે જે કાર્ય યોજનાઓ બનાવવામાં આવી હતી, તેના અમલીકરણ અંગે પણ ચર્ચા કરવામાં આવી રહી છે. સંઘના શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે અત્યાર સુધી થયેલા શાખા વિસ્તારના કાર્યોની સમીક્ષા કરી, ભવિષ્યમાં તેને વધુ મજબૂત કેવી રીતે બનાવી શકાય તે અંગે બ્લૂપ્રિન્ટ તૈયાર કરવામાં આવશે.

# ટ્રેનોમાં ટિકિટ વિના મુસાફરીને રોકવા માટે NFR દ્વારા સઘન ટિકિટ તપાસ હાથ ધરવામાં આવી

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ જૂન 2026 દરમિયાન તેના ટિકિટ ચકાસણી પ્રદર્શનમાં નોંધપાત્ર સુધારો નોંધાવ્યો છે, જે પારદર્શક ટિકિટિંગ પ્રથાઓ સુનિશ્ચિત કરવા, ટિકિટ વિના મુસાફરીને રોકવા અને સાચા મુસાફરો માટે વાજબી મુસાફરી વાતાવરણ પૂરું પાડવા પ્રત્યેની તેની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ઝોનના તમામ સ્ટેશનો અને ટ્રેનોમાં હાથ ધરવામાં આવેલી સઘન ટિકિટ તપાસ ઝુંબેશના પરિણામે મહિના દરમિયાન ટિકિટ વિના અથવા અનિયમિત ટિકિટ સાથે મુસાફરી કરતા 1,14,633 મુસાફરોને શોધી કાઢવામાં આવ્યા હતા, જે જૂન 2025 માં આવા 91,717 મુસાફરોને શોધી કાઢવામાં આવ્યા હતા, જે લગભગ 25% નો વધારો દર્શાવે છે.સતત અમલીકરણ પ્રયાસોને કારણે જૂન 2026 દરમિયાન ભાડા અને વધારાના શુલ્ક દ્વારા રૂ. 14.44 કરોડની વસૂલાત થઈ, જે ગયા વર્ષના સમાન મહિના દરમિયાન એકત્રિત કરાયેલા રૂ. 9.10 કરોડથી નોંધપાત્ર વધારો છે, જે આવકમાં લગભગ 59% નો વધારો દર્શાવે છે. કુલ તપાસમાંથી, ૮૧,૭૪૪ મુસાફરો ટિકિટ વિના મુસાફરી કરતા મળી આવ્યા હતા, જેનાથી ભાડું અને વધારાના ચાર્જમાં રૂ. ૧૧.૮૫ કરોડનું નુકસાન થયું હતું, જ્યારે ૩૨,૮૮૯ મુસાફરો અનિયમિત ટિકિટ સાથે મુસાફરી કરતા મળી આવ્યા હતા, જેનાથી રૂ. ૨.૫૯ કરોડની આવક





થઈ હતી. વધુમાં, NFR એ મહિના દરમિયાન દંડ વિનાના કેસ દ્વારા રૂ. ૪૬.૮૪ લાખની વસૂલાત કરી હતી, જ્યારે સામાન તપાસમાં પણ રેલવે સામાન બુકિંગ નિયમોનું પાલન સુનિશ્ચિત કરીને આવકમાં વધારો થયો હતો.જૂન ૨૦૨૫માં ૩૪૯ ડ્રાઈવની સરખામણીમાં, મહિના દરમિયાન સમગ્ર ઝોનમાં ૩૭૭ સઘન ટિકિટ ચેકિંગ ઝુંબેશ ચલાવવામાં આવી હતી, જે ટિકિટ ચેકિંગ સ્ટાફે ૩,૨૮૯ ટ્રેનોને આવરી લીધી હતી, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન ચેક કરાયેલી ૨,૨૧૭ ટ્રેનોની સરખામણીમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે, જે NFR દ્વારા તકેદારી અને આવક સુરક્ષા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે તે દર્શાવે છે.૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન સંચિત કામગીરી પણ પ્રોત્સાહક રહી છે. એપ્રિલથી જૂન 2026 સુધીમાં, NFR એ ટિકિટ વિનાના અને અનિયમિત મુસાફરીના 3,35,040 કેસ શોધી કાઢ્યા, જેનાથી ભાડા અને વધારાના ચાર્જ દ્વારા રૂ. 39.56 કરોડનું વળતર મળ્યું, જ્યારે 2025-26 ના સમાન સમયગાળા દરમિયાન 2,37,256 કેસ અને રૂ. 22.78 કરોડનું વળતર મળ્યું હતું. રેલ્વેએ આ સંચિત સમયગાળા દરમિયાન દંડ વિનાના કેસ દ્વારા રૂ. 1.42 કરોડની આવક પણ મેળવી, જે તેની ટિકિટ ચકાસણી પહેલની સતત અસરકારકતા પર પ્રકાશ પાડે છે.આ સિદ્ધિઓ NFR ના વાણિજ્યિક વિભાગ, ટિકિટ ચકાસણી સ્ટાફ અને ક્ષેત્રીય અધિકારીઓના સમર્પિત પ્રયાસોને રેખાંકિત કરે છે, જેઓ ટિકિટ વિનાના અને અનિયમિત મુસાફરીને નિરુત્સાહિત કરવા માટે નિયમિત આશ્ચર્યજનક નિરીક્ષણ અને ખાસ ઝુંબેશ ચલાવી રહ્યા છે. ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે ફરી એકવાર મુસાફરોને માન્ય ટિકિટ સાથે જ મુસાફરી કરવા, યોગ્ય મુસાફરી સત્તા રાખવા અને રેલવે નિયમો અનુસાર વધારાનો સામાન બુક કરવાની અપીલ કરે છે.

## ઈન્ટ્રા-વિલેજ રોડ કોડિંગ અને તેમની ગ્રેડિંગ સિસ્ટમ પર જાહેર પરામર્શ દસ્તાવેજ

નવી દિલ્હી: ભારત સરકાર 'ગ્રામીણ ભારત' દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં લાખો નાગરિકોના જીવનમાં પરિવર્તન લાવવા માટે એક અગ્રણી પગલું ભરી રહી છે. દેશમાં પ્રથમ વખત, ગામડાઓની અંદરના દરેક આંતરિક રસ્તાને કોડ અને ગ્રેડ આપવા માટે એક પ્રમાણિત ડિજિટલ સિસ્ટમ હશે. આ પહેલની પરિકલ્પના અને નેતૃત્વ પંચાયતી રાજ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું છે અને તેને સમગ્ર સરકારના અભિગમ (હોલ-ઓફ-ગવર્નમેન્ટ એપ્રોચ) દ્વારા લાગુ કરવામાં આવશે, જેમાં બહુવિધ મંત્રાલયો, વિભાગો અને એજન્સીઓ સાથે મળીને કામ કરશે.

પ્રસ્તાવિત ઈન્ટ્રા-વિલેજ રોડ કોડિંગ અને ગ્રેડિંગ સિસ્ટમ પર એક જાહેર પરામર્શ દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો છે, અને સિસ્ટમને આખરી ઓપ આપવામાં આવે તે પહેલાં મંત્રાલય નાગરિકો, સ્થાનિક સમુદાયો અને હિતધારકો પાસેથી સૂચનો અને પ્રતિભાવો (ફીડબેક) મંગાવે છે. જે સમસ્યાનું નિવારણ કરવામાં આવી રહ્યું છે: ભારત પાસે વિવિધ સરકારી યોજનાઓ હેઠળ વિકસિત થયેલું એક વ્યાપક ગ્રામીણ રોડ નેટવર્ક છે. જો કે, ગામડાઓની અંદરના આંતરિક રસ્તાઓ ક્યારેય વ્યવસ્થિત રીતે દસ્તાવેજીકૃત કે મેપ (નકશા પર અંકિત) કરવામાં આવ્યા નથી, જેના કારણે કેટલાક પડકારો ઉભા થાય છે: તબીબી કટોકટી (મેડિકલ ઈમરજન્સી) નો સામનો કરી રહેલી એમ્બ્યુલન્સોને ઘણીવાર સાચી ગલી કે રસ્તો શોધવામાં મુશ્કેલી પડે છે.

ટપાલ કર્મચારીઓ (પોસ્ટલ વર્કર્સ) અને કુરિયર સેવાઓ ગામના ચોક્કસ સરનામાં સુધી સચોટ રીતે પહોંચવામાં અસમર્થ રહે છે.

સરકારી અધિકારીઓ પાસે રસ્તાની જાળવણી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસના આયોજન માટે કોઈ વિશ્વસનીય ડેટાબેઝ નથી.

ફાયર બ્રિગેડ અને પોલીસ વાહનો જેવી કટોકટીની સેવાઓ ગંતવ્ય સ્થાન શોધવામાં કિંમતી સમય ગુમાવે છે.

ડિજિટલ નકશા (ડિજિટલ મેપ્સ) અને નેવિગેશન એપ્લિકેશન્સ ગામડાઓની અંદર સચોટ લાસ્ટ-માઈલ કનેક્ટિવિટી પ્રદાન કરવામાં અસમર્થ છે.

રસ્તાની યોગ્ય ઓળખ વિના મનરેગા (MGNREGA), પીએમજીએસવાય (PMGSY), અને પીએમજીવાય (PMGY) જેવી યોજનાઓનું અસરકારક રીતે નિરીક્ષણ અથવા અમલીકરણ કરી શકાતું નથી.

હાલમાં વિવિધ એજન્સીઓ અલગ-અલગ નામકરણ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે, સ્થાનિક સીમાચિહ્નો (લેન્ડમાર્ક્સ) નો અનૌપચારિક રીતે ઉપયોગ થાય છે, એક જ રસ્તો અલગ-અલગ રેકોર્ડમાં બહુવિધ નામો હેઠળ દેખાઈ શકે છે.

## કરુર દુર્ઘટનાની પીડા કોઈ સફળતા ભૂલાવી શકતી નથી વિજય

કરુર (તમિલનાડુ): તમિલનાડુના મુખ્યમંત્રી અને તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે) ના પ્રમુખ સી. જોસેફ વિજયે શુક્રવારે કરુર ખાતે વર્ષ ૨૦૨૫માં થયેલી દુર્ઘટનાને યાદ કરીને ભારે ભાવુકતા વ્યક્ત કરી હતી. ૪૧ નિર્દોષ લોકોનો ભોગ લેનારી આ સ્ટેમ્પિડ (ભાગદોડ) ની ઘટનાને તેમણે પોતાની રાજકીય સફરનો સૌથી ઊંડો અને ક્યારેય ન રૂઝાનારો ઘા ગણાવ્યો છે. કરુરના એટલાસ ગ્રાઉન્ડમાં એક વિશાળ જનમેદનીને સંબોધતા તેમણે પીડિત પરિવારોને સરકારી નોકરીના નિમણૂક પત્રોનું વિતરણ કર્યું હતું.

મુખ્યમંત્રી વિજયે આ દુર્ઘટનાના સંદર્ભમાં તત્કાલીન ડીએમકે સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, "જીવનમાં માણસ ગમે તેટલી ઊંચાઈ પ્રાપ્ત કરે, પરંતુ હૃદયમાં રહેલા કેટલાક દુઃખ અને ઘા ભૂલી શકાતા નથી. મને સૌથી વધુ અસર કરનાર પીડા કરુરની આ ઘટના છે." તેમણે આરોપ લગાવ્યો કે પોલીસે ભીડના વ્યવસ્થાપનમાં નિષ્ફળતા મેળવી હતી અને ભૂતકાળની સરકારે પોતાની નિષ્ફળતાનો ટોપલો તેમના પર ઢોળવાનો પ્રયાસ કર્યો હતો. વિજયે સવાલ ઉઠાવ્યો કે જ્યારે મોટી મેદની હતી, ત્યારે પોલીસે પર્યાપ્ત સુરક્ષા વ્યવસ્થા કેમ ન કરી?

વિજયે જણાવ્યું હતું કે તેમનો રાજ્યવ્યાપી 'પીપલ્સ મીટ' કાર્યક્રમ લોકો સાથે સીધો સંવાદ કરવાનો અને તેમની સમસ્યાઓ સમજવાનો હતો. તેમણે દાવો કર્યો કે કરુર કાર્યક્રમ પહેલા કોઈ ચેતવણી આપવામાં આવી ન હતી. વિજયે નિર્દોષ બાળકોના મૃત્યુ અંગે વાત કરતા કહ્યું, "જ્યારે ટેલિવિઝન પર મારો ફોટો આવતો ત્યારે બાળકો હસીને મને 'વિજય અંકલ' કહેતા. આપણે તે નિર્દોષ બાળકોને ગુમાવ્યા." તેમણે પીડિતોની સ્મૃતિમાં કરુરમાં એક સ્મારક બનાવવાની જાહેરાત કરી છે, જેથી ભવિષ્યની પેઢીઓને આ દુર્ઘટના યાદ રહે અને તેને રાજકીય રીતે ખરાબ ઈરાદાથી કોઈ વાપરી ન શકે.મુખ્યમંત્રીએ આ તકે ડીએમકે સરકાર પર ભ્રષ્ટાચાર અને રાજકીય દ્વેષપૂર્ણ કાર્યોનો આક્ષેપ કર્યો હતો અને લોકોને આગામી પેટા-ચૂંટણીમાં "દુષ્ટ શક્તિઓ" ને નકારી કાઢવા અપીલ કરી હતી.

## દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૯૪,૦૦૦ સરકારી સ્કૂલો બંધ, નીતિ આયોગનો ચોંકાવનારો રિપોર્ટ



નવી દિલ્હી: ભારતીય શિક્ષણ વ્યવસ્થાને લઈને નીતિ આયોગનો એક તાજેતરનો અહેવાલ ભારે ચિંતા જગાડનારો છે. 'સ્કૂલ એજ્યુકેશન સિસ્ટમ ઇન ઈન્ડિયા' શીર્ષક હેઠળના આ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે છેલ્લા એક દાયકામાં દેશમાં કુલ ૯૪,૦૦૦ સરકારી શાળાઓ બંધ થઈ ગઈ છે. આંકડાકીય દ્રષ્ટિએ જોઈએ તો, છેલ્લા ૧૦ વર્ષમાં દરરોજ સરેરાશ ૨૫ સરકારી શાળાઓને તાળાં લાગ્યા છે, જે ગ્રામીણ શિક્ષણ વ્યવસ્થા માટે મોટો ફટકો છે.રિપોર્ટ મુજબ, વર્ષ ૨૦૧૪-૧૫માં દેશમાં સરકારી શાળાઓની સંખ્યા ૧૧.૦૭ લાખ હતી, જે ૨૦૨૪-૨૫માં ઘટીને ૧૦.૧૩ લાખ થઈ ગઈ છે. આ સમયગાળામાં જ્યાં સરકારી શાળાઓ ઘટી છે, ત્યાં ખાનગી શાળાઓની સંખ્યા ૨.૮૮ લાખથી વધીને ૩.૩૯ લાખ સુધી પહોંચી ગઈ છે. આ સ્થિતિના કારણે કુલ વિદ્યાર્થીઓના એડમિશનમાં પણ ૨.૨૬ કરોડનો ઘટાડો જોવા મળ્યો છે. શાળાઓ બંધ થવા પાછળ સરકારની 'સ્કૂલ કન્સોલિડેશન' એટલે કે વિલીનીકરણની નીતિ મુખ્ય જવાબદાર છે. સરકારનો તર્ક છે કે તેનાથી સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ થશે. જોકે, સામાજિક કાર્યકરોનો દાવો છે કે ઘરની નજીકની શાળા બંધ થવાથી અંતર વધી જાય છે, જેના કારણે ખાસ કરીને છોકરીઓ અભ્યાસ અધવચ્ચે છોડી દે છે. ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ આ વિલીનીકરણથી સૌથી વધુ પ્રભાવિત રાજ્યો છે, જ્યાં અંદાજે ૪૦,૦૦૦ શાળાઓ બંધ કે મર્જ કરવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણ બાદ ડ્રોપઆઉટ રેટ વધવો એ શિક્ષણ જગત માટે સૌથી મોટું સંકટ છે. ધોરણ ૧ થી ૫ માં ડ્રોપઆઉટ રેટ ૦.૩% છે, પરંતુ માધ્યમિક સ્તર (ધોરણ ૯ અને ૧૦) સુધી પહોંચતા તે ૧૧.૫% સુધી પહોંચી જાય છે. વધુમાં, રિપોર્ટમાં એવું પણ તારણ નીકળ્યું છે કે ધોરણ ૯ના ઘણા વિદ્યાર્થીઓ પાયાના ગણિત જેવા કે ટકાવારી, અપૂર્ણાંક અને ગુણોત્તર સમજવામાં પણ અસમર્થ છે.

# કપાસ ઉત્પાદકો માટે ખુશખબર: 'મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી' હેઠળ હેક્ટર દીઠ રૂ.14 હજાર સુધી સહાય

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

દેશમાં કપાસનું ઉત્પાદન વધારવા અને ખેડૂતોની આવકમાં વધારો કરવા ભારત સરકારે વર્ષ 2026-27થી 'મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી' અમલમાં મૂક્યું છે. કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે આ યોજના હેઠળ ગુજરાતના કપાસ ઉત્પાદક ખેડૂતોને હેક્ટર દીઠ રૂ.14,000 સુધીની ઈનપુટ સહાય આપવામાં આવશે. રાજ્યમાં કપાસનું વાવેતર ધરાવતા 21 જિલ્લાઓના એક લાખ હેક્ટરથી વધુ વિસ્તારને આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. આ માટે ગુજરાતને



રૂ.134.80 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. યોજના મુજબ 90x30 સેમી અંતરે ક્લોઝર સ્પેસિંગ ટેક્નોલોજીથી કપાસનું વાવેતર કરનાર ખેડૂતોને પ્રતિ હેક્ટર રૂ.14,000, જ્યારે 90x60 સેમી અંતરે ઈન્ટિગ્રેટેડ ક્રોપ મેનેજમેન્ટ પદ્ધતિ અપનાવનાર ખેડૂતોને પ્રતિ હેક્ટર રૂ.7,500ની સહાય મળશે. એક ખેડૂતને વધુમાં વધુ બે હેક્ટર સુધી યોજનાનો લાભ મળશે. મંત્રીશ્રીએ જણાવ્યું કે સહાય મેળવવા માટે સરકાર માન્ય અથવા પ્રમાણિત કપાસના બિયારણનો ઉપયોગ અને ફાર્મર રજિસ્ટ્રી ફરજિયાત રહેશે. ઉપરાંત ખેડૂતોને આધુનિક ખેતી પદ્ધતિ અંગે તાલીમ પણ આપવામાં આવશે. આ યોજના માટે આજથી આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ શરૂ કરવામાં આવી છે. કૃષિ મંત્રીશ્રીએ પાત્ર ખેડૂતોને સમયસર અરજી કરીને યોજનાનો લાભ લેવા અપીલ કરી છે.

# પૂરગ્રસ્ત સુરતને ઝડપથી પૂર્વવત કરવા સરકારની કવાયત, 9,100થી વધુ પરિવારોનો સર્વે પૂર્ણ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ભારે વરસાદ અને પૂરની અસર બાદ સુરત શહેરમાં જનજીવન ઝડપથી સામાન્ય બને તે માટે રાજ્ય સરકારે યુદ્ધના ધોરણે રાહત અને પુનઃસ્થાપન કામગીરી શરૂ કરી છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી પાણીના નિકાલ, સ્વચ્છતા અને આરોગ્ય સેવાઓને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા અધિકારીઓને કડક સૂચના આપી હતી. સરકારના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં 9,100થી વધુ અસરગ્રસ્ત પરિવારોનો ડોર-ટુ-ડોર સર્વે પૂર્ણ



કરવામાં આવ્યો છે, જ્યારે 800થી વધુ પરિવારોને રૂ. 6,800 લેખે ઘરવખરી અને કેશડોલ સહાય તેમના ઘર સુધી પહોંચાડવામાં આવી છે. બાકીના લાભાર્થીઓને પણ તાત્કાલિક સહાય પહોંચાડવા અલગ-અલગ ટીમો કાર્યરત કરવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે શહેરના 58થી વધુ વિસ્તારોમાં દુકાનો અને વેપારને થયેલા નુકસાનનો સર્વે પણ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે, જેના આધારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સહાય અંગે નિર્ણય લેવામાં આવશે. જો કોઈ વિસ્તાર સર્વેમાંથી બાકી રહી ગયો હોય તો કલેક્ટર કચેરી ખાતે ખાસ હેલ્પલાઈન અને ઈન્ચાર્જ અધિકારીની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી ફરિયાદ મળતાં જ ટીમ મોકલી તાત્કાલિક સર્વે થઈ શકે.

## નવી 9 મહાનગરપાલિકાઓના વિકાસને વેગ: 11 જાહેર સુવિધા પ્રોજેક્ટ માટે પાંચ વર્ષ સુધી મફત જમીન મળશે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યની નવી રચાયેલી 9 મહાનગરપાલિકાઓના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહત્વપૂર્ણ અને દુરંદેશી નિર્ણય લીધો છે. આ નિર્ણય હેઠળ નવી મહાનગરપાલિકાઓને આગામી પાંચ વર્ષ સુધી નાગરિક સુખાકારીના 11 આવશ્યક જાહેર પ્રોજેક્ટ માટે જરૂરી સરકારી જમીન વિનામૂલ્યે ફાળવવામાં આવશે. આ યોજનાનો લાભ મહેસાણા, નડિયાદ, આણંદ, નવસારી, વાપી, મોરબી, ગાંધીધામ, સુરેન્દ્રનગર અને પોરબંદર મહાનગરપાલિકાને મળશે. નવી મહાનગરપાલિકાઓ ટ્રાન્ઝિશન તબક્કામાં હોવાથી અને તેમની હદમાં નવા વિસ્તારોનો સમાવેશ થતાં વિકાસકાર્યોને ઝડપ આપવા આ નિર્ણય લેવામાં આવ્યો છે. મફત જમીન ફાળવણી હેઠળ નગર સેવા સદન, ફાયર સ્ટેશન, એસટીપી, ડબ્લ્યુટીપી, ભૂગર્ભ ગટર યોજના, પંપિંગ સ્ટેશન, પાણી પુરવઠા યોજના, સોલિડ અને લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ, આંગણવાડી તેમજ ટાઉન હોલ, કોમ્યુનિટી હોલ અને કન્વેન્શન સેન્ટર જેવા કુલ 11 મહત્વના જાહેર પ્રોજેક્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# બાગાયત ક્ષેત્રે ગુજરાતને રાષ્ટ્રીય ગૌરવ, 'એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ-2026'થી સન્માનિત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

બાગાયત ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાતને નવી દિલ્હીમાં યોજાયેલા 17મા એગ્રીકલ્ચર લીડરશીપ કોન્ક્લેવ-2026માં પ્રતિષ્ઠિત 'એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ-2026' એનાયત કરવામાં આવ્યો છે. કેન્દ્રીય રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહના હસ્તે ગુજરાત સરકાર વતી કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ સન્માન સ્વીકાર્યું હતું. કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, આ એવોર્ડ માત્ર સરકારનો નહીં પરંતુ રાજ્યના



લાખો પરિશ્રમી ખેડૂતો, બાગાયત ક્ષેત્ર સાથે જોડાયેલા કર્મયોગીઓ અને કૃષિ વિભાગની સમગ્ર ટીમના પરિશ્રમનું સન્માન છે. તેમણે આ ગૌરવ રાજ્યના અન્નદાતાઓને સમર્પિત કર્યું હતું. તેમણે યાદ અપાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન કૃષિ મહોત્સવ, સોઈલ હેલ્થ કાર્ડ અને ટપક સિંચાઈ જેવી પહેલોના પરિણામે ગુજરાતને વર્ષ 2009, 2014 અને 2018માં પણ 'શ્રેષ્ઠ કૃષિ રાજ્ય' તરીકે એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ મળ્યો હતો.

## ગુજરાતના નેશનલ હાઈવે પ્રોજેક્ટની ઉચ્ચસ્તરીય સમીક્ષા, અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વે ભાવનગર સુધી લંબાવવાની કામગીરી ત્રણ મહિનામાં શરૂ થશે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં રાજ્યના નેશનલ હાઈવે પ્રોજેક્ટ્સની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં રાજ્યમાં ચાલી રહેલા વિવિધ હાઈવે અને એક્સપ્રેસ-વે પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં જાહેરાત કરવામાં આવી કે અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વેને ભાવનગર સુધી લંબાવવાની કામગીરી આગામી ત્રણ મહિનામાં શરૂ કરવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પાલનપુર-સામખિયાળી કોરિડોરના વિસ્તરણ કાર્યોને વધુ ઝડપથી પૂર્ણ કરવા કેન્દ્રીય મંત્રીને અનુરોધ કર્યો હતો. કેન્દ્રીય મંત્રી શ્રી નીતિન ગડકરીએ રાજ્ય સરકારને સેન્ટ્રલ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ હેઠળ નવા નેશનલ હાઈવે પ્રોજેક્ટ માટે દરખાસ્તો તાત્કાલિક મોકલવા સૂચન કર્યું હતું. તેમણે રોડના ડી પી આર તબક્કે જમીન સંપાદન સરળ બનાવવા માટે ગુજરાત સરકારે અપનાવેલા 60 દિવસ સુધી બિનખેતી મંજૂરી સ્થગિત રાખવાના મોડલને દેશ માટે ઉદાહરણરૂપ ગણાવ્યું હતું.

## પૂર અસરગ્રસ્ત પરિવારોની પડખે સરકાર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | સુરતમાં ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિ બાદ જનજીવન પૂર્વવત્ કરવા રાજ્ય સરકાર દ્વારા રાહત અને પુનર્વસનની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે ભટાર વિસ્તારના આંબેડકરનગર, આઝાદનગર, ઈન્દિરાનગર અને રસુલાબાદના ૨૦૦૦ અસરગ્રસ્ત પરિવારોને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે કેશડોલ, ઘરવખરી અને કપડા સહાય મળી કુલ રૂ. ૬૮૦૦ની આર્થિક સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# સિટી એક્સપ્રેસ

SATURDAY 11 JULY-2026

AHMEDABAD


## કેશોદ એરપોર્ટ પર 2027 સુધી એરબસ સેવા શરૂ કરવાનો લક્ષ્ય

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | કેન્દ્રીય શ્રમ અને રોજગાર તેમજ યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં જૂનાગઢ ખાતે વિકાસ કાર્યોની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે ચાલી રહેલા વિકાસ પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી ગુણવત્તાસભર, પારદર્શક અને સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. ડૉ. માંડવિયાએ જણાવ્યું કે સરકારનો અભિગમ કેશોદ એરપોર્ટ પર વર્ષ 2027 સુધીમાં એરબસ અને કાર્ગો ફ્લાઈટનું સંચાલન શરૂ કરવાનો છે.



### AMCના પદાધિકારીઓ-મંદિર ટ્રસ્ટીએ પણ નિરીક્ષણ કર્યું, ભયજનક મકાન પર પોલીસ-AMC કર્મચારી હાજર રહેશે

# CP સાથે ક્રાઈમ બ્રાન્ચનું રથયાત્રા રૂટ પર પેટ્રોલિંગ





## કેડસમા પાણી વચ્ચે સ્થાનિકોની વેદના- પાલિકાએ એકવાર ખીચડી ખાવા આપી, પછી કોઈ નથી આવ્યું

અમદાવાદ | ભગવાન જગન્નાથની 149મી રથયાત્રા 16 જુલાઈના રોજ નીકળવાની છે. રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં અને ભક્તો યોગ્ય રીતે દર્શન કરી શકે તેને લઈને અમદાવાદ શહેર પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર તડામાર તૈયારીઓ કરી રહ્યું છે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતે ક્રાઈમ બ્રાન્ચના ઉચ્ચ અધિકારીઓ સાથે રથયાત્રા રૂટ પર સુરક્ષાને લઈને પેટ્રોલિંગ કર્યું હતું. જ્યારે ભાજપના નેતાઓએ રૂટ ઉપર રોડ, ભયજનક મકાનો અને નાની મોટી વ્યવસ્થા અંગે રાઉન્ડ લઈને તૈયારીઓ અંગે સૂચના આપી હતી. સુરક્ષાને લઈને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. જેને કોમી એકતા યાત્રા નામ આપવામાં આવ્યું હતું. પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતની આગેવાનીમાં ક્રાઈમ બ્રાન્ચના જેસીપી શરદ સિંઘલ, ડીસીપી અજીત રાજિયન તેમજ એસ.ઓ.જી અને સાયબર ક્રાઈમ બ્રાન્ચ સહિતની ટીમો દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. કોઈપણ અફવા અને ભ્રામક માહિતી પર વિશ્વાસ ન રાખવા પોલીસે અપીલ કરી છે. પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે 149મી ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને અમદાવાદ શહેર પોલીસ સંપૂર્ણ તૈયાર છે. રથયાત્રાની પૂર્વ તૈયારીના ભાગરૂપે શહેરમાં લોકોમાં સુરક્ષાની ભાવના અને પોલીસ પ્રત્યે વિશ્વાસ વધારવાનો પ્રયાસ છે. ક્રાઈમ બ્રાન્ચ, SOG, સાયબર સેલ અને મહિલા વિંગ દ્વારા સંયુક્ત ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું છે. સરસપુર મંદિર સુધી આશરે 8 કિલોમીટરનું એરિયા ડોમિનેશન અને પેટ્રોલિંગ કરાયું છે. રથયાત્રા રૂટ પર લોકો સાથે સીધી વાતચીત કરીને વિશ્વાસ સ્થાપિત કરવામાં આવ્યો છે. રથયાત્રા શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણમાં યોજાય તે માટે પોલીસ કટિબદ્ધ છે. નાગરિકોને પોલીસની સૂચનાઓનું પાલન કરવા અને પોલીસ અને લોકોના સહયોગથી રથયાત્રા સફળતાપૂર્વક સંપન્ન કરવા માટે અપીલ કરવામાં આવી છે. રથયાત્રાને લઈને વહીવટી તંત્ર દ્વારા પણ તૈયારીઓ કરવામાં આવી રહી છે. મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સહિતના તમામ પદાધિકારીઓ અને મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા સંયુક્ત રીતે સમગ્ર રૂટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ વર્ષે રથયાત્રાના રૂટ પર આવતા જર્જરિત મકાનો, રસ્તાના સમારકામ અને વૃક્ષોના ટ્રિમિંગ સહિતની તમામ કામગીરી સમય પહેલાં જ પૂર્ણ કરી લેવામાં આવી છે, જેથી રથયાત્રા દરમિયાન ભક્તોને કોઈ મુશ્કેલી ન નડે. મેયર હિતેશ બારોટે જણાવ્યું કે, 16મી તારીખે નીકળનારી ભગવાન જગન્નાથની 149મી રથયાત્રાના રૂટનું આજે જગન્નાથ મંદિરના ટ્રસ્ટી, ડેપ્યુટી મેયર, ચેરમેન અને ધારાસભ્ય કૌશિકભાઈની આગેવાનીમાં નિરીક્ષણ કરવામાં આવ્યું છે. કોર્પોરેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આગોતરું આયોજન કરાયું છે, જેમાં રૂટ પરના તમામ જર્જરિત મકાનોને નોટિસ આપીને જે ઉતારવા જેવા ભાગ હતા તે ઉતારી લેવાયા છે અને સુરક્ષા માટે ત્યાં ગ્રીન કવર કે પતરા લગાડી દેવાયા છે. આ ઉપરાંત રથને કે શ્રદ્ધાળુઓને અડચણ ન થાય તે માટે મોટા વૃક્ષોનું નિરીક્ષણ કરી તેનું ટ્રિમિંગ કરવામાં આવશે.

### પોલીસ બંદોબસ્તની સાથે કોર્પોરેશનની ટીમ હાજર રહેશે: મેયર

મેયર હિતેશ બારોટે જણાવ્યું કે, 16મી તારીખે નીકળનારી ભગવાન જગન્નાથની 149મી રથયાત્રાના રૂટનું આજે જગન્નાથ મંદિરના ટ્રસ્ટી, ડેપ્યુટી મેયર, ચેરમેન અને ધારાસભ્ય કૌશિકભાઈની આગેવાનીમાં નિરીક્ષણ કરવામાં આવ્યું છે. કોર્પોરેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આગોતરું આયોજન કરાયું છે, જેમાં રૂટ પરના તમામ જર્જરિત મકાનોને નોટિસ આપીને જે ઉતારવા જેવા ભાગ હતા તે ઉતારી લેવાયા છે અને સુરક્ષા માટે ત્યાં ગ્રીન કવર કે પતરા લગાડી દેવાયા છે. આ ઉપરાંત રથને કે શ્રદ્ધાળુઓને અડચણ ન થાય તે માટે મોટા વૃક્ષોનું નિરીક્ષણ કરી તેનું ટ્રિમિંગ કરવામાં આવશે. રથયાત્રાના દિવસે આવા જર્જરિત મકાનો પર લોકો એકઠા ન થાય તે માટે પોલીસ બંદોબસ્તની સાથે કોર્પોરેશનની ટીમ પણ ત્યાં ખાસ હાજર રહેશે.

# DPSની બસે અડફેટે લેતા મોપેડ પર જતા યુવકનું ઘટનાસ્થળે મોત

### ડ્રાઈવર-કંડકટર બસ અને બાળકોને મૂકીને ફરાર, લોકોના ટોળા ઉમટ્યાં, અમદાવાદની ઘટના




અમદાવાદ | શુક્રવારે બપોરે 2:15 વાગ્યાની આસપાસ શાસ્ત્રીનગર રોડ પલ્લવ ચાર રસ્તા પાસે ડીપીએસ સ્કૂલની બસે મોપેડ પર જતા એક યુવકને અડફેટ લેતા યુવકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું છે. અકસ્માત બાદ ડીપીએસ બસના ડ્રાઈવર અને કંડકટર બંને બસ અને બાળકોને ત્યાં જ મૂકીને ફરાર થઈ ગયા હતા.

શહેરના શાસ્ત્રીનગર વિસ્તારમાં પલ્લવ ચાર રસ્તા પાસે બપોરના સમયે ઈલેકટ્રિક સ્કૂટર પર યુવક જઈ રહ્યો હતો ત્યારે ચાર રસ્તા પાસે બોપલ DPS સ્કૂલના બસ ચાલકે સ્કૂટર ચાલકને અડફેટે લીધો હતો. જેના કારણે બસની નીચે આવી જતા યુવકનું ઘટનાસ્થળ પર જ મોત થયું છે. ઘટનાની જાણ ટ્રાફિક પોલીસને થતાં બી ડિવિઝન ટ્રાફિક પોલીસ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી.

ઘટના સ્થળ પર લોકોના ટોળેટોળા ભેગા થઈ ગયા હતા. બસ ચાલક બસ મૂકીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. પોલીસ સ્થળ ઉપર પહોંચી ત્યારે લોકોના ટોળા ભેગા થયા હતા અને આ બાબતે યુવકની ઓળખ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. પોલીસ દ્વારા યુવક કોણ છે તેની તપાસ કરી તેના પરિવારજનોને જાણ કરવાની અને લાશને પીએમ માટે મોકલવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# કેશોદ એરપોર્ટ પર ૨૦૨૭ સુધીમાં એરબસ લેન્ડીગ થાય તે સરકારનો અભિગમ : કેન્દ્રિય મંત્રી ડૉ. માંડવિયા

### જૂનાગઢ ખાતે વિકાસ કાર્યોની સમીક્ષા બેઠક યોજાઈ : કેન્દ્રિય મંત્રી ડૉ. માંડવિયાએ ઝડપી, પારદર્શક કામગીરી પર મૂક્યો ભાર

જૂનાગઢ તા.૧૦/૭/૨૦૨૬ જૂનાગઢ ખાતે આજે પોરબંદરના સાંસદ તથા કેન્દ્રીય શ્રમ અને રોજગાર તેમજ યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં વિકાસ કાર્યોની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી ડૉ. માંડવિયાએ જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યોની વિગતવાર સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓ પાસેથી પ્રગતિનો અહેવાલ મેળવ્યો હતો. તેમણે વિકાસ કાર્યો ગુણવત્તાસભર, પારદર્શક અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા.

બેઠક દરમિયાન ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે કેશોદ એરપોર્ટ પર વર્ષ ૨૦૨૭ સુધીમાં એરબસ અને કાર્ગો ફ્લાઈટનું સંચાલન શરૂ થાય તે સરકારનો અભિગમ છે. આ લક્ષ્યને સમયસર સિદ્ધ કરવા માટે સંબંધિત વિભાગોના અધિકારીઓને કામગીરીમાં વધુ ઝડપ લાવવા તાકીદ કરી હતી. તાજેતરમાં જૂનાગઢ પંથકમાં ચોમાસા દરમિયાન થયેલા ભારે વરસાદને કારણે થયેલા નુકસાન અંગે પણ તેમણે વિગતવાર માહિતી મેળવી હતી. સંભવિત કુદરતી આપત્તિઓને ધ્યાનમાં રાખી ડિઝાસ્ટર મેનેજમેન્ટ સહિતના તમામ સંબંધિત વિભાગોને સતત સતર્ક રહી જરૂરી બચાવ અને રાહત કામગીરી માટે સજ્જ રહેવા સૂચના આપી હતી.



કેન્દ્રીય મંત્રીએ ખેડૂતો તથા સામાન્ય નાગરિકોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે માટે અસરકારક આયોજન અને ઝડપી કાર્યવાહી સુનિશ્ચિત કરવા અધિકારીઓને જણાવ્યું હતું. ઉપરાંત ઘેડ પંથકમાં હાથ ધરાયેલી વિવિધ કામગીરીની પણ સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

# કેન્દ્રીય રાજમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટલે રાજ્યના નેશનલ હાઈવેના કામોની સર્વગ્રાહી સમીક્ષા માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી

### DPR તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં હોય તેવા તબક્કે રોડ અલાઈનમેન્ટમાં આવતી જમીનના સંપાદનની સરળતા માટે બિનખેતી મંજૂરી અંગેની કાર્યવાહી 60 દિવસ માટે સ્થગિત કરવાનું ગુજરાત મોડલ દેશ માટે ઉદાહરણરૂપ

ગુજરાત | ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરીએ ગુજરાતના નેશનલ હાઈવેના કામોની સર્વગ્રાહી સમીક્ષા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો સાથે ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી.

તેમણે નવેમ્બર-2025માં રાજ્ય સરકાર સાથે યોજેલી બેઠકના સંદર્ભે થયેલી જે કામગીરી પ્રગતિ થઈ છે તેની વિગતો આ બેઠકમાં મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ અને મુખ્યમંત્રીશ્રીના સલાહકાર શ્રી એસ. એસ. રાઠૌરે આપી હતી, તે અંગે કેન્દ્રીય મંત્રીશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો હતો. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના સલાહકારશ્રીએ કરેલા પ્રેઝન્ટેશનમાં મુખ્યત્વે વડોદરા-મુંબઈ નેશનલ હાઈવે-48ના સિક્સ લેન, મોરબી-સામખિયાળી માર્ગ પરના સામખિયાળી-માળિયા સેક્શન પરના કામો, રાજકોટ-ગોંડલ-જેતપુર રોડ, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વે, અમદાવાદ-ગોધરા-ઈન્દોર રોડ તેમજ જામનગર-અમૃતસર એક્સપ્રેસ-વે, પાલનપુર-સામખિયાળી કોરિડોર અને અમદાવાદ-શામળાજી સિક્સ લેન પ્રોજેક્ટ્સની વિગતો આપી હતી. રાજ્યમાં નેશનલ હાઈવે ઓથોરિટી અંતર્ગતના જે પ્રોજેક્ટ્સની કામગીરી ચાલી રહી છે, તેની વિસ્તૃત સમીક્ષા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે કરતા કેન્દ્રીય મંત્રી શ્રી નીતિન ગડકરીએ જણાવ્યું કે, અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વે ને ભાવનગર સુધી લંબાવવાનું કામ આગામી ત્રણ મહિનામાં શરૂ કરાશે.

એટલું જ નહિ, સેન્ટ્રલ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાંથી રાજ્યના નેશનલ હાઈવેના કામો માટે ફંડ મેળવવા અંગેની દરખાસ્તો ત્વરાએ કેન્દ્રીય મંત્રાલયને મોકલી આપવા તેમણે અનુરોધ કર્યો હતો. કેન્દ્રીય મંત્રી શ્રી ગડકરીજીએ માર્ગોના DPR તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં હોય તેવા તબક્કે રોડ અલાઈનમેન્ટમાં આવતી જમીનના સંપાદનની સરળતા માટે બિનખેતી મંજૂરી અંગેની કાર્યવાહી 60 દિવસ માટે સ્થગિત કરવાનું જે મોડલ ગુજરાતે અપનાવ્યું છે તે માટે મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપતા જણાવ્યું કે, ગુજરાતનું મોડલ સમગ્ર દેશ માટે ઉદાહરણરૂપ બની શકે તેમ છે.

રાજ્ય સરકારના વિવિધ વિભાગો વચ્ચેના સુચારું સંકલનના પરિણામે રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જમીન સંપાદન સહિતના કામોમાં ગતિ આવી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પાલનપુર-સામખિયાળી કોરિડોરના કામોમાં ઝડપ લાવવા માટે કેન્દ્રીય મંત્રીશ્રીને અનુરોધ કર્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અપનાવેલો પર્યાવરણપ્રિય વિકાસનો અભિગમ આગળ ધપાવતા શ્રી ગડકરીજીએ વિવિધ માર્ગોના રોડ વિસ્તરણ અલાઈનમેન્ટમાં આવતા વૃક્ષોનું તે જ રોડ પર અન્યત્ર ટ્રાન્સપ્લાન્ટ કરીને રોડ વિસ્તરણ થાય તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતિ ડૉ. જયંતિ રવિ, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતિ ડૉ. અંજુ શર્મા, NHAIના ટેકનિકલ મેમ્બર શ્રી આલોક દીપાંકર, રાજમાર્ગ મંત્રાલયના ચીફ એન્જિનીયર શ્રી મનોજ કુમાર, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, વન પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ શ્રી ડૉ. વિનોદ રાવ અને મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી ડૉ. વિક્રાંત પાંડે તેમજ માર્ગ-મકાન સચિવ શ્રી પ્રભાત પટેલિયા, ખાસ સચિવશ્રી ગાંધી તથા NHAIના અને રાજ્ય સરકારના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બુલેટ ટ્રેન પ્રોજેક્ટની મોટી સિદ્ધિ: સાબરમતીમાં 3 કલાકમાં ૧,૬૦૦ ટન વજનના બીમનું સફળ લોન્ચિંગ

પશ્ચિમ રેલવે | અમદાવાદ

અમદાવાદ-મુંબઈ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ અંતર્ગત સાબરમતી ખાતે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ નોંધાઈ છે. પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળના સાબરમતી વિસ્તારમાં કાર્યરત મુખ્ય રેલવે લાઈન ઉપર અત્યંત જટિલ અને ઉચ્ચ સ્તરની એન્જિનિરીંગ કાર્યને સફળતાપૂર્વક પાર પાડતાં, 1,600 મેટ્રિક ટન વજનના વિશાળ પ્રીકાસ્ટ આર.સી.સી. (RCC) પોર્ટલ બીમનું માત્ર 3 કલાકના નિર્ધારિત ટ્રાફિક અને પાવર બ્લોક દરમિયાન સફળતાપૂર્વક પ્રક્ષેપણ (લૉન્ચિંગ) કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ ભારતીય રેલવેના માળખાકીય વિકાસમાં તકનીકી શ્રેષ્ઠતા, ચોકસાઈભર્યું આયોજન અને સુરક્ષિત અમલીકરણનું ઉત્તમ ઉદાહરણ છે. ઓપરેશનની મુખ્ય વિશેષતાઓ: આ પડકારજનક કાર્યને અત્યંત ચોકસાઈ સાથે સંપન્ન કરવામાં આવ્યું.અભૂતપૂર્વ ચોકસાઈ: સાબરમતી



ખાતે કાર્યરત મુખ્ય રેલવે લાઈન ઉપર 34.5 મીટર + 5.5 મીટર + 4.5 મીટર કદના અને 1,600 મેટ્રિક ટન વજન ધરાવતા વિશાળ પ્રીકાસ્ટ પોર્ટલ બીમનું માત્ર 3 કલાકના મર્યાદિત ટ્રાફિક અને પાવર બ્લોક દરમિયાન સફળતાપૂર્વક સ્થાપન કરવામાં આવ્યું. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ: આ ભારે કામગીરીને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે 2,200 ટન ક્ષમતા ધરાવતી અત્યાધુનિક ક્રોલર ક્રેન (Crawler Crane)નો ઉપયોગ કરવામાં આવ્યો. શૂન્ય વિક્ષેપ (Zero Disruption): સમગ્ર કામગીરી અત્યંત સુરક્ષિત રીતે પૂર્ણ કરવામાં આવી. કામગીરી દરમિયાન એક પણ અકસ્માત નોંધાયો નહીં અને સૌથી મહત્વની વાત એ રહી કે મુસાફર ટ્રેનોની નિયમિત અવરજવરમાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ આવ્યો નહીં.સમયસર પુનઃસ્થાપન: કામગીરી પૂર્ણ થતાં જ રેલવે ટ્રેક અને ઓવરહેડ ઈક્વિપમેન્ટ (OHE)ને નિર્ધારિત સમયમર્યાદામાં સંપૂર્ણ સુરક્ષા અને ચોક્કસ એલાઈનમેન્ટ સાથે પુનઃસ્થાપિત કરવામાં આવ્યા. એન્જિનિરીંગ કૌશલ્યનું ઉત્તમ ઉદાહરણ : આ સિદ્ધિ અંગે વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, 'આ ઉપલબ્ધિ રેલવેના એન્જિનિરીંગ કૌશલ્ય અને સલામતીના ઉચ્ચ ધોરણો પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનું જીવંત ઉદાહરણ છે. કાર્યરત રેલવે લાઈન ઉપર આટલા ભારે વજનના પોર્ટલ બીમને કોઈપણ પ્રકારના વિક્ષેપ વિના સ્થાપિત કરવું એક મોટો પડકાર હતો, જેને અમારી ટીમે અસાધારણ આયોજન, સુમેળ અને ચોકસાઈ સાથે સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે.' આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ ભારતીય રેલવેની તકનીકી કુશળતા અને કામગીરીની શ્રેષ્ઠતાને ઉજાગર કરે છે તેમજ ભવિષ્યમાં હાથ ધરાનારી મોટી માળખાકીય વિકાસ યોજનાઓ માટે એક નવો માપદંડ સ્થાપિત કરે છે.

## રેલવે તંત્ર અને ધારાસભ્ય વચ્ચે મહત્વની બેઠક

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ અંતર્ગત કટોસણ રોડ-રાણુજ રેલખંડ પર રેલવે સંરક્ષા આયુક્ત (સીઆરએસ) શ્રી ઈ. શ્રીનિવાસ દ્વારા કરવામાં આવી રહેલા સંરક્ષા નિરીક્ષણ દરમિયાન બહુચરાજીના ધારાસભ્ય શ્રી સુખાજી સોમાજી ઠાકોરે મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશ સાથે મુલાકાત કરી.સુરક્ષા નિરીક્ષણના બીજા દિવસે બહુચરાજી રેલવે સ્ટેશન પર ધારાસભ્ય શ્રી સુખાજી સોમાજી ઠાકોરે રેલવે સુરક્ષા આયુક્ત (સીઆરએસ) શ્રી ઈ. શ્રીનિવાસ અને મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ સાથે સ્થાનિક જનપ્રતિનિધિઓ તથા નાગરિકોની ઉપસ્થિતિમાં ચર્ચા કરી. આ દરમિયાન, વિસ્તારના રહેવાસીઓએ કટોસણ રોડ-રાણુજ રેલખંડ પર મુસાફર રેલ સેવાઓ શરૂ કરવાની દિશામાં થઈ રહેલી પ્રગતિ અંગે ખુશી વ્યક્ત કરી અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તથા રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો.સ્થાનિક નાગરિકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે રેલવે સંરક્ષા આયુક્ત ની મંજૂરી મળ્યા બાદ આ રેલખંડ પર મુસાફર રેલ સેવાઓ શરૂ થવાથી દેશભરમાંથી આવતા શ્રદ્ધાળુઓને મા બહુચરાજી મંદિર સુધી વધુ સરળ, સુરક્ષિત અને સુવિધાજનક



રેલ સંપર્ક ઉપલબ્ધ થશે. તેમજ આ વિસ્તારના વેપાર, પ્રવાસન અને સ્થાનિક અર્થતંત્રને પણ નવી ગતિ મળશે. ધારાસભ્ય શ્રી સુખાજી સોમાજી ઠાકોરે પણ આ પરિયોજનાને વિસ્તારના વિકાસની દૃષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ ગણાવી પશ્ચિમ રેલવે દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની પ્રશંસા કરી.મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ દ્વારા બહુચરાજી રેલવે સ્ટેશન તથા રેલવે કોલોનીનું નિરીક્ષણ કરવામાં આવ્યું. નિરીક્ષણ દરમિયાન ધારાસભ્ય શ્રી સુખાજી સોમાજી ઠાકોરે સ્ટેશન અને રેલવે કોલોનીમાં ખારા પાણીની સમસ્યા તરફ ધ્યાન દોર્યું. તેમણે જણાવ્યું કે આ સમસ્યાના કારણે રેલ મુસાફરો, રેલવે કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને દૈનિક ઉપયોગમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.ધારાસભ્ય શ્રી ઠાકોરે સ્થાનિક નગરપાલિકા સાથે સમન્વય સ્થાપિત કરી સમસ્યાના ઝડપી ઉકેલ માટે જરૂરી પગલાં લેવા અનુરોધ કર્યો. મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે આ સમસ્યાને ગંભીરતાથી ધ્યાનમાં લેતા આશ્વાસન આપ્યું કે તેના ઉકેલ માટે સ્થાનિક નગરપાલિકા તથા સંબંધિત વિભાગો સાથે સમન્વય સ્થાપિત કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...